بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-જુન-૨૦૧૨**

જમાદિઉલ આખર-રજબુલ મુરજ્જબ

હિજરી સન : ૧૪૩૩

વર્ષ : ૦૯, અંક : ૦૬, સળંગ અંક : ૧૦૨

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



પત્ર વ્યવહારનુ સરનામું

**બરકાતે ખ્વાજા (માસિક)** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


## ★ લવાજમ ★

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.Sc.)


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| ૦૧ | જરૂરત છે વર્ચસ્વવાળા લોકો સુધી દીનનો........ | ૦૨ |
| ૦૨ | નબી-વલીથી મદદ માગવી ન શિર્ક છે ન બિદઅત ! | ૦૩ |
| ૦૩ | તફસીરે ઝિયાઉલ કુર્આન | ૧૧ |
| ૦૪ | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | ૧૩ |
| ૦૫ | હ્દાઈકે બખ્શિશ | ૧૫ |
| ૦૬ | અવલિયા અલ્લાહની કરામતો | ૧૮ |
| ૦૭ | હશ્ત બહિશ્ત (મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત) | ૧૯ |
| ૦૮ | નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી..... | ૨૧ |
| ૦૯ | કાનૂને શરીઅત | ૨૩ |
| ૧૦ | ગલતફહમીઓ તથા તેની સુધારણા | ૨૬ત્ર |
| ૧૧ | એક મહત્વનો જરૂરી ફત્વો | ૨૭ |
| ૧૨ | દીની કિતાબોના વાંચનનું મહત્વ અને આપણે | ૨૮ |
| ૧૩ | નિકાહમાં ઓછામાં ઓછી મહેર કેટલી રાખી શકાય ? | ૩૩ |
| ૧૪ | ૧૯મા ફિક્હી સેમીનારના ફેંસલા | ૩૪ |
| ૧૫ | શું યહૂદી તથા ઈસાઈ ઈમાનવાળા છે ?! | ૩૭ |
| ૧૬ | હિંદમાં ઈસાઈઓની ધર્મ પ્રચારની પ્રવૃત્તિઓ.... | ૪૧ |
| ૧૭ | ૨૭ રજબે શબે મેઅરાજ વિશે મશ્હૂર....... | ૪૪ |
| ૧૮ | બરકાતે ખ્વાજાની ટપાલ | ૪૬ |


### ખ્વાજએ હિંદ رحمۃ اللہ علیہ વોહ દરબાર હૈ આ'લા તેરા

અઝ : હઝરત હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ

ખ્વાજાએ હિંદ વોહ દરબાર હૈ આ'લા તેરા
કભી મેહરૂમ નહીં માંગનેવાલા તેરા
હૈ તેરી ઝાત અજબ બહ્રે હકીકત પ્યારે
કિસી તૈરાકને પાયા ન કિનારા તેરા
ગુલશને હિંદ કે શાદાબ કલેજે ઠંડે
વાહ રે ! અબ્રે કરમ રોઝ બરસના તેરા
તેરે ઝર્રે પે મઆસીકી ઘટા છાઈ હૈ
ઈસ તરફ ભી કભી એ મેહર હો જલ્વા તેરા
ફિર મુઝે અપના દરે પાક દિખા દે પ્યારે
આંખે પુરનૂર હોં ફિર દેખકે જલ્વા તેરા
કયૂં ન બગદાદ મેં જારી હો તેરા ચશ્મા એ ફૈઝ
બહ્રે બગદાદ હી કી નહેર હૈ દરયા તેરા
જબસે તૂને કદમે ગૌષ લિયા હૈ સર પર
ઔલિયા સર પે કદમ લેતે હૈં શાહા તેરા
મુહયુદ્દીન ગૌષ હંય ઔર ખ્વાજા મુઈનુદ્દીન
ઐ **'હસન'** કતયૂં ન હો મેહફૂઝ અકીદા તેરા

# જરૂરત છે વર્ચસ્વવાળા લોકો સુધી દીનનો પયગામ પહોંચાડવાની

અઝ : **હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી** *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

એને અલ્લાહની મસ્લેહત કહો કે વર્તમાન માહોલનું જોર કહો આજે ઈસ્લામની વાકેફિયતનો શોખ વધતો જઈ રહ્યો છે અને દીનના નામ પર ખિદમત અંજામ આપવાવાળી તેહરીકો અને વ્યક્તિતઓની પણ કમી નથી રહી, પરંતુ દા'વતનું કામ કઈ રીતે શરૂ કરવામાં આવે, કોનાથી શરૂ કરવામાં આવે અને એના માટે કેવા પ્લાન રચવામાં આવે, એ સિલસિલામાં આપણી પાસે ન અસરકારક એવો કોઈ તરીકો છે અને ન મજબૂત બંધારણ. ઈલ્લા માશા અલ્લાહ ! એનું પરિણામ એ છે કે આપણી દા'વત અસરકારકતતા વગરની અને મર્યાદિત પણ છે.

રહમતે આલમ ﷺની જિંદગી દરેક જગ્યાએ આપણી રહનુમાઈ કરે છે. જરા વિચારો કે રહમતે આલમ ﷺની દા'વત ક્રાંતિકારી હોવાનું કારણ શું છે ? અસલમાં રહમતે આલમ ﷺની દા'વતનું સૌ પ્રથમ સંબોધન પામનાર સમાજના પ્રભાવશાળી લોકો હતા. (સૌ પ્રથમ તેમને દા'વત આપવામાં આવી). તેમના દા'વત કબૂલ કર્યા પછી તેમની અસર હેઠળના લોકોનું દા'વત કબૂલ કરી લેવું સરળ હોય છે. એ વાત પોતાની જગ્યાએ મુસલ્લમ (સાબિત) છે કે સમાજના આ પ્રભાવશાળી લોકો સુધી દીનની દા'વત પહોંચવામાં દાઈને મુશ્કેલી પડે છે અને ત્યાં સુધી પહોંચાડવામાં દા'વત આપનાર લઘુતાગ્રંથિનો શિકાર પણ થાય છે. પરંતુ હકીકત એ છે કે એમનાથી ફકતત અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّی اللّٰہُ عَلَیْہِ وَسَلَّمَની રઝા માટે મુલાકાત કરવામાં આવે કે એમના કારણે એક મોટા તબકામાં ઈન્કિલાબ પૈદા થશે. તો અલ્લાહ તઆલા આ ઈખ્લાસની બુનિયાદ પર આપણી મદદ ફર્માવશે અને એના ઘણા ફાયદાઓ થશે. આ કેટલા અફસોસની વાત છે કે આજે આપણે સમાજના પ્રભાવશાળી લોકોને ફકતત ચંદા માટે યાદ કરીએ છીએ અને એમના સુધી દીન પહોંચાડવાના કામથી આંખ આડા કાન કરીએ છીએ. આની જગ્યાએ જો બાતિલ ફિર્કાઓને જોવામાં આવે તો એ મહેસૂસ થાય છે કે ત્યાં સમાજના પ્રભાવશાળી લોકો દરેક પ્રકારની કુર્બાનીઓ આપે છે. એ ફકતત માલની કુર્બાની નથી આપતા પણ પોતાના ખયાલોના પ્રચાર માટે તન, મન, ધન દરેક રીતે પ્રયત્નશીલ રહે છે. જ્યારે કે આપણે ત્યાં ફકતત માલની કુર્બાની સિવાય બીજી કુર્બાનીની લોકો કલ્પના પણ નથી કરતા. આ સ્થિતિમાં જાહેર છે કે જે ફાયદાઓ અને લાભો તેમને હાંસલ થાય છે તે આપણને હાંસલ નથી થતા. આપણી દા'વતનું કામ ફકતત આમ લોકોમાં થઈ રહ્યું છે. ખરેખર આમ લોકોમાં કામ થવું જોઈએ પણ એ પણ યાદ રાખવું જોઈએ કે સમાજનું બનવું તથા બગડવું સમાજના આગેવાન લોકો પર આધારિત છે. **الناس علیٰ دین ملوکھم** એને આપણે હઝરત ઈમામે આલી મકામ رضی اللہ عنہની કુર્બાનીઓ પરથી પણ સમજી શકીએ છીએ. ઈમામે જોયું કે યઝીદ ફાસિક તથા ફાજિર છે, જો એની બયઅત કબૂલ કરી લેવામાં આવી તો આખો સમાજ ફાસિક તથા ફાજિર બની જશે, માટે જાન આપી દીધી પણ બયઅતનો ઈન્કાર કર્યો. જ્યારે કે એ સમયે ફાસિકો ફાજિર લોકોની કમી ન હતી. એનું એક જ કારણ એ હતું કે યઝીદ જેવા પ્રભાવશાળીનું એ કામોમાં (જુર્મમાં) સપડાવું તેના હેઠળના લોકોના પણ સપડાવાનો સબબ હતું. ઈમામે આલી મકામ رضی اللہ عنہએ પોતાના આ અમલથી કયામત સુધી પૈદા થવાવાળા ઈન્સાનો માટે એ દર્સ આપ્યો કે **જો આગેવાન લોકો બરાબર હશે તો તેમની હેઠળના લોકો પણ બરાબર હશે, અને જો એ બગડેલા હશે તો સમાજ પણ ફાસિકો તથા ફાજિરોનો અડ્ડો બની જશે.** માટે આપણે જોઈએ કે બંને વર્ગ (તબકા) માટે દા'વત તથા ઈસ્લાહનું કામ કરીએ બલ્કે સૌથી વધુ કોશિશ એવી કરવી જોઈએ કે આગેવાન અને પ્રતિનિધિ લોકો સુધી આપણે પયગામ પહોંચાડીએ, કેમ કે એનાથી એમના હેઠળના લોકો પણ આપણો પયગામ કબૂલ કરશે. પ્રભાવશાળી લોકોથી ફકતત માલ ન લો બલ્કે દીન એવી રીતે એમને પીવડાવી દો કે એ પોતાનું બધું જ દીન પર લૂટાવવાની સાથે સાથે પોતાની હાથ નીચેના લોકોને પણ દીનના આમિલ બનાવશે.

પ્રભાવશાળી અને પ્રતિનિધિ લોકોને દીનથી નજીક કરવા માટે શું શું કરવું જોઈએ ? આ સિલસિલામાં આપણે સૌએ સાથે મળીને વિચારવું જોઈએ. જાહેર છે કે એ લોકો આપણા વર્તમાન રિવાજ મુજબના જલ્સાઓમાં હાજરી આપવાથી દૂર રહ્યા, એના કારણો જગ જાહેર છે. આવા લોકો માટે એમની શાનને પાત્ર (પસંદ આવે એવા) પ્રોગ્રામ (જલ્સા) કરવામાં આવે જે સમયસર શરૂ અને સમયસર પૂર્ણ થાય. એમના માટે એવા મુબલ્લિગ અને સ્કોલર તૈયાર કરવામાં આવે જે તેમને અસર થાય એવી રીતે દીન સમજાવે, એમની ઈસ્લાહ અને તર્બિયત માટે અને એમના દિમાગી વસવસાઓને દૂર કરવા માટે અર્વાચીન ઝરીઆ તથા વર્તમાન તરીકાઓ મુજબ સાહિત્ય (લિટરેચર) એમના સુધી પહોંચાડવામાં આવે. જો આ થઈ ગયું તો ઈન્શાઅલ્લાહ ! ખૂબ મોટો ઈન્કિલાબ પૈદા થઈ શકે છે અને પછી આપણને દા'વત અને તબ્લીગ કરવામાં વધુ મહેનત કરવાની જરૂરત નહીં પડે, કેમ કે આમ લોકો પણ દીનના પયગામમાં આપોઆપ ખેંચાયને આવશે.

# નબી-વલીથી મદદ માગવી

# ન શિર્ક છે ન બિદઅત !

તંત્રી લેખ

ઘણા જ અફસોસની વાત છે કે વર્તમાનકાળમાં લોકો દુનિયા કમાવાની લાયમાં કે એશ આરામથી રહીને દીનથી બેપરવા બનીને જીવવામાં ઈમાન તથા અક઼ીદા તેમજ અમલો વિશેનું જ્ઞાન કે જે "ફર્ઝે અયન" છે તેને સમજવા શીખવાની પણ દરકાર નથી કરતા અને છેવટે ગુમરાહીના કે ગુમરાહ ફિર્ક઼ાના શિકાર બનીને પોતાની આખેરતને બર્બાદ કરી મૂકે છે. હાલમાં જ કહેવાતા સુન્નીઓ થકી કેટલાક ઠેકાણેથી મને આવી બોલી બોલાતી સાંભળવામાં આવી કે, "આજકાલના આપણા મોલ્વી આલિમો જ હવે શિર્ક તથા બિદઅતમાં પડી ચૂકતયા છે અને નબી તથા વલીથી ડાયરેકતટ મદદો માગી રહ્યા છે !" આવું કહેવાતા સુન્ની ભાઈ કહી રહ્યા છે ! **આ છે વહાબી દેવબંદીઓ સાથે સગાઈ તથા મેલજોલ તથા દોસ્તીનું પરિણામ !** શિર્ક કરનાર ઈસ્લામથી જ નીકળી જાય છે, એવું એમને જ્ઞાન હોવું જોઈએ, જેથી એમના આ બોલવાનો અર્થ શો થયો તે પોતે સમજે ! આવું બોલનારે "શિર્ક" તથા "બિદઅત" કોને કહેવાય તે પ્રથમ શીખવું તથા સમજવું જોઈએ ! જો સુન્ની બાઅમલ આલિમથી સોહબત રાખી હોત, તથા દીની કિતાબો, સીરતની તથા અક઼ીદાની કિતાબો ઘરમાં વસાવી વાંચી હોત તો આ દિવસો તેમના ન હોત. આવો ! કુર્આન, હદીષ તથા ઉલમાના અક઼વાલ થકી એની સત્યતાને સમજીએ જેથી આપણા આવા કાચા કાનવાળા ભાઈઓને સીધો માર્ગ મળે.

### ★ કુર્આન પર ઈમાનવાળાને કુર્આનનો સંદેશ ★

મુસલમાનની રહનુમાઈનું મૂળ **કુર્આન** છે જેથી આવો ! પ્રથમ તેનાથી હિદાયત પામીએ. સૌ પ્રથમ એ વાત સમજી લો કે તમો અલ્લાહ સિવાય કોઈપણ વ્યકિતત કે વસ્તુથી મદદ માગો કે મદદ લો જેમ કે આપણી રોજનીશી છે, તો **એ અલ્લાહની જ મદદ છે, તે વ્યક્તિત કે ચીજો તો અલ્લાહની મદદના ઝરીયા કે વસીલા જ છે.** હક઼ીક઼ી અસલ મદદગાર તો ખુદા છે પણ ખુદાએ જ એમાં એવી લાયકાત પેદા કરી છે જેથી તે ચીજ કે વ્યક્તિત મદદ કરવાને પાત્ર છે. હવે સાંભળો ! આપણો રબ કુર્આને પાકમાં શું આદેશ આપે છે ? : يَآيُّهَا الَّذِيۡنَ اٰمَنُوا اسۡتَعِيۡنُوۡ بِالصَّبۡرِ وَالصَّلٰوةِ **"મદદ માગો સબર તથા નમાઝથી."** *(પારા : ૨, સૂરએ બક઼રહ, આયત : ૧૫૩)*

તો કહો ! **ખુદા સિવાય કોઈનાથી મદદ માંગવી શિર્ક છે તો શું ખુદા શિર્કનો હુકમ આપી રહ્યો છે ? અથવા શું સબર તથા નમાઝ ખુદા છે કે જેનાથી મદદ માંગવાનો હુકમ થયો ?** વિચારો !

બીજી આયતમાં છે : وَتَعَاوَنُوۡا عَلَى الۡبِرِّ وَالتَّقۡوٰى **"આપસમાં એકબીજાની મદદ કરો ભલાઈ અને પરહેઝગારી પર."** *(પારા : ૬, સૂરએ માઈદા, આયત : ૨)*

બોલો ભાઈ ! જો અલ્લાહ સિવાય ગૈરુલ્લાહથી કોઈ રીતની મદદ ન લઈ શકાય તો આ હુકમનો શો અર્થ કરશો ? **શું કુર્આન શિર્કનો હુકમ કરવા નાઝિલ થયું કે શિર્કને મિટાવવા ?** સાબિત થયું કે આપણી સમજનો કુસૂર છે. જેથી ઈમાનના બારામાં, શિર્ક તથા બિદઅતના બારામાં સાચા અર્થમાં

અભ્યાસ કરો, કોઈની કહેલી સાંભળેલી વાતોને ન વળગી પડો ! બલ્કે કુર્આનના આદેશ પ્રમાણે જ ચાલો.

વળી હઝરત ઈસા عليه السلامનો એ દાવો જેનું વર્ણન કુર્આનમાં છે કે, **"હું આંધળાને દેખતા કરું છું, મુર્દાને જીવંત કરું છું અલ્લાહના હુકમથી."** *(સૂરએ આલે ઈમરાન, આયત : ૪૯)* તો શું તેમનો આ દાવો કરવું "શિર્ક" હતું ?! યકીનન ! માનવુ પડશે કે અલ્લાહ તેના મહબૂબ બંદાઓને ઈખ્તિયાર આપે છે.

અલ્લાહના રસૂલ صلى الله عليه وسلمના બારામાં ખૂદ અલ્લાહ તઆલા જ ફર્માવે છે : **وَ يُعَلِّمُكُمُ الْكِتٰبَ وَ الْحِكْمَةَ** **"આ નબી તેઓને કિતાબ તથા હિકમતનો ઈલ્મ અતા કરે છે."** *(સૂરએ બક઼રહ, આયત : ૧૫૧)*

શું આ મદદ નથી ? કિતાબ તથા હિકમતનો ઈલ્મ ઈન્સાનની દુનિયા તથા આખેરત બંનેવ માટેની મહાન મદદ છે. શું આને પણ શિર્ક કહેશો ? **કુર્આન તો કહે છે કે રસૂલ આપે છે અને તમે તેમનાથી માંગવાને શિર્ક સમજો છો ?! તો તમો કયા દીન પર છો ?** તમારી માન્યતાનો ધર્મ હરગિઝ ઈસ્લામ નથી ! માટે સમજો અને તમારી ગલત માન્યતાથી તૌબા કરી તમારી તથા આવનારી નસલની આખેરતને બચાવી લો.

### ★ શું આ હદીષો પણ બિદઅત કે શિર્કની તા'લીમ આપે છે ?! ★

અલ્લાહની કિતાબ કુર્આન બાદ જેનો માર્ગ જન્નતનો માર્ગ છે તે છે **હદીષ** ! તેનાથી હિદાયત પામીએ. અલ્લાહ સિવાય તેની મખ્લૂકમાંથી કેટકેટલી ચીજોથી મદદ લઈ શકાય છે કે માંગી શકાય છે, તેને દર્શાવતી હદીષો તો અસંખ્ય છે. આવો ! અમુક હદીષોનો અભ્યાસ કરી ખોટા વહેમોને દૂર કરીને ઈમાન તાજુ કરીને અલ્લાહને રાજી કરીએ તથા શયતાનને નિરાશ કરી દઈએ.

હઝરત અબૂ હુરૈરહ رضى الله عنه રસૂલુલ્લાહ صلى الله عليه وسلمથી રિવાયત કરે છે કે, "સવાર, રાત અને રાતના આખરી પહોરની **ઈબાદતથી મદદ ચાહો."** (બુખારી, નિસાઈ) હવે કહો ! શું "ઈબાદત" ખુદા છે ? સાબિત થયું કે **ખુદાની "ઈબાદત" એ ખુદાની મદદ માંગવાનો ઝરીયો તથા વસીલો છે.** એ જ પ્રમાણે **નબી, વલી પણ ખુદાની મદદના ઝરીયા તથા વસીલા છે જેથી તેમનાથી માગવું શિર્ક નથી, ન બિદઅત છે.**

આવો ! તમારું ઈમાન તાજુ થઈ જાય એવી ઔર એક સ્પષ્ટ હદીષ સાંભળો ! :–

**સહીહ મુસ્લિમ** તથા **અબૂ દાઊદ** તથા **ઈબ્ને માજહ** તથા **મોઅજમે કબીર**, તિબ્રાનીમાં રબીઅહ ઈબ્ને કઅબ અસ્લમી رضى الله عنهથી છે. હુઝૂરે પુરનૂર સૈયદે આલમીન عليه الصلوٰة والسلامએ (રબીઅહ رضى الله عنهને) ફર્માવ્યું : **"માગ શું માગે છે કે હું તને અતા કરીશ !"** અર્ઝ કરી (રબીઅહએ), **"હું હુઝૂરથી સવાલ કરું છું કે જન્નતમાં હુઝૂરનો સંગાથ અતા ફર્માવો."** હુઝૂરે ફર્માવ્યું, **"વધુ કાંઈ !"** અર્ઝ કરી કે, **"બસ ! મારી મુરાદ તો આ જ છે !"** ફર્માવ્યું, "મારી મદદ કર પોતાના નફ્સ પર સજદાઓની અધિકતતાથી."

સુબ્હાનલ્લાહ ! આ દુનિયાના જૂઠા લોકો જેમ થૂંક નથી ઉડાડયું ! અલ્લાહના મહબૂબ صلى الله عليه وسلمને અલ્લાહના આપવાથી તાક઼ાત છે તેથી જ કહ્યું, **"માગ ! શું જોઈએ છે ?"** એક હદીષમાં છે : **"અલ્લાહ આપવાવાળો છે અને હું વહેંચવાવાળો છું."** હજી પણ નબી عليه الصلوٰة والسلامથી માગવામાં તમને વસવસો છે ?! **કુર્આન તથા હદીષમાં ફર્માવ્યું કે રસૂલે પાક صلى الله عليه وسلم આપે છે અને અહીં**

**રસૂલે પાક ﷺએ ખૂદ ફર્માવ્યું કે માગ !** હજી પણ તમને આ બિદઅત જણાય છે ? શિર્ક જણાય છે ? **શું અલ્લાહ વ રસૂલ શિર્કના હુકમો કરી રહ્યા છે ?!** હે લોકો ! દિમાગને ઠેકાણે લાવો ને સમજો ! કતયાં ગુમરાહીમાં ભટકવા જઈ રહ્યા છો ?!

હવે એ પણ વિચારો કે **રસૂલે ખુદા ﷺ અલ્લાહની અતાથી જન્નત આપી શકે છે અને માગનારને જન્નતમાં પોતાનો પડોશી પણ બનાવી શકે છે.** વિચારો ! જન્નત તે છે જેની નેઅમતોની તુલનામાં દુનિયાની કુલ નેઅમતો નથી થઈ શકતી એવી અકલ્પ્ય નેઅમતોવાળી જન્નત હુઝૂર આપી શકે છે તો દુનિયાની ચીજો આપવી એ તો ખૂબ જ મામૂલી વાત કહેવાય ! તો તે કેમ ન આપી શકે અને તેમનાથી કેમ ન માગી શકાય ?!

### ★ ઉપરોક્તત હદીષ વિશે મહાન ઉલમાનાં કથનો ★

શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ (જેમને માનતા હોવાનો દેવબંદી પણ દાવો કરે છે તે) આ હદીષ હેઠળ ખુલાસામાં ફર્માવે છે કે :–

“સવાલ મુત્લક઼ (બિન શર્તી) છે, "સલ" એટલે "માગ !" કોઈ વસ્તુનો ઉલ્લેખ નથી (કે આ માગ કે તે માગ, આટલુ માગ કે તેટલુ માગ) **જેથી જાણવા મળ્યું કે બધાં કામો** હુઝૂર ﷺના ઈખ્તિયારમાં છે, જે કાંઈ આપ ચાહે જેને ચાહે ખુદાના હુકમથી અતા ફર્માવી આપે.” *(બહવાલા : બરકાતુલ ઈમ્દાદ લિ અહ્‌લિલ્ ઈસ્તિમ્દાદ, અઝ : આ'લા હઝરત رحمۃ اللہ علیہ)*

હે ભાઈઓ ! કહો ! મોહક્કિક઼ે અલલ ઈત્લાક઼ **હઝરત શયખ અબ્દુલહક્ક઼ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ **પણ શિર્કની કે બિદઅતની તા'લીમ આપી રહ્યા છે જેથી કહી રહ્યા છે કે, "હુઝૂર** علیہ الصلوٰۃ والسلام**ના ઈખ્તિયારમાં બધાં કામો છે જે ચાહે જેને ચાહે રબની અતાથી આપી દે !"** શેઅરનો અર્થ : "દુનિયા અને આખેરત આપની સખાવતથી છે અને લોહો ક઼લમનો ઈલ્મ આપના ઈલ્મોમાંનો એક ટુકડો છે." (સુબ્હાનલ્લાહ !)

**અલ્લામા (મુલ્લા) અલી ક઼ારી** رحمۃ اللہ علیہ મિર્ક઼ાતમાં આ હદીષના ખુલાસામાં ફર્માવે છે :–

"હુઝૂર علیہ الصلوٰۃ والسلامએ જે માંગવાનો મુત્લક઼ (અબાધિત) હુકમ આપ્યો તેનાથી ફલિત થાય છે કે **અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને કુદરત (શક્તિત) આપી છે** કે અલ્લાહના ખજાનાઓમાંથી જે કાંઈ ચાહે અતા ફર્માવે." સુબ્હાનલ્લાહ ! વધુ ખુલાસો સાંભળવો છે ?! સાંભળો ! ફર્માવે છે : "ઈમામ ઈબ્ને સબઅ વગેરે ઉલમાએ હુઝૂર ﷺની મુબારક વિશિષ્ટતાઓમાં ઉલ્લેખ કર્યો છે કે **જન્નતને ખુદા તઆલાએ હુઝૂર ﷺની જાગીર બનાવી દીધી છે કે તેમાંથી જે ચાહે જેને ચાહે અતા કરે."** *(બહવાલા : બરકાતુલ ઈમદાદ)*

**ઈમામે અજલ સૈયદી ઈબ્ને હજર મક્કી** رحمۃ اللہ علیہ "જૌહરે મુનઝ્ઝમ"માં ફર્માવે છે, "બેશક ! નબી ખુદા તઆલાના ખલીફા છે. ખુદા તઆલાએ પોતાના કરમના ખજાનાઓ અને પોતાની નેઅમતોનાં દસ્તરખાન હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દસ્તે કુદરતનાં ફર્માંબરદાર (આજ્ઞાંકિતત) અને હુઝૂર પુરનૂર ﷺના હુકમ હેઠળ અને આપના ઈરાદા તથા ઈખ્તિયાર હેઠળ કરેલ છે, જેને ચાહે અતા ફર્માવે અને જેને ચાહે નથી આપતા."

આ વિશેના ખુલાસાઓ દીનના ઈમામો તથા મહાન આલિમો તથા અવલિયા, આરિફોનાં કથનોમાં

હદ્દે તવાતૂર પર છે. (એઓની એટલા પ્રમાણમાં ગવાહીઓ છે કે કોઈ શંકા રહેતી જ નથી) જે કોઈ એની ઈમાની રોશનીથી દિલ જગમગાવવા ચાહે તે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہની કિતાબ "સલ્તનતે મુસ્તફા ફી મલકૂતે કુલ્લિલ્વરા"નો અભ્યાસ કરે.

**હવે કહો શું ઉપરોક્તત હદીષમાં મહાન સહાબી રબીઅહ رضی اللہ عنہએ ડાયરેક્તટ હુઝૂર علیہ الصلوٰۃ والسلامથી જન્નત જ માગી ! તેટલું જ નહીં પણ જન્નતમાં રસૂલ ﷺનો સાથ પણ માગીને શિર્ક કર્યું ?! શું તેમને પણ શિર્ક કોને કહેવાય તે ખબર ન હતી ?!** અને જો તેમણે ભૂલ કરી હોત તો રસૂલે પાક ﷺ તૌબા કરાવતે કે નહીં ?! કે, "મારાથી માંગો છો ! તમે શિર્ક કર્યું ?!" પણ નહીં ! રસૂલે પાક ﷺએ તેમને માગ્યા મુજબ આપવાનો વાયદો કરી આપ્યો. સુબ્હાનલ્લાહ ! સાબિત થયું કે નબી પાક علیہ الصلوٰۃ والسلامથી માગવું શિર્ક નથી કે બિદઅત નથી .

## ★ વલીઓથી મદદ માગવા વિશેની હદીષો ★

હુઝૂર ﷺ ફર્માવે છે, "ફઝ્લ (મહેરબાની) મારા રહમ દિલ (કરમ–દયા કરનાર) ઉમ્મતીઓની પાસે શોધો, તેઓના સાયામાં ચૈન પામશો કેમ કે તેમનામાં મારી રહત છે." *(ઈબ્ને હબ્બાન તથા ખરાએતીએ મકારિમે અખ્લાક઼માં રિવાયત કરી તેમજ કઝાઈએ મુસ્નદે શહાબમાં, હાકિમે તારીખમાં)*

બીજી હદીષ છે : "તમારી હાજતો મારા રહમદિલ ઉમ્મતીઓથી માગો, રોજી પામશો, મુરાદ પામશો." *(ઓક઼ૈલી અને તિબ્રાનીએ અવસતમાં)* ત્રીજી હદીષમાં છે : "અલ્લાહ ફર્માવે છે, ફઝ્લ મારા રહમ દિલ બંદાઓથી માગો તેમના દામનમાં એશ કરશો, કેમ કે મેં મારી રહમત તેમનામાં રાખી છે." *(ઓક઼ૈલીએ અબૂ સઈદ ખુદરીથી, બહવાલા : બરકાતુલ ઈમ્દાદ)*

હુઝૂર ﷺ ફર્માવે છે : "મારા નરમ દિલ ઉમ્મતીઓથી ભલાઈ તથા એહસાન માગો, એમની ઈનાયત (મહેરબાની)ના સાયામાં આરામ કરશો. *(હાકિમે મુસ્તદરકમાં હઝરત અલી رضی اللہ عنہથી)*

**ઈન્સાફની આંખો કતયાં છે ?!** જરા ઈમાનની નિગાહોથી જુઓ ! આ હદીષો કેવું સાફ સાફ ફર્માવે છે કે **રસૂલુલ્લાહ ﷺએ પોતાના નેક ઉમ્મતીઓથી મદદ માગવા, તેમનાથી ભલાઈ તથા એહસાન માગવા**નો હુકમ આપ્યો કે તમારી જરૂરતો પૂરી કરશો, રોજી પામશો, મુરાદો પામશો, તેમની મદદના દામનમાં ચૈન પામશો, તેમની ઈનાયતના સાયામાં એશ કરશો.

**યા અલ્લાહ !** તો પછી મદદ હાંસલ કરવી બીજી કઈ ચીજનું નામ છે ? એનાથી વધીને બીજી કઈ રીતે મદદ હાંસલ થતી હશે ?! **વળી અવલિયા હઝરાતથી વધીને કયો ઉમ્મતી નેક તથા રહમ દિલ (કરમ કરનાર) હશે કે એમનાથી મદદ માગવી શિર્ક ઠરાવીને અન્ય લોકોથી હાજતો માગવાનો હુકમ આપવામાં આવે !** હજી સંતોષ નથી થયો કે નબી વલીને મદદ માટે પોકારી શકાય કે નહીં ? તો લો આ ત્રણ હદીષો વધુ સાંભળી લો !

## ★ બંદાઓને મદદ માટે પોકારવાની તા'લીમ હદીષમાં ★

હુઝૂર ﷺ ફર્માવે છે કે, "જ્યારે તમારામાંથી કોઈની કોઈ ચીજ ખોવાઈ જાય અને મદદની જરૂરત હોય, અને એવી જગ્યાએ હોય જ્યાં કોઈ હમદમ (સાથી) ન હોય તો તેણે જોઈએ કે આ પ્રમાણે પોકાર કરે, **હે અલ્લાહના બંદાઓ ! મારી મદદ કરો ! ''હે અલ્લાહના બંદાઓ ! મારી મદદ કરો ! હે અલ્લાહના બંદાઓ ! મારી મદદ કરો !''** કે અલ્લાહના કેટલાક બંદાઓ છે જેમને તે નથી જોઈ શકતો

તેઓ તેની મદદ કરશે. વલ્હમ્દુલિલ્લાહ ! *આને તિબ્રાનીએ ઉતબહ ઈબ્ને ગઝવાન رضی اللہ عنہ થી રિવાયત કરી.*

બીજી હદીષ છે : હુઝૂર ﷺ ફર્માવે છે કે જ્યારે જંગલમાં જાનવર છૂટી જાય તો એવો પોકાર કરે કે, **''હે અલ્લાહના બંદાઓ તેને રોકી દો !'' તો અલ્લાહના બંદાઓ તેને રોકી દેશે.** *ઈબ્નુસ્સનીએ અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત કરી.*

ત્રીજી હદીષમાં છે : હુઝૂર ﷺ ફર્માવે છે કે આ પ્રમાણે પોકાર કરે, **અયનૂની યા ઈબાદલ્લાહ ! ''મદદ કરો ! હે અલ્લાહના બંદાઓ !''** *એને ઈબ્ને અબી શયબા અને બઝ્ઝારે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી.*

આ ત્રણેવ હદીષો કે જે ત્રણ સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ રિવાયત કરી જૂના (કદીમ) જમાનાથી દીનના મહાન ઉલમા رحمۃ اللہ علیہم اجمعین ની માન્યવર (સ્વીકૃત) છે તથા તેમણે તેના પર અમલ પણ કર્યો અને દર્શાવ્યા પ્રમાણે સહીહ અનુભવી પણ છે. *(બરકાતુલ ઈમ્દાદ)*

જે વ્યક્તિત એવું કહે છે કે, ''આપણા આલિમો (ઉલમા) શિર્ક તથા બિદઅતમાં પડેલા છે !'' (મઆઝલ્લાહ !) તે હજી વાંચે અને પોતાની વાણીથી તૌબા કરે. આ'લા હઝરત મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ ની કિતાબ ''બરકાતુલ ઈમ્દાદ'' બનામે ''બુઝુર્ગોની મદદોની બરકતો'' ગુજરાતીમાં પણ અમારા કાર્યાલયમાં મળે છે તેનો અભ્યાસ કરે જેમાં મહાન ઉલમાની યાદી તથા કિતાબોનાં નામો જ એટલાં છે કે કેટલાંય પાનાં ભરાય જાય, જેમણે નબી વલીથી મદદ માગવા સંબંધે રિવાયતો રજૂ કરેલ છે.

**હઝરત શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષે દહેલ્વી** رحمۃ اللہ علیہ ના મિશ્કાત શરીફના તર્જુમાનો અભ્યાસ કરો કે તેમાં તેમણે આ મસ્અલામાં અવલિયાએ કિરામ હઝરાત رحمۃ اللہ علیہم اجمعین થી શું વર્ણન કર્યું છે ? ફર્માવે છે : ''કામિલ બુઝુર્ગોની રૂહોથી મદદ હાંસલ કરવા તથા ફાયદો ઉઠાવવાના વિશે કશ્ફવાળા મશાએખથી જે કાંઈ રિવાયત થયેલ છે તે હસ્રથી ખારિજ છે (એટલે તે બધી આયતો એકી સાથે રજૂ કરવી શકતય નથી) અને જે કાંઈ તેમની પુસ્તિકાઓ તથા કિતાબોમાં વર્ણન થયેલ છે જે હઠધર્મી સિવાય દરેકના ઈમાનને તાજુ કરી આપવા સમર્થ છે, કોઈ વાંચે તો ખરો તેને !''

## ★ શું ગ઼ૌષે આ'ઝમનું આ ફર્માન શિર્કની તા'લીમ આપે છે ?! ★

મહાન મહાન ઉલમા જેવા કે ઈમામે અજલ આરિફ બિલ્લાહ ઈમામ અબુલ હસન નૂરુદ્દીન અલી ઈબ્ને જરીર લખ્તી શતનૂફી, તેમજ ઈમામે અકરમ શયખુલ ફુક્હા હઝરત સૈયદના ઈમામ અબ્દુલ્લાહ ઈબ્ને અસ્અદ યાફઈ શાફઈ મક્કી, તેમજ ફાઝિલે અજલ ફક઼ીહે અકમલ મોહદ્દિષે અજમલ શયખુલ હરમુલ મોહતરમ મૌલાના અલી ક઼ારી હનફી હરવી મક્કી, તેમજ હઝરત મૌલાના અબુલ મઆલી મુસ્લેમી મઆલી, તેમજ શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી વગેરે رحمۃ اللہ علیہم اجمعین ની મહાન કિતાબો ''બહજતુલ અસ્રાર શરીફ, ખુલાસતુલ મુફાખિર, તન્ઝિહુલ ખાતિરુલ ફાતિર, તોહફાએ ક઼ાદરિય્યહ્, અખ્બારુલ અખ્યાર, ઝબ્દતુલ આષાર'' વગેરેમાં **ગ઼ૌષ આ'ઝમ શયખ અબ્દુલ ક઼ાદિર જીલાની** رضی اللہ عنہ નો આ ક઼ૌલ નક઼લ થયેલો છે :–

**''જો કોઈ મુસીબતમાં મારાથી મદદ માગે તો તે મુસીબત તેનાથી દૂર થાય. જો તકલીફમાં મારું નામ લઈને પોકારે તો તે તકલીફ દૂર થાય.** અને જો ખુદા તઆલાની બારગાહમાં કોઈ હાજત

માટે મને વસીલો બનાવે તો તે હાજત પૂરી થાય. અને જો બે રકાત નમાઝ પઢે અને દરેક રકાતમાં અલ્હમ્દુ પછી ૧૧ વાર કુલ્હુવલ્લાહ શરીફ પઢે પછી સલામ ફેરવીને રસૂલુલ્લાહ ﷺને યાદ કરે. પછી બગદાદ શરીફની દિશામાં ૧૧ કદમ ચાલે અને મારું (ગૌષ પાક)નું નામ લે અને પોતાની હાજતનો ઉલ્લેખ કરે, તો બેશક ! અલ્લાહ તબારક વ તઆલાના હુકમથી તે હાજત પૂરી થાય."

**બતાવો ! શું આ શિર્કની તા'લીમ છે ? આ બિદઅત છે ? અને ઉપરોક્તત મહાન ઉલમા તથા ગૌષે પાક رضی اللہ عنہ વિશે તમારો શો ખયાલ છે ? તેઓ પણ શિર્ક તથા બિદઅતથી અજાણ હતા ?!** મુસલમાનો ! કોઈના ખોટા વસવસાઓના રવાડે ન ચઢી જાવ ! અને ઉલમાએ અહલે સુન્નતની કિતાબો વાંચતા રહો. **શાહ અબ્દુલ અઝીઝ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ 'ફત્હુલ અઝીઝ'માં સ્પષ્ટતા કરે છે કે, **"ગયરે ખુદાથી મદદ માગવી તે જ નાજાઈઝ છે કે જે ગૈરને અલ્લાહની મદદનો મઝહર (મદદ પામવાની જગા) ન જાણે બલ્કે ખૂદ પોતાની જાતથી જ મદદનો માલિક જાણીને તેના પર ભરોસો કરે. પણ જો ખુદાની મદદનો મઝહર (ઝરીયો) સમજીને ગૈરથી મદદ માગે તો શિર્ક નથી, હુર્મતને તો જવા દો મકામે મઅરેફતથી પણ વિરુદ્ધ નથી. ખૂદ નબીઓ તથા વલીઓએ ગૈરથી આવી મદદ માગી છે.**

જો નબીઓ વલીઓથી મદદ માગવી શિર્ક હોત એ કાયદો બનાવીને કે, "ગૈરુલ્લાહથી મદદ માગવી શિર્ક છે" તો બીમાર પડવાથી ડોકટરની મદદ માટે દોડીએ, મારપીટ થાય તો પોલીસની મદદ માટે દોડીએ, ફેંસલા માટે કોર્ટના જજ પાસે જઈએ તેમજ અસંખ્ય ગૈરુલ્લાહની રોજના કામોમાં આપણે મદદ લઈએ છતાં મુસલમાન રહીએ ! અને નબી વલીથી મદદ માગી કે મુશ્રિક ! **لاحول ولا قوۃ الا باللہ** આ ગુમરાહી નથી તો શું છે ? સારાંશ કે નબી વલી તથા જેની પણ મદદ આપણે માગીએ તેઓ અલ્લાહની અતાથી મદદ કરવા શક્તિતમાન છે અને કરે છે એ અકીદો હશે તો હરગિઝ શિર્ક નથી બલ્કે ઉપરોક્તત લખાણોમાં કુર્આન, હદીષ તથા ઉલમા, બુઝુર્ગોના કથનોએ સાબિત કર્યું કે એ બધું જાઈઝ છે. કોઈ જાહિલથી અતિ જાહિલ પણ નબી વલીને ખુદા નથી સમજતો કે ખુદાની અતા વિના જાતે જ મદદ કરે છે એવું નથી સમજતો. જેથી મુસલમાનો પર ખોટી બદ્ગુમાની કરી તેમને મુશ્રિક કહીને પોતાની આખેરત ન બગાડો. અને કદાચ કોઈ બદબખ્ત એવું સમજતો હોય તો એ મુદ્દલે ઈસ્લામથી નીકળી ગયો. આ ઈસ્લામી કુર્આની અકીદો છે, જેથી કોઈએ આજકાલના વહાબીઓના ઉભા કરેલા ખોટા શૈતાની વસવસામાં પડી ગુમરાહીમાં ન તણાવું જોઈએ.

## ★ બુઝુર્ગોનાં ઈમાની નૂરથી ભરેલાં કથનો ★

હુઝૂરે અકદસ ﷺથી મદદ માગવી એ સહાબાએ કિરામની સુન્નત છે. **સહાબાએ કિરામે હુઝૂરથી જન્નત માગી, દુકાળથી છૂટકારા માટે મદદ માગી ફરિયાદો કરી, દુનિયાની દૌલત માગી, આંખોની બીનાઈ માગી, આંખોની બહાર નીકળી ગયેલ ડોળાને ફરી તેના ઠેકાણે બેસાડવા મદદ માગી અને હુઝૂરે તેને આંખમાં મૂકી થૂંક મુબારક લગાડયું તો તે ઠીક થઈ ગયો, તૂટેલ ટાંગ પર હાથ ફેરવ્યો તો પળમાં સાજો થઈ ગયો.** વગેરે બનાવોથી સહીહ હદીષની કિતાબો ભરેલી પડી છે★. અત્રે અંતમાં અમુક મહાન ઉલમાએ કિરામના ઈમાન અફરોઝ કથનો રજૂ કરું છું જેને

*★ આવા બનાવો માટે વાંચો કિતાબો "સલ્તનતે મુસ્તફા" તેમજ "રહમતે ખુદા બ વસીલાએ અવલિયા" અઝ : મુફતી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ જે અમારા કાર્યાલયે **દયાદરાથી** મફતમાં મળે છે.*

વાંચો અને દિલમાં નૂરે ઈમાનને ભરી દો !

**અશિઅતુલ લમ્આત,** બાબુસ્સુજૂદમાં હઝરત રબીઅહ ઈબ્ને કઅબ رضی اللہ عنہની હદીષની શરહ (ખુલાસા)માં **હઝરત શયખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ ફર્માવે છે : "બધાં કામો હુઝૂર علیہ الصلوٰۃ والسلامના હાથમાં છે, જેને જે ઈચ્છે પોતાના રબના હુકમથી આપી દે. **જો દુનિયા તથા આખેરતની ભલાઈ ચાહતા હોઉ તો હુઝૂરની બારગાહમાં આવો અને જે ઈચ્છો માગો."**

**અલ્લામા યૂસુફ ઈબ્ને ઈસ્માઈલ** "શવાહિદુલ હક્ક઼"ના પેજ ૧૫૨ પર ફર્માવે છે : "હુઝૂર ﷺ આપે છે અને મના કરે છે અને માગનારાઓની જરૂરિયાત પૂરી પાડે છે અને **મુશ્કેલીમાં સપડાયેલાઓની મુશ્કેલી દૂર કરે છે** અને હુઝૂર علیہ الصلوٰۃ والسلام શફાઅત કરશે અને જેને ઈચ્છશે જન્નતમાં દાખલ કરી આપશે.

**ઈમામ કસ્તલાની "મવાહિબે લદુન્નિયા"** ભાગ : ૧, પેજ : ૧૯૫માં ફર્માવે છે : "હુઝૂર علیہ الصلوٰۃ والسلامની કુન્નિયત અબુલ કા઼સિમ છે, કારણ કે **જન્નતી લોકોને આપ જન્નત વહેંચે છે."**

**અલ્લામા તકી઼ઉદ્દીન સુબકી "શિફાઉસ્સિકા઼મ"** પેજ : ૧૬૫ પર ફર્માવે છે : "શંકા રાખ્યા વગર સમજો કે હુઝૂર ﷺ જન્નતમાં એવી રીતે હશે જેવી રીતે બાદશાહનો વઝીર, કે **કોઈના સુધી કોઈ ચીજ આપના ઝરીયા વિના પહોંચશે નહીં."**

**ઈમામ બુસૈરી** رحمۃ اللہ علیہ **"ક઼સીદા બુર્દા શરીફ"**માં ફર્માવે છે :–

**ફઈન્નક મિનજુદિક દુન્યા વઝર્રતિહા–વમિન ઉલૂમિક–ઈલ્મિલ્લૌહિ વલક઼લમી.** એટલે કે, **"યા રસૂલલ્લાહ ! ﷺ દુનિયા તથા આખેરત આપની સખાવતથી છે** અને **લોહ તથા ક઼લમનો ઈલ્મ આપના ઈલ્મોમાંનો એક ભાગ છે."**

## ★ 'યા' વડે પોકારી મદદ માગવી એ સહાબા તથા બુઝુર્ગોનો અક઼ીદો છે ★

- ઈમામ બુખારીએ આ રીતે બાબ(પ્રકરણ) પાડયું છે કે, "જો કોઈનો પગ સુન મારી જાય (લકવો થાય) તો તે શું કહે ?" આ પછી નીચેની હદીષ નકલ કરી છે કે હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને સઅદ رضی اللہ عنہ ફર્માવે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ નો પગ સૂઈ ગયો (બ્હેર મારી ગયો.) કોઈએ કહયું કે તેની યાદી કરો જે આપને વધુ પ્રિય હોય ! ત્યારે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે બુલંદ અવાજથી ''યા મુહમ્મદાહ્ !'' કહ્યું ને તુર્ત જ શિફા થઈ ગઈ.'' *(બુખારી શરીફ)*
- હલબનો બાદશાહ યુકન્ના જે ઘણો ઉદાર તેમજ જહાંદીદા હતો. જ્યારે તે રૂમી લશ્કર સાથે મુસ્લિમો પર ચઢી આવ્યો ત્યારે મુસ્લિમોએ તેના લશ્કરની સંખ્યા વધુ જોતાં અંદાજો કર્યો કે, હવે બચવાની કોઈ શકયતા નથી. કારણ કે મુસલમાનોના લશ્કરની સંખ્યા ઘણી નાની અને અલ્પ પ્રમાણમાં હતી. આવી મુંઝવણભરી અવસ્થામાં હઝરત કઅબ બિન જમરાહ رضی اللہ عنہ કે જેઓ ઈસ્લામી લશ્કરના સેનાપતિ અને સહાબીએ રસૂલ હતા. તેઓ **''યા મુહમ્મદ, યા મુહમ્મદ, યા નસ્રૂલ્લાહિ અન્ઝિલ''**ના ના'રા લગાડતા અને મુસ્લિમોને સાંત્વન આપતા હતા. *(ફુતૂહુશ્શામ)*
- હઝરત ઈમામ ઝૈનુલ આબેદીન رضی اللہ عنہએ હુઝૂર ﷺને પુકાર્યા કે **'યા રહમતલલિલ્ આલમીન અદરિક લિ ઝયનિલ આબિદીન મહબૂસ અયદીઝ્ઝાલિમીન ફી મવકબિ વલ મુરદહીમી.** "હે રહ્‌મતલ્‌લિલ્ આલમીન ! ઝૈનુલ આબેદીનની મદદે પહોંચો ! આ ભીડ ભાડમાં તે જાલિમોના હાથોમાં કેદ છે."

* **ઈમામે આ'ઝમ અબૂ હનીફા** رضی اللہ عنہ **કસીદએ નોઅમાનિયામાં ફર્માવે છે : "યા રસૂલલ્લાહ ! હું આપની દૈન એટલે અતા (આપવા)નો આશાવાદી છું અને દુનિયામાં અબૂ હનીફાનો આપના સિવાય કોઈ નથી."**
* હિંદુસ્તાનના તમામ વલીઓના સરદાર ખ્વાજએ ખ્વાજગાં, **હઝરત ખ્વાજહ મુઈનુદ્દીન ચિશ્તી અજમેરી** رحمۃ اللہ علیہ એ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને આવી રીતે પુકાર્યા : **રસૂલલ્લાહ શફાઅત અઝ તૂ મન દારમ ઉમ્મીદ બા વજૂદે સદ હઝારાં જુર્મ દર રોઝે હિસાબ.** "યા રસૂલલ્લાહ ! લાખો ગુનાહો હોવા છતાં કિયામતના દિવસે આપથી શફાઅતની ઉમ્મીદ રાખું છું."
* **હઝરત શયખ અબ્દુલ હક્ક મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ આ રીતે મદદ માગે છે : "યા રસૂલલ્લાહ ! દરેક હાલતમાં અમારા ઉપર કરમ ફર્માવો અમે બેસરો સામાન છીએ. અમારું સરસામાન આપનો લુત્ફો કરમ છે. –*(અખ્બારુલ અખ્યાર બહવાલા રહનુમાએ હક્ક)*

### ★ જો નબી વલીથી મદદ માગવી શિર્ક છે તો...... ! ★

જો નબી વલીથી મદદ માગવી શિર્ક છે તો આ શિર્ક આખેરત સુધી ચાલશે. એ નથી થઈ શકતું કે અત્યારે તો શિર્ક છે પરંતુ આખેરતમાં અયને તૌહીદ થઈ જાય, કેમ કે શિર્ક તો દરેક સમયે શિર્ક જ રહેશે. આખેરતમાં પણ કોઈ ગયરુલ્લાહથી મદદ માગે તો શિર્ક જ થશે. મહેશરની મુસીબતથી વધીને કઈ મુસીબત હશે ! તેનાથી બચવા સૌ લોકો આદમ علیہ السلام ની ખિદમતમાં આવશે કે આપ અબુલ બશર આદમ છો, આપ અમારી શફાઅત કરો ! આદમ علیہ السلام એ નહીં ફર્માવે કે તમે શિર્ક કરી રહ્યા છો ! મારી પાસે શું માગો છો ! જાવ ખુદાની પાસે ! નહીં, બલ્કે તેઓ પણ ગયરની રાહ દેખાડશે અને ફર્માવશે, **નફ્સી નફ્સી ઈઝહબૂ ઈલા ગયરી.** તો પછી તમારા ફત્વાની રૂએ તો (મઆઝલ્લાહ !) હઝરત આદમ علیہ السلام પણ મુશ્રિક થયા, અને તેમની પાસે જનારા પણ મુશ્રિક થયા. પણ ના ! કેમ કે હઝરત આદમ علیہ السلام તો મુશ્રિક થઈ જ નથી શકતા. પછી સૌ લોકો હઝરત આદમ علیہ السلام ના માર્ગદર્શનથી અનુક્રમે હઝરત નૂહ, હઝરત ઈબ્રાહીમ, હઝરત મૂસા, અને છેવટે હઝરત ઈસા علیہم السلام ની પાસે જશે, દરેક એવું જ કહેશે કે **ઈઝહબૂ ઈલા ગયરી.**

હવે તેઓને ખયાલ આવશે કે ચાલો ! હુઝૂરે અકરમ صلی اللہ علیہ وسلم ની બારગાહમાં જઈએ. જ્યારે ત્યાં પહોંચશે તો નબી કરીમ صلی اللہ علیہ وسلم એવું નહીં કહે કે, તમે તો મુશ્રિક છો ! ફલાણા ફલાણા નબી પાસે ગયા પછી મારી પાસે આવ્યા છો ! જાવ ! ખુદા પાસે ! બલ્કે ફર્માવશે કે હઝરત આદમ, હઝરત નૂહ, હઝરત ઈબ્રાહીમ, હઝરત મૂસા અને હઝરત ઈસા علیہم السلام એ નફ્સી નફ્સી ઈઝહબૂ ઈલા ગયરી એટલા માટે કહ્યું હતું કે મારા સુધી પહોંચી જાવ. અને એ કામને માટે તો હું છું, કેમ કે અલ્લાહ તઆલાએ મને જ એ મર્તબો અતા ફર્માવ્યો છે. (સુબ્હાનલ્લાહ !)

સારાંશ કે અલ્લાહની અતાથી નબી વલીને દરેક પ્રકારની કુદરતો મળેલી છે જેથી તેમનાથી માગવું શિર્ક નથી બલ્કે ઈમાનવાળાઓનું કામ છે, માટે શોખથી પુકારો, **"યા રસૂલલ્લાહ ! અલમદદ ! યા ગૌષ ! અલમદદ ! યા ખ્વાજા અલમદદ ! યા મખ્દૂમ ! અલમદદ ! યા આ'લા હઝરત અલમદદ ! યા મુફ્તીએ આ'ઝમ !અલમદદ ! "** અને ઈમાનને તાજુ કરો. અને જેઓ આટલી સાબિતી પછી પણ હઠધર્મીમાં રહે તો તે પોતાનો અંજામ ખૂદ વિચારી લે. રબ્બે કરીમ તેના પ્યારા હબીબ صلی اللہ علیہ وسلم ના સદકામાં મુસલમાનોને દરેક પ્રકારની ગુમરાહીથી બચાવે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન



અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## સૂરએ આલિ ઈમરાનની તફસીર

وَمِنْ اَهْلِ الْكِتٰبِ
مَنْ اِنْ تَاْمَنْهُ بِقِنْطَارٍ يُّؤَدِّهٖٓ اِلَيْكَ ۚ وَمِنْهُمْ مَّنْ
اِنْ تَاْمَنْهُ بِدِيْنَارٍ لَّا يُؤَدِّهٖٓ اِلَيْكَ اِلَّا مَا دُمْتَ
عَلَيْهِ قَآئِمًا ۗ ذٰلِكَ بِاَنَّهُمْ قَالُوْا لَيْسَ عَلَيْنَا فِي
الْاُمِّيّٖنَ سَبِيْلٌ ۚ وَيَقُوْلُوْنَ عَلَى اللّٰهِ الْكَذِبَ وَهُمْ
يَعْلَمُوْنَ ﴿۷۵﴾ بَلٰى مَنْ اَوْفٰى بِعَهْدِهٖ وَاتَّقٰى فَاِنَّ اللّٰهَ
يُحِبُّ الْمُتَّقِيْنَ ﴿۷۶﴾ اِنَّ الَّذِيْنَ يَشْتَرُوْنَ بِعَهْدِ اللّٰهِ
وَاَيْمَانِهِمْ ثَمَنًا قَلِيْلًا اُولٰٓئِكَ لَا خَلَاقَ لَهُمْ فِي
الْاٰخِرَةِ وَلَا يُكَلِّمُهُمُ اللّٰهُ وَلَا يَنْظُرُ اِلَيْهِمْ يَوْمَ
الْقِيٰمَةِ وَلَا يُزَكِّيْهِمْ ۠ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ ﴿۷۷﴾

### ત.....ર્જુ.....મો.....

અને અહલે કિતાબમાંથી અમુક એવા (પ્રમાણિક) છે કે જો તું અમાનત રાખે તેની પાસે એક ઢગલો (સોના ચાંદીનો) તો અદા કરી આપે એને તમારી તરફ, અને એમનામાંથી અમુક એવા છે કે જો તું અમાનત રાખે એની પાસે એક અશરફી તો પરત કરશે નહીં એને પણ તારા તરફ, પણ જ્યાં સુધી તેના માથા પર ઉભા રહે. આ (અપ્રમાણિકતા)નું કારણ એ છે કે તે કહે છે કે, નથી અમારા પર અનપઢોના મામલામાં કોઈ પકડ[૮૧]. અને એ લોકો કહે છે અલ્લાહ પર જૂઠ, જ્યારે કે તેઓ જાણે છે. હા ! કેમ નહીં ?! જેણે પૂરો કર્યો પોતાનો વાયદો અને પરહેઝગાર બન્યો તો બેશક ! અલ્લાહ તઆલા મહોબ્બત કરે છે પરહેઝગારોથી. બેશક ! જે લોકો[૮૨] ખરીદે છે અલ્લાહનો વાયદો અને પોતાની ક઼સમોના બદલામાં થોડી સરખી કિંમત, આ તે (બદ્‌નસીબ) છે કે કાંઈ હિસ્સો નથી એમના માટે આખેરતમાં, અને વાત સુદ્ધાં ન કરશે એમની સાથે અલ્લાહ તઆલા અને જોશે પણ નહીં તેમના તરફ ક઼યામતના દિવસે અને ન પાક કરશે તેમને, અને તેમના માટે દર્દનાક અઝાબ છે.

### તફસીર.........

**૮૧.** સબીલનો અર્થ રસ્તો છે અને કદી કદી એ હુજજત તથા દલીલના અર્થમાં વપરાય છે. *(મુફર્રદાત)* અહીં એ જ અર્થમાં વપરાયેલ છે. યહૂદી આપસમાં જ્યારે લેણદેણ, વાયદા તથા ક઼રાર અને ખરીદ વેચાણ કરતા તો એ વખતે ખુદાના હુકમો પર લગભગ અમલ કરતા, પરંતુ અરબવાસીઓ ખાસ કરીને મુસલમાનોની સાથે તેમનો વર્તાવ અજબ પ્રકારનો હતો. તેમની સાથે ખરીદ વેચાણ કરતી વખતે ધોકો કરતા, વાયદો કરીને ફરી જતા, અમાનતોમાં ખયાનત કરવાથી દૂર ન રહેતા, સારાંશ કે એમની સાથે સામાજિક વહેવારમાં અખ્લાક઼ તથા દીનના બંધારણની કોઈ પાબંદી ન કરતા. અને જો તેમને આ ખયાનત, વચનભંગ તથા ગૈર વ્યવહાર પર ટોકવામાં આવે છે તો શર્મિંદા થવાને બદલે એવો જવાબ આપે છે કે અમને અમારી કિતાબે અરબના તે બેઅમલોના માલમાં ઘાલમેલ કરવાની ઈજાઝત

આપી છે. અને અલ્લાહ તઆલા ફર્માવે છે કે તેમનું એવું કહેવું તૌરાત અને હઝરત કલીમુલ્લાહ પર મહાન આક્ષેપ છે. ખુદાવંદે કરીમ તો એ જ લોકોને દોસ્ત રાખે છે જેઓ દરેક કોઈની સાથે વહેવાર કરતી વખતે પ્રમાણિકતતા, વચન પાલન તથા સત્ય બોલવાના નિયમો પર સક્રિય છે. એના પરથી આપણને પણ એ સબક મળી ગયો કે આપણે જે કોઈની સાથે મામલો કરીએ ચાહે તે મુસલમાન હોય કે કાફિર, નેક હોય કે બુરો, પોતાનો હોય કે પરાયો, તેની સાથે પ્રમાણિકતતા તથા સત્ય વહેવારનો મામલો કરે. કોઈનું કુફ્ર કે ફિસ્ક તેની સાથે છેતરપિંડી કે ધોકો કરવાને માટે અલ્લાહ તઆલા નજીક કોઈ જાઈઝનું કારણ નથી.

**૮૨.** કબીરા ગુનાહોની યાદી ઘણી લાંબી છે, પરંતુ એમાંથી **વચનભંગ તથા વાયદા ખિલાફી પર જે સજા નિશ્ચિત કરવામાં આવી છે તે કોઈ અન્ય ગુનાહના માટે તજવીઝ નથી કરવામાં આવી.** વચનભંગના માટે **પાંચ સજાઓનો** અહીં ઉલ્લેખ છે : **૧.** તેને આખેરતની નેઅમતોથી તદ્દન વંચિત કરી દેવામાં આવશે. **૨.** રહમાન તથા રહીમ ખુદા તેની સાથે વાત પણ નહીં કરે. **૩.** તેની રહમત તથા કરમની નજરથી પણ તે મેહરૂમ રહેશે. **૪.** ગુનાહની ગંદકીઓથી પણ તેને પાક કરવામાં નહીં આવે અને **૫.** તદ્ ઉપરાંત તેને દર્દનાક અઝાબ આપવામાં આવશે.

**કોઈ છે એવો બહાદુર જે આ સજાઓમાંથી કોઈ એકને સહન કરવાની શક્તિત ધરાવતો હોય ?! કુર્આનને અલ્લાહ તબારક વ તઆલાનું કલામ માનનારી કૌમ જો આ ભયથી ભરપુર અને પુરજલાલ આયત પછી પણ પોતાના વાયદાની પાબંદ નહીં બને તો કતયારે બનશે ?!** હુઝૂરે અકરમ علیہ الصلوٰۃ والسلام નો ઈર્શાદે ગિરામી સાંભળી લો ! :–

**મુનાફિક્ની ત્રણ નિશાનીઓ** છે ભલે તે રોઝા રાખે તથા નમાઝ પઢે અને પોતે પોતાને મુસલમાન ખયાલ કરે ! કે, જ્યારે તે વાત કરે તો **જૂઠુ બોલે,** જ્યારે **વાયદો** કરે તો **પાલન ન કરે** અને જ્યારે તેની પાસે **અમાનત** રાખવામાં આવે તો **ખયાનત કરે.** આયતમાં બે વાયદાઓનું વર્ણન છે. એક તે વાયદો જે બંદો પોતાના રબની સાથે તેની બંદગી તથા ફર્માંબરદારીના સંબંધે કરે છે, અને બીજો જે લોકો આપસમાં એકબીજાની સાથે કરે છે, બંનેના વિરુદ્ધ વર્તવામાં આ ચેતવણીઓ છે. હા ! જો કોઈ શખ્સ ગુનાહમાં પડવાની કસમ ખાય છે, એટલે કે તેણે કસમ ખાધી કે તે નમાઝ પઢશે નહીં અથવા શરાબ પીશે અથવા મા બાપને તકલી પહોંચાડશે. તો એ વખતે એ કસમને તોડવી લાઝિમ થઈ જાય છે, જેમ કે હદીષ શરીફમાં છે. કેમ કે અલ્લાહનું નામે પાક નેકી માટે પ્રોત્સાહિત કરવા માટે છે ન કે બુરાઈ તથા ગુનાહ કરવા ઉશ્કેરવા માટે.

પેજ નં. **૧૭** નું ચાલુ...

અફસોસ ! મારા દિલની મુફલિસી કે રઝા ગરીબ છે, મારી પાસે કશું નથી, આપના રુખ્સાર પર કુર્બાન કરવા ચાલ્યો છે એક જાન (પ્રાણ) લઈને.

આશિકોની આદત હોય છે કે મહબૂબ પર સર્વ કુર્બાન કરીને પણ તેને કશું સમજતા નથી બલ્કે બીજુ કુર્બાન કરવાની ઈચ્છા રહે છે. ઈન્સાન માટે સૌથી કિંમતી વસ્તુ જાન છે તે છે તો બધુ છે અને તે નથી તો કશું જ નથી ! તેને કુર્બાન કરીને પણ આશિકો કહે છે કે કશું કુર્બાન કર્યું જ નથી ! બીજી જગ્યાએ આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

*કરું તેરે નામ પે જાં ફિદા*
*ન બસ એક જાં દો જહાં ફિદા*
*દો જહાં સે ભી નહીં જી ભરા*
*કરું કયા કરોળોં જહાં નહીં*

હઝરત શૈખ સઅદી رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

*યક જાં ચે કુનદ સઅદિયે મિસ્કીન કે દો સદ્ જાન*
*સાઝૈમ ફિદાએ સગે દરબાને મુહમ્મદ (صلی اللہ علیہ وسلم)*

એક જાનથી ગરીબ સઅદી શું થાય ?! બસો જાન હોય તો સઅદી હુઝૂર رحمۃ اللہ علیہ ના દરબાન કૂતરા પર કુર્બાન કર !

**હદીષ** : હઝરત વાષિલા ઈબ્ને અસ્કઅ[૧] رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે ઈલ્મ તલબ કરે પછી મેળવી પણ લે તો તેનો બમણો હિસ્સો છે[૨] પરંતુ જો ન પામી શકે તો એનો સવાબ એકલો હિસ્સો મળશે[૩]. (દારમી)

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે અમલો તથા નેકીઓ મુસલમાનને મૃત્યુ બાદ પણ પહોંચતી રહે છે એમાંથી તે ઈલ્મ છે જેને શીખવાડવામાં આવ્યો[૪] અને નેક ઔલાદ જે છોડી ગયો[૫] અને કુર્આન શરીફ જેનો વારિસ બનાવી ગયો[૬] અથવા મસ્જિદ અથવા મુસાફરખાનુ જે બનાવી ગયો[૭] અથવા નહેર જે વહેતી કરી ગયો અથવા ખયરાત જેને પોતાના માલથી પોતાની તંદુરસ્તી તથા જિંદગીમાં કાઢી ગયો[૮] કે એ ચીજો એને મૃત્યુ બાદ પહોંચતી રહે છે[૯]. (ઈબ્ને માજહ, બયહક઼ી ફી શોઅબુલ ઈમાન)

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે અલ્લાહ عزوجل એ મને વહી ફર્માવી[૧૦] કે ઈલ્મની તલાશમાં એક માર્ગ ચાલ્યો તો હું એના પર જન્નતનો એક માર્ગ આસાન કરી દઈશ[૧૧]. અને જેની બે પ્યારી ચીજો હું લઈ લઉં તો તેને જન્નત આપીશ[૧૨] અને ઈલ્મની અધિકતતા ઈબાદતની અધિકતતાથી બેહતર છે[૧૩] દીનના કારખાનાની વ્યવસ્થા પરહેઝગારી છે[૧૪]. એને બયહક઼ીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી છે હઝરત ઈબ્ને અબ્બાસથી, ફર્માવે છે કે રાતમાં એક ઘડીનો દર્સ આખી રાતની બેદારી (જાગરણ)થી અફઝલ છે[૧૫]. (દારમી)

### -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** આપ કબીલા બની લૈષથી છે. ગઝવાએ તબૂકના પ્રસંગે ઈસ્લામ લાવ્યા. ત્રણ વરસ હુઝૂર ﷺ ની ખિદમત કરી. સુફ્ફાવાળાઓમાંથી હતા. હુઝૂર ﷺ પછી ત્રણ વરસ બસરામાં અને પછી શામની વસ્તી બલાતમાં રહ્યા જે દમિશ્કથી ત્રણ કોસ દૂર છે. ૧૦૦ વરસની ઉમરમાં બયતુલ મુક઼દસમાં વફાત પામ્યા. ત્યાં જ દફન થયા. (رضی اللہ عنہ)

**૨.** એક ઈલ્મની તલબ કરવાનો અને બીજો પામી લેવાનો, કેમ કે એ બંનેવ ઈબાદતો છે.

**૩.** કતયાં તો તાલિબે ઈલ્મીના જમાનામાં મૃત્યુ પામે કે પૂર્ણતાનો મોક઼ો ન મળે અથવા એનું દિમાગ કામ ન કરે પણ તે લાગેલો રહે તો પણ સવાબ પામશે, જેમ કે મુજતહિદ કે જો સહીહ ઈજતેહાદ કરે તો ડબલ સવાબ અને જો ગલત કરે એક બદલો.

**૪.** જીભ વડે કે કલમથી કે પોતાના કામિલ શાગિર્દ કે બેહતરીન કિતાબો છોડી, જ્યાં સુધી મુસલમાન એનાથી ફાયદો ઉઠાવતા રહેશે ત્યાં સુધી એને સવાબ પહોંચતો રહેશે.

**૫.** ચાહે ઔલાદને નેક બનાવીને ગયો અથવા એના મૃત્યુ બાદ ઔલાદ નેક થઈ ગઈ, બંનેવ સંજોગોમાં એને સવાબ મળતો રહેશે.

**૬.** એ રીતે કે પોતાના હાથ વડે કુર્આન લખીને કે ખરીદીને છોડી ગયો. એ જ હુકમમાં સર્વ દીની કિતાબો છે.

**૭.** કોશિશથી અથવા પોતાના પૈસા અથવા

પોતાના હાથ વડે. એ જ હુકમમાં મદ્‌સા તથા ખાનક઼ાહો પણ છે.

**૮.** તંદુરસ્તીની એટલા માટે શરત રાખી કે મૃત્યુ શૈયા પરથી ખયરાત કરવાનો અડધો સવાબ છે, કેમ કે એ વખતે ખૂદ પોતાને માલની જરૂરત નથી રહેતી. એમાં સર્વ સદકાએ જારીઆ આવી ગયા જેમ કે કૂવા ખોદાવવા, હેન્ડ પંપ લગાડવા, હોસ્પિટલો બનાવવી વગેરે.

**૯.** અમુક કયામત સુધી અમુક એનાથી ઓછી. જે પ્રમાણે સદકો સલામત એ જ પ્રમાણે એનો બદલો.

**૧૦.** ઈલ્હામના રૂપે અથવા હઝરત જિબ્રઈલ થકી, કે મઝમૂન (વિષય) રબના તરફથી અને શબ્દો હુઝૂર ﷺના . એને વહીએ ગૈરમત્લૂ કહે છે, હદીષે કુદસી અને કુર્આનમાં આ જ ફરક છે કે કુર્આનનું લખાણ (મેટર) અને વિષય સૌ અલ્લાહના તરફથી છે.

**૧૧.** એટલે કે જે કાંઈક ઝરીયાથી ઈલ્મ તલબ કરે ચાહે એના માટે સફર કરે અથવા દીની કિતાબોનો અભ્યાસ કરે એનાથી દુનિયામાં ઈબાદત, મઅરેફત વગેરે જન્નતના રસ્તાઓની તૌફીક઼ મળશે અથવા કયામતમાં એણે પુલસિરાત પરથી પસાર થવું, જન્નતમાં પહોંચવું આસાન થશે. મિર્કાતે ફર્માવ્યું કે ઈલ્મના વિના જન્નતમાં સર્વ દરવાજા બંધ છે. ઈલ્મે દીન એ દરવાજાઓની ચાવી છે.

**૧૨.** એટલે કે હું જેની આંખો બેકાર કરીને નાબીના કરી દઉં અને તે એના પર સાબિર તથા શાકિર રહે તો એ સબ્ર પર જન્નત મળશે. જાણવા મળ્યું કે દુનિયવી તકલીફો ખુદાની રહમતોના ઝરીયા છે શરત એ કે સબ્રથી રહે.

**૧૩.** એટલે કે ઈલ્મની થોડીક અધિકતતા ઈબાદતની ઘણી બધી અધિકતતા કરતાં અફઝલ છે. *(અશિઅતુલ લમ્આત)*

**૧૪.** યાદ રાખશો કે ઝુહદ તથા તકવા કરતાં "વરઅ" અફઝલ છે, હરામ, શંકાશીલ ચીજો, લાલચ અને રિયાથી બચવું, દરેક પ્રકારની ઈબાદત કરવી એ વરઅ છે અને કેવળ હરામથી બચવું તક઼વો છે. ગૈર મુત્તકી માણસ પોતાના દીનનો નિઝામ (વ્યવસ્થા) ક઼ાયમ નથી રાખી શકતો.

**૧૫.** એ જ પ્રમાણે દિવસે થોડીકવાર ઈલ્મની વ્યવસ્તતા આખા દિવસની ઈબાદતથી અફઝલ છે. ઈબાદતથી નફલી ઈબાદતો મુરાદ છે. એ મતલબ નથી કે ફર્ઝો છોડીને ઈલ્મ શીખે. સૂફીઓ ફર્માવે છે કે આલિમે દીનનું સૂવું પણ ઈબાદત છે. ઉલમા ફર્માવે છે કે કુર્આનની તિલાવત કરવા કરતાં ફિક઼્હ શીખવું અફઝલ છે. એ બંનેનો માખઝ આ હદીષ છે. એનું કારણ અમે કેટલીયવાર વર્ણવી ચૂકતયા. આલિમ થોડી ઈબાદત પર જાહિલની મોટી ઈબાદતથી વધુ સવાબ હાંસલ કરી લ છે.

**લતીફો** : એક વૃદ્ધ માણસ પટણાથી હજ્જે બૈતુલ્લાહના માટે પગપાળા દરેક પાંચ કદમ પર બે નફલ પઢતા ચાલ્યા. દસ સાલમાં ગુજરાત પહોંચ્યા. તેમને અર્ઝ કરવામાં આવ્યું જો તમે હવાઈ જહાઝથી એક રાતમાં મક્કા મોઅઝ્ઝમા પહોંચી જાત અને આટલા નફલો ત્યાં પઢતા તો દરેક રકાત પર એક લાખનો સવાબ મળતો.

**બરકાતે ખ્વાજા (માસિક)ના નવા ગ્રાહક થનાર તથા રિન્યુ કરનારાઓને વિનંતિ**

દીનો સુન્નિયતના પ્રચારમાં, સમાજની ખરાબીઓને મિટાવવા તથા બદ્અક઼ીદા વહાબી, દેવબંદી, શીઆ, રાફઝી વગેરેની અસલિયત જાહેર કરી તેમને હક઼ીક઼તનો આયનો દેખાડવા માટે સતત સક્રિય આ માસિકના ગ્રાહકો બનો અને તમારા ઈમાનની મજબૂતી તથા તમારી ઔલાદ, સગાં, કુટુંબીજઓને સુન્નિયત પર મજબૂત તથા ક઼ાયમ રાખવા વાંચો અને વંચાવો. નવા ગ્રાહક થનાર મેસેજમાં **"નવા ગ્રાહક"** એટલુ જરૂર લખે અને જૂના ગ્રાહકો મની ઓર્ડર કરી પોસ્ટથી રિન્યુ કરે તો તેમણે પોતાના નામ સાથે સરનામામાં જ **"ગ્રાહક નંબર"** જે હોય તે લખી આપવો તથા **મોબાઈલ નંબર** પણ લખવો જેથી અમારું કામ સરળ બને. *–તંત્રી*

# હદાઈકે બખ્શિશ

અઝ
આ'લા હઝરત ઈમામ અહમદ રઝા
મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

અનુવાદક તથા રૂપાંતરકર્તા
મૌલાના સાદિક સાબરી દહેગામી

**નારે દોઝખ કો ચમન કર દે બહારે આરિઝ**
**ઝુલ્મતે હશ્ર કો દિન કર દે નહારે આરિઝ**

*(નારે દોઝખ = જહન્નમની આગ, ચમન = બાગ, બહારે આરિઝ = રુખ્સાર, ગાલ મુબારકની બહાર (શોભા), ઝુલ્મત = અંધારુ, દિન = દિવસ, નહાર = સવાર, અજવાળુ)*

**અર્થ :** દોઝખની આગને બાગ બનાવી દેશે હુઝૂરે પાક ﷺના રૂખ્સાર (ગાલ) મુબારકની ચમક અને હશ્રના અંધારાને દિવસ બનાવી દેશે એટલે કે પ્રકાશિત કરી દેશે. હુઝૂર ﷺના રુસ્ખારની રોશની મેદાને મેહશરમાં હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દીદારથી જહન્નમની આગથી નજાત અને મેદાને મેહશરની તકલીફોથી છૂટકારો મળશે.

**મૈં તો ચીઝ હૂં ખૂદ સાહિબે કુર્આં કો શહા**
**લાખ મુસ્હફ સે પસંદ આઈ બહારે આરિઝ**

*(સાહિબે કુર્આં = કુર્આનનો માલિક અલ્લાહ, શહા = બાદશાહ, મુસ્હફ = કુર્આન, ચીઝ = વસ્તુ)*

**અર્થ :** હે શાહે અરબ ! હું શું વસ્તુ છું ? મારી શું હકીકત છે કે આપ મને પસંદ આવ્યા ! જ્યારે કે ખૂદ સાહિબે કુર્આન ખુદાએ પાક ﷺને કુર્આનની જેમ એક લાખ ચોવીસ હજાર અંબિયાએ કિરામમાંથી આપના ચહેરાની ચમક વધારે પસંદ આવી, એટલા માટે જ કુર્આનમાં આપના ચહેરાની કસમ યાદ ફર્માવી : "કસમ છે ચાશતની અને રાતની ! જ્યારે પર્દો નાખે !" *(પારા : ૩૦)*

મુફસ્સિરીને કિરામ ફર્માવે છે કે ચાશતથી હુઝૂર ﷺનો ચહેરો મુબારક અને રાતથી ઝુલ્ફ મુબારક મુરાદ છે. *(તફસીરે રૂહુલ બયાન)*

અને ખૂદ ખુદા હુઝૂર علیہ الصلوٰۃ والسلام ચહેરા મુબારકને જોયા કરે છે. જેવું કુર્આનમાં છે :—

"હે મહબૂબ ! અમે જોઈ રહ્યા છીએ આપનું વારંવાર આકાશ તરફ શિશ ઉઠાવવું." *(પારા : ૨, રુકૂઅ : ૧, આયત : ૧૪૪)*

બીજી જગ્યાએ ફર્માવે છે : "જે (ખુદા) તમોને જુએ છે જ્યારે તમે ઊભા રહો છો અને નમાઝીઓમાં તમારા દોરાને પણ જોઈ રહ્યો છે." *(પારા : ૧૯, રુકૂઅ : ૧૫, શોઅરા, આયત : ૨૧૮, ૨૧૯)*

ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہએ એ જ ફર્માવ્યું જે હઝરત અમીરુલ ખુસરૂએ ફર્માવ્યું :—

*ન તન્હા હસ્ત ખુસરૂ નઅત ખ્વાનશ*
*ખુદાએ મા ષનાખાને મુહમ્મદ ﷺ*

અમીર ખુસરૂ એકલો નબી ﷺનો નઅતખ્વાં નથી, આપણો ખુદા પણ મુસ્તફા ﷺનો ષનાખ્વાં છે.

લાખોમાં રસૂલ ﷺની પસંદગી આ હદીષથી સાબિત થાય છે. હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે : "નિ:શંક ! અલ્લાહ તઆલાએ બંદાના દિલો તરફ તવજ્જોહ ફર્માવી તો હુઝૂર علیہ الصلوٰۃ والسلامના દિલ મુબારકને સૌથી અફઝલ પામ્યુ તો તેને પોતાના માટે પસંદ કરી લીધું.

**જૈસે કુર્આન હૈ વિર્દ ઉસ ગુલે મહબૂબી કા**
**યૂંહીં કુર્આં કા વઝીફા હૈ વકારે આરિઝ**

*(વિર્દ = વઝીફો, ગુલે મહબૂબી = પ્યારા ફૂલ, વકાર = ઈજ્જત)*

**અર્થ :** જેવી રીતે મહબૂબે ખુદા હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺનો વઝીફો અને વિર્દ તથા મામૂલ કુર્આને પાકની તિલાવત છે એવી જ રીતે કુર્આને પાકનો વઝીફો અને અમલ હુઝૂર ﷺની શાન અને ઈજ્જત બયાન કરવી છે કે અલ્હમ્દુની અલીફથી વન્નાસની સીન સુધી કુર્આન મુસ્તફા ﷺના ગીત ગાય છે.

*આગાઝ સે અખીર તક કુર્આં હૈ નઅતે મુસ્તફા*
*મહબૂબ કે બયાન કા કૈસા અનોખા ઢંગ હૈ*
*–(નઝમી)*

**ગરચે કુર્આં હૈ ન કુર્આં કી બરાબર લેકિન**
**કુછ તો હૈ જિસ પે હૈ મદહ નિગારે આરિઝ**

**અર્થ :** જો કે કુર્આન છે ન કુર્આનના બરાબર પરંતુ કોઈ ભેદની વાત જરૂર છે કે કુર્આન આપના મુકદ્દસ રુખ્સારની પ્રશંસા કરે છે.

**તૂર કયા અર્શ જલે દેખકે વો જલ્વએ ગરમ**
**આપ આરિઝ હો મગર આઈનાદારે આરિઝ**

*(તૂર = એ મશહૂર પહાડ જ્યાં મૂસા عليه السلام એ ખુદાની તજલ્લીનો દીદાર કર્યો, અર્શ = એક તખ્ત જેને અર્શે ઈલાહી કહેવાય છે, જલે = બળે, જલ્વએ ગરમ = તેજ જલ્વો, આપ = ખૂદ, આરિઝ = અરજ કરનાર, આઈનાદાર = ખિદમત ગુજાર)*

**અર્થ :** તૂર પહાડ શું અર્શે આ'ઝમ પણ હુઝૂર عليه الصلوٰة والسلامના ચહેરાએ વદુહાની રોશની જોઈને રશ્ક કરવા લાગે છે અને ખૂદ જાતે જ હુઝૂર ﷺની બારગાહનો ખિદમત ગુજાર બનવા અરજ કરે છે.

**તુરફા આલમ હૈ વો કુર્આન ઈધર, દેખેં ઉધર**
**મુસ્હફે પાક કો હેરાન બહારે આરિઝ**

*(તુરફા આલમ = અજીબ વાત છે, એનોની હાલત છે, વો = તે હુઝૂર, દેખેં = જુએ, મુસ્હફે પાક = કુર્આન શરીફ, હેરાન = આશ્ચર્યચકિતત, બહારે આરિઝ = હુઝૂર ﷺના રુખ્સારની ચમક)*

**અર્થ :** અનોખી હાલત છે કે આ બાજુ હુઝૂર عليه الصلوٰة والسلام કુર્આન શરીફને જુએ છે તો તે બાજુ કુર્આન હુઝૂર ﷺના જલ્વાને જોઈ ચહેરએ વદુહાની ચમકથી આશ્ચર્યજનક છે !

**તર્જુમા હૈ યે સિફત કા વો ખૂદ આઈનાઝાત**
**કતયૂં ન મુસ્હફ સે ઝયાદા હો વકારે આરિઝ**

*(તર્જુમા = ભાષાંતર, સિફત = ખૂબી, આઈના ઝાત = ખુદાની જાતના આઈના, મઝહર)*

**અર્થ :** કુર્આન શરીફ તો હકીકતમાં સિફતે ઈલાહીયાનો તર્જુમાન છે પરંતુ હુઝૂર ﷺ તો ખૂદ ખુદાએ પાકના મઝહર છે. આ રીતે હુઝૂર ﷺની ઈજ્જત કુર્આને પાકથી વધારે કેમ ન હોય ?!

આ શેઅર પાછલા શેઅરના દાવાની દલીલ છે અને એક સવાલનો જવાબ છે. તેનું દલીલ હોવું જાહેર છે કે પાછલા શેઅરમાં દાવો કરવામાં આવ્યો કે ખૂદ મુસ્હફ (કુર્આન)ને હુઝૂર عليه الصلوٰة والسلامના હુસ્ન પર આશ્ચર્ય છે તે કેવી રીતે ? જવાબ એ કે કુર્આન તો ખુદાની સિફતોનો તર્જુમાન છે અને હુઝૂર ﷺ ખુદાની સિફતોના મઝહર છે.

હુઝૂર ﷺના ખુદાની ઝાતો સિફતના મઝહર હોવા પર હદીષ : (૧) હું જમાલે ખુદાનો આઈનો (મઝહર) છું. –હદીષ (૨) હું એક છુપાયેલ ખઝાનો હતો મેં ઈચ્છયું કે હું ઓળખાઉં તો મેં નૂરે મુહમ્મદી (ﷺ)ને પેદા કર્યો. *(મુસન્નફે અબ્દુર્રઝ્ઝાક, ઝુર્કાની, મદારિજ)*

**જલ્વા ફર્માએં રુખ દિલ કી સિયાહી મીટ જાએ**
**સુબહ હો જાઓ ઈલાહી શબે તારે આરિઝ**

*(જલ્વા ફર્માએં = દર્શન આપે, રુખે દિલ = દિલનો ચહેરો, સિયાહી = કાળાશ, શબે તાર = અંધારી રાત)*

**અર્થ :** હુઝૂર ﷺ દર્શન આપે તો દિલ પર પડેલ ગુનાહોની કાળાશ નીકળી જાય. હે અલ્લાહ ! મારા ચહેરાની કાળી રાતની પણ સવાર થાય એટલે કે તે પણ ચમકી ઉઠે.

**નામે હક્ક પર કરે મહબૂબ દિલો જાં કુર્બા**
**હક્ક કરે અર્શ સે તા ફર્શ નિષારે આરિઝ**

*(નામે હક્ક = ખુદાનું નામ, તા ફર્શ = જમીન સુધી, નિષાર = કુર્બાન)*

**અર્થ** : મહબૂબે ખુદા عليه الصلوٰة والسلام અલ્લાહના નામ પર દિલો જાન કુર્બાન ફર્માવે છે તો ખુદા હુઝૂર ﷺના ચહેરાના સદકા રૂપે અર્શથી જમીન સુધી બધુ જ નિછાવર ફર્માવે છે. હદીષે લવલાક એટલે કે "હે મહબૂબ ! જો હું તને પૈદા ન કરત તો આકાશ, પૃથ્વી પૈદા ન કરતો"માં આનો મતલબ છુપાયેલ છે. અને એટલા માટે અલ્લાહ પાસે દરેક મહાન મકામ પર પોતાના નામ સાથે મહબૂબના નામને લખાવેલ છે. જેના અમુક નમૂના ભેટ રૂપે આપુ છું :–

**૧.** ઈબ્ને અસાકિરે કઅબ બિન અહબારથી રિવાયત કરી છે કે આદમ عليه السلامએ પોતાના પુત્રને વસિયત ફર્માવી કે મારા બાદ તું મારો ખલીફા છે જેથી ઝિક્રે ખુદાની સાથે ઝિક્રે મુસ્તફા ﷺ કરજે. કારણ કે મેં આસ્માનનો ચક્કર લગાડયો તો જોયું કે આસ્માનના દરેક કિનારા પર હુઝૂર عليه الصلوٰة والسلامનું નામ લખેલ છે, મારા રબે મને જ્યારે જન્નતમાં ઠહેરાવ્યો તો જન્નતના દરેક મહેલ અને રૂમ તથા હુરોની પેશાની તથા જન્નતના દરેક ઝાડ અને દરેક તેના પાંદડાં અને સિદ્રાના દરેક પાંદડાં અને તુબા ઝાડ હજબની આજુબાજુ અને ફરિશ્તાઓની આંખો વચ્ચે હુઝૂર ﷺનું નામ લખેલ છે, જેથી આપના ઝિકથી ગાફિલ ન રહેજે ! કારણ કે ફરિશ્તાઓ પણ તે મુઅઝ્ઝમ નબી ﷺનો ઝિક્ર કરે છે. *(ખસાઈસે કુબ્રા, ૧/૭)*

**૨.** ઈબ્ને અસાકિરથી મરવી હુઝૂર ﷺએ ફર્માવ્યું, જન્નતના દરવાજા પર **"લા ઈલાહ ઈલ્લલ્લાહ મુહમ્મદુર્રસૂલુલ્લાહ"** લખાયેલ છે.

**૩.** અબૂ નુઐમ હિલયતુલ ઔલિયામાં ઈબ્ને અબ્બાસ رضي الله عنهماથી રાવી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જન્નતનું કોઈ ઝાડ, કોઈ પાંદડું એવું નથી જેના પર **"લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ"** લખેલ ન હોય. (ﷺ)

**૪.** ઈબ્ને અસાકિર હઝરત અલી كرم الله تعالى وجهه الكريمથી રિવાયત કરે છે કે હુઝૂર عليه الصلوٰة والسلامએ ફર્માવ્યું, "હું જે આસ્માનથી ગુજર્યો ત્યાં અને અર્શ પર મારું નામ લખેલું જોયું."

**૫.** ઈમામ તબ્રાની હઝરત ઓબાદા બિન સામિતથી રાવી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, હઝરત સુલૈમાન عليه السلامની અંગૂઠીના નગીના પર **"લાઈલાહ ઈલ્લલ્લાહુ મુહમ્મદુર્રસૂલુલ્લાહ"** કોતરાવેલુ હતું." (ﷺ)

**૬.** ઈમામ તબ્રાની હઝરત જાબિર رضي الله عنهથી રિવાયત કરે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, હઝરત આદમ عليه السلامના બંનેવ ખભાની વચ્ચે **"મુહમ્મદુર્રસૂલુલ્લાહ ખાતમુન્નબીય્યીન"** લખેલુ હતું. *(ખસાઈસે કુબ્રા)*

**મુશ્કબૂ ઝુલ્ફસે રુખ ચેહરે સે બાલો મેં શુઆઅ**
**મોઅજિઝા હૈ હલબે ઝુલ્ફ વ તતારે આરિઝ**

*(મુશ્કબૂ = ખૂશ્બૂદાર, ઝુલ્ફ = વાળ, રુખ = ચહેરો, શુઆ = પ્રકાશ, હલબે ઝુલ્ફ = કાળી ઝુલ્ફો, તતાર = લેપ)*

**અર્થ** : હુઝૂર عليه الصلوٰة والسلامની સુગંધિત ઝુલ્ફોથી ચહેરો ખૂશ્બુદાર છે અને ચહેરાની ચમકથી ઝુલ્ફો ચમકે છે, તો કાળી ઝુલ્ફો અને ચમકદાર ચહેરો મો'જિઝો છે.

**હક્કને બખ્શા હૈ કરમ નઝરે ગદાયાં હો કુબૂલ**
**પ્યારે ઈક દિલ હૈ વો કરતે હૈં નિષારે આરિઝ**

*(હક્ક = ખુદા, બખ્શા = આપ્યું, કરમ = સખાવત, નઝરે ગદાયાં = ગુલામોનો તોહફો, નિષાર = કુર્બાન)*

**અર્થ** : હે મારા આકા ! ﷺ અલ્લાહ તઆલાએ આપને સખાવત અતા કરી છે, અમારી પાસે તો એક દિલ જ છે જે આપ પર કુર્બાન કરીએ છીએ આપ ગુલામોની આ ભેટને સ્વીકારો !

**આહ બે માયગીયે દિલ કે "રઝા"એ મોહતાજ**
**લે કે એક જાન ચલા બેહરે નિષારે આરિઝ**

*(આહ = અફસોસ, બે માય ગિયે દિલ = દિલની ગરીબી, ઈક = એક, બેહેરે નિષાર કુર્બાન કરવા માટે)*

**અર્થ** : હાય વધુ પેજ નં. ૧૨....પર

# અવલિયા અલ્લાહની કરામતો

અઝ : અબુલ કાસિમ અબ્દુલકરીમ બિન હવાઝિન કુશૈરી رحمۃ اللہ علیہ
અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી
તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

### ★ ફકીરોની કરામત ★

મેં શયખ અબૂ અબ્દુર્રહ્માન સલ્લમીથી પૂછયું કે મન્સૂર બિન અબ્દુલ્લાહે કહ્યું, અબૂ જઅફર બિન બરકાત ફર્માવે છે કે હું ફકીરોની મજલિસમાં બેસ્યા કરતો હતો. મને એક દિરહમ મળ્યો અને વિચાર્યું કે આ દિરહમ તે ફકીરોને આપી દઉં. પછી દિલમાં કહ્યું કે કદાચ મને એની જરૂરત પડી જાય ! એટલે ફકીરોને ન આપ્યો. પછી મારી દાઢમાં દર્દ શરૂ થયું તો મેં તેને કઢાવી નાખી. બીજીમાં દર્દ થયું તો તેને પણ કઢાવી નાખી. ત્યારબાદ ગયબથી અવાજ આવ્યો કે જો તું આ દીનાર એમને આપીશ નહીં તો તારા મોઢામાં એક પણ દાંત બાકી રહેશે નહીં !

ઉસ્તાદ ફર્માવે છે કે આ એક મહાન કરામત છે એના કરતાં કે અલ્લાહ તઆલા ખિર્કે આદતના તૌર પર ઘણા બધા દિરહમ આપી દેતો.

### ★ આમિર બિન અબ્દે કૈસની કરામત ★

અબૂ સુલૈમાન દારાની رحمۃ اللہ علیہ ફર્માવે છે કે આમિર બિન અબ્દે કૈસ શામની સફરે નીકળ્યા. તેમની પાસે એક મશક હતું. જ્યારે ચાહતા એમાંથી વુઝૂના માટે પાણી કાઢી લેતા.

### ★ એક અધિક કરામત ★

ઉષ્માન બિન અબી આતિકા રિવાયત કરે છે કે અમે એક જંગમાં રોમીઓના ઈલાકામાં હતા. સરદારે ફોજનો એક દસ્તો (લશ્કરનું એક દળ) કોઈ ઈલાકાની તરફ રવાના કર્યો, અને એક નિશ્ચિત દિવસ સુધી તેમને સમય આપ્યો. તે કહે છે કે નિશ્ચિત દિવસ આવી ગયો પણ ફોજી દસ્તો આવ્યો નહીં. જ્યારે કે અબૂ મુસ્લિમ ભાલો જમીનમાં ખોસીને નમાઝ પઢી રહ્યા હતા તો એવામાં એકાએક એક પક્ષી ભાલાની ટોચ પર આવી ગયું અને કહેવા લાગ્યું ફોજનો દસ્તો સહી સલામત છે અને માલે ગનીમત હાંસલ કરી ચૂકેલ છે અને ફલાણા દિવસે ફલાણા સમયે તમારી પાસે પહોંચી જશે. અબૂ મુસ્લિમે પક્ષીને પૂછયું કે તું કોણ છે ? ખુદા તારા પર રહમ કરે ! એણે જવાબ આપ્યો કે હું મો'મિનોના દિલોએથી ગમ દૂર કરનાર છું. અબૂ મુસ્લિમે જઈને સરદારને ખબર આપી. જ્યારે તેનો બતાવેલો સમય આવી ગયો તો ફોજ એ જ પ્રમાણે આવી પહોંચી જેવું કે તે પક્ષીને બતાવ્યું હતું.

### ★ એક આદમીની કરામત ★

એક સૂફીથી રિવાયત છે કે અમે કશ્તીમાં હતા. એક શખ્સ જે અમારી સાથે હતો અને બીમાર હતો તે મૃત્યુ પામ્યો. અમે તેને ગુસ્લ કફન આપ્યું અને હવે તેને સમુદ્રના હવાલે કરવાનો ઈરાદો જ કર્યો હતો એવામાં સમુદ્ર સુકાઈ ગયો અને નાવડી નીચે આવી ગઈ. અમે નાવડીથી નીકળીને તેના માટે કબ્ર ખોદી અને તેને દફન કરી આપ્યો. જ્યારે દફન ક્રિયાથી પરવાર્યા તો પાણી સરખુ થઈ ગયું અને કશ્તી ઉઠી અને અમે રવાના થઈ ગયા.

### ★ હબીબ અજમીની કરામત ★

કહેવામાં આવે છે કે બસરામાં લોકોને ભૂખમરાની નોબત આવી ગઈ તો હબીબ અજમી رحمۃ اللہ علیہ એ કેટલુક ખાવા ઉધાર ખરીદયું અને મિસ્કીનોમાં વહેંચી આપ્યું પછી પોતાની થેલી પોતાના માથા નીચે રાખી લીધી. જ્યારે લોકો ઉઘરાણી માટે આવ્યા તો તેમણે થેલીને ખોલી તો તે દિરહમોથી ભરેલી હતી, એના વડે એમણે લોકોનું કરજ અદા કરી આપ્યું.



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

***(દલીલુલ આરિફીન** : મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ)*

(**સંપાદક** : હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ)

### ★ એક પ્યારી સુન્નત ★

પછી ઝબાન મુબારકથી ફર્માવ્યું કે ફકીહો લખે છે કે રસૂલે ખુદા ﷺ ફર્માવે છે : જમણો હાથ ખાણુ ખાવા અને હાથ મોં ધોવાના માટે છે અને ડાબો હાથ ઈસ્તિન્જા કરવા માટે છે.

પછી વાત એના બારામાં શરૂ થઈ કે જ્યારે માણસ મસ્જિદમાં આવે તો સુન્નત એ છે કે પ્રથમ જમણો પગ અંદર રાખે, અને જ્યારે બહાર નીકળે તો ડાબો પગ પ્રથમ બહાર રાખે.

પછી ફર્માવ્યું કે એકવાર ખ્વાજા સુફયાન થૌરી મસ્જિદમાં આવ્યા અને ભૂલથી પ્રથમ ડાબો પગ અંદર રાખી દીધો, અને અવાજ આવ્યો કે બળદ આ રીતે બેઅદબીપૂર્વક ઘુસી આવે છે ! તે દિવસથી આપ ખ્વાજા સુફયાન થૌરી કહેવાયા.

### ★ અદના આરિફ કોણ ? ★

પછી આરિફોના બારામાં ચર્ચા શરૂ થઈ. આપે ફર્માવ્યું કે આરિફ તે શખ્સને કહે છે કે જે તમામ જહાનને જાણતો હોય, અને બુદ્ધિ વડે લાખો અર્થો પેદા કરી શકે છે અને વર્ણન કરી શકે છે, અને મહોબ્બતની સર્વ ગુંચોનો જવાબ આપી શકતો હોય, અને દરેક સમયે બહર (સમુદ્ર)માં તરતો રહે જેથી કરીને ઈસ્રારે ઈલાહી તથા અન્વારે ઈલાહીનાં મોતીઓ કાઢતો રહે અને દીદાવર જોહરીઓના સમક્ષ રજૂ કરતો રહે, જ્યારે તેઓ એને જુએ તો પસંદ કરે એવો શખ્સ બેશક ! આરિફ છે.

ત્યારબાદ એ જ મોકા પર ફર્માવ્યું કે આરિફ દરેક સમયે ઈશ્કના ખયાલોમાં વ્યસ્ત રહે છે અને ખુદાની કુદરતના કમાલોની આફરિનીમાં આશ્ચર્યચકિતત રહે છે. જો ઊભો છે તો પણ દોસ્તના વહેમમાં, અને જો બેઠો છે તો પણ દોસ્તને ઝિક્ર કરે છે, જો સૂતેલો છે તો દોસ્તના ખયાલમાં હેરતમય છે, જો જાગે છે તો [illegible] અઝમતની આસપાસ તવાફ કરે છે.

### ★ નમાઝે ઈશ્રાક઼ની ફઝીલત ★

ત્યારબાદ ફર્માવ્યું કે અહલે ઈશ્ક઼ સવારની નમાઝ અદા કરીને નમાઝની જગાએ સૂર્ય નીકળતાં સુધી બેઠેલા રહે છે, એમનો મક઼સદ એનાથી એ હોય છે કે દોસ્તની નજરમાં મક઼બૂલ થઈ જાઉં અને અન્વારની તજલ્લી એમના પર સતત થાય.

પછી ફર્માવ્યું કે જ્યારે એવો શખ્સ સવારની નમાઝ અદા કરીને નમાઝની જગાએ બેઠેલો રહે છે તો ફરિશ્તાને હુકમ થાય છે કે જ્યાં સુધી તે ન ઉઠે તેની પાસે આવીને તેના માટે બખ્શિશ માગે.

પછી એ જ મોકાસર ફર્માવ્યું કે ખ્વાજા જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ પોતાની ઉમદામાં લખે છે : "તે ઈસ્રારે ઈલાહીનો ઈશારો છે કે એક દિવસ રસૂલુલ્લાહ ﷺએ શૈતાનને ગમગીન જોઈને સબબ પૂછ્યો, તો તેણે અર્ઝ કરી કે આપની ઉમ્મતના ચાર ગિરોહ થશે, સૌથી પ્રથમ મોઅઝ્ઝિન જેઓ અઝાન

કહે છે એટલા માટે કે તે અઝાન કહે છે તો જે સાંભળે છે તે અઝાનના જવાબમાં મશ્ગૂલ થઈ જાય છે, કહેનાર તથા સાંભળનાર સૌને બખ્શી દેવામાં આવે છે. બીજા જેઓ જેહાદના માટે બહાર નીકળે છે તો તેમના ઘોડાઓની ખરીઓના અવાજથી જ્યારે તેઓ તકબીર કહે છે અને ખુદા માટે લડે છે તો હુકમ થાય છે કે તેમને તેમના સંબંધીઓ સહિત બખ્શી આપ્યા. ત્રીજો તે ગિરોહ છે જે હલાલ ધંધાથી રોજી કમાય છે અને દરવેશ જ્યારે હલાલની કમાઈ ખાય છે અને અન્યોને ખવડાવે છે તો અલ્લાહ તઆલા તેમને બખ્શી આપે છે. ચોથો તે ગિરોહ જે સવારની નમાઝ અદા કરીને સૂર્ય નીકળતા સુધી ત્યાં બેઠેલો રહે છે અને પછી ઈશ્રાક્ની નમાઝ અદા કરે છે. શૈતાને અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! (ﷺ) જે દિવસે હું મલકૂતમાં હતો તો મેં લોહે મેહફૂઝમાં લખેલું જોયું હતું કે **જે શખ્સ સવારની નમાઝ અદા કરીને સૂર્ય નીકળતા સુધી યાદે ઈલાહીમાં મશગૂલ રહે અને પછી ઈશરાક્ની નમાઝ અદા કરે તો અલ્લાહ તઆલા તેના સિત્તેર હજાર સંબંધીઓ સહિત તેને બખ્શી આપે છે, અને દોઝખના અઝાબથી મુક્તિત આપે છે.**

ત્યારબાદ ફર્માવ્યું કે મેં ફિક્હે અકબરમાં લખેલું જોયું છે કે ઈમામુલ મુત્તકીન અબૂ હનીફા કૂફી رحمۃ اللہ علیہ રિવાયત કરે છે કે એક કફનચોર ચાલીસ વરસો સુધી કફન ચોરતો રહ્યો, છેવટે જ્યારે મૃત્યુ પામ્યો તો તેને ખ્વાબમાં જોયો કે જન્નતમાં ટહેલી રહ્યો છે. એનો સબબ પૂછયો તો બોલ્યો કે મારામાં એક ચીજ હતી તે એ કે જ્યારે હું સવારની નમાઝ અદા કરતો હતો તો સૂરજ નીકળતાં સુધી યાદે ઈલાહીમાં મશગૂલ રહીને પછી ઈશ્રાક્ની નમાઝ અદા કરતો. હક્ક્તઆલા અતિશય માફ કરનારો છે તેણે એની બરકતથી મને બખ્શી આપ્યો, મારાં કામોનો કાંઈ ખયાલ ન કર્યો અને મને આ દરજ્જે પહોંચાડી આપ્યો.

પછી મોક઼ાસર ફર્માવ્યું કે આરિફને જ્યારે હાલત થાય છે અને એ ચીજમાં ગર્ક઼ હોય છે તો એ હાલતમાં જો કેટલાયે હજાર મુલ્ક જેમાં અજીબો ગરીબ ચીજો હોય તેની સમક્ષ રજૂ કરવામાં આવે છે તો તે એના પ્રતિ આંખ ઉઠાવીને પણ નથી જોતો, પણ એ જ ચીજમાં જુએ છે જે એના માટે નાઝિલ થાય છે. આરિફની એક નિશાની તો એ જ છે કે તે દરેક સમયે સ્મિત કરતો રહે છે. જે વખતે આરિફ સ્મિત કરે છે તે વખતે આલમે મલકૂતમાં મગરિબ તેને દેખાય આવે છે, તો જે કાંઈ એનાથી જાહેર થાય છે તે એના મુસ્કુરાવાનો સબબ હોય છે.

ત્યારબાદ ફર્માવ્યું કે ઈરફાનમાં એક હાલત હોય છે, જ્યારે એ હાલત એના પર છવાય છે તો એક જ ક઼દમમાં અર્શથી હિજાબે અઝમત સુધીનો ફાસલો પાર કરી લે છે અને ત્યાંથી હિજાબે કિબ્રિયા સુધી પહોંચી જાય છે, પછી બીજા ડગલા પર પોતાના સ્થાને આવી પહોંચે છે.

પછી ખ્વાજા સાહબ અશ્રુમય થઈ ગયા કે આરિફનો સૌથી કમ દરજો આ જ છે પરંતુ તે જે કામિલ છે તેનો દરજો અલ્લાહ તઆલા જ જાણે છે કે કતયાં સુધી છે, કતયાં સુધી પહોંચે છે અને કતયારે પાછા આવે છે. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰی ذٰلِكَ


**કન્ઝુલ ઈમાન તમારા ઘરોમાં વસાવો**

**કુર્આનનો શ્રેષ્ઠ તર્જુમો કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈર્ફાન**

**ઉર્દૂ તર્જુમાકાર :** આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ **તફસીર :** સદરુલ અફાઝિલ હઝરત મૌલાના સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ **ગુજરાતી અનુવાદક :** મર્હૂમ મૌલાના હસનઆદમ કોલવનવી

પ્રકાશક : **સુન્ની દા'વતે ઈસ્લામી** (દયાદરા શાખા) **C/o.** ફય્ઝાને રઝા મંઝિલ, મુા.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

આપના ઘરમાં ઈસ્લામી બંધારણનો પાયો જેના પર છે તે કુર્આને પાક જરૂરથી વસાવો અને તેને સમજવું જરૂરી હોવાથી **"કન્ઝુલ ઈમાન"**ને ઘરમાં રાખી વાંચો વંચાવો અને દિલોને ઈશ્કે નબી ﷺ તથા નૂરે ઈમાનથી માલામાલ કરો !

**કિંમત : ૩૫૦/–**
*(ટપાલ ખર્ચ રૂા. ૩૦/–)*

(કાયદા)

**મુનાફિક઼ત તે આનુ નામ !**

# નબી વલી માટે માનો તો શિર્ક ! દેવબંદી મોલ્વી માટે માનો તો ઈમાન ?!

**કોઈ હવાલો ખોટો સાબિત કરે તેને ૧ લાખ રૂા. ઈનામ !**

*દેવબંદી ધર્મની પાયાની કિતાબ 'તક઼વિયતુલ ઈમાન' જેને તેઓ જાણે કુર્આનના સ્થાને રાખે છે. તેમાં નબી વલી માટે ઈલ્મે ગયબ, હાઝિર નાઝિર માનવું, મદદ માંગવી–પુકારવું, મદદ કરવા તસર્રુફ (પહોંચ)નું માનવું, ઈખ્તિયાર હોવું.....વગેરે બાબતો* **અલ્લાહના અતા કરવાથી પણ** *માનવું* **શિર્ક** *દર્શાવ્યું છે. પણ એ જ શિર્કની માન્યતા જ્યારે પોતાના મોલ્વીની પ્રશંસામાં ગુણગાન લખવા બેસે છે ત્યારે પોતાના બુઝુર્ગની મહોબ્બતના નશામાં આ* **તૌહીદના ઠેકેદારો** *ભૂલી જાય છે ! તેમની* **દોરંગી પોલીસી***ની દાસ્તાન લોકો સમક્ષ જાહેર કરી તેમના ધોકાથી મુસ્લિમોને બચાવવા અત્રે આ પ્રકરણ શરૂ કર્યું છે જેનો અભ્યાસ કરો અને વહાબિયત દેવબંદિયતની અસલિયતને ઓળખો અને તેમની પાસે જવાબ માંગો ! (નોંધ : અહીં મોટાભાગની મેટર કિતાબ ઝલઝલા, લે. હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہ, અનુવાદક : મર્હૂમ અબ્દુલગફ્ફાર ચોલા જામનગરીમાંથી છે.) –તંત્રી*

## થાનવી પોતાના ક઼ાયદાથી પોતે જ મુશ્રિક !

પોતાના વર્તુળના એક બીજા બુઝુર્ગની ગયબદાની સંબંધે દેવબંદી મોલ્વી થાન્વીનો એક એકરાર જોઈ લો, તેમના મલ્ફૂઝાતના સંપાદકે લખ્યું છે કે :–

*(એક દિવસ થાન્વીએ) હઝરત મૌલાના યાકૂબના સંબંધે ફર્માવ્યું કે તેમણે ખબર આપી દીધી હતી એ બલાની જેમાં તેમના સગાંવહાલાંનું મૃત્યુ થયું હતું. ફરી ફર્માવ્યું કે મૌલાના (યાકૂબ)* ***કશ્ફનો ઈલ્મ*** *ધરાવતા હતા. રમઝાનમાં જ તેમણે ખબર આપી દીધી હતી કે એક મોટી બલા રમઝાન પછી આવશે, હમણાં આવી ગઈ હોત ! પરંતુ રમઝાનની બરકતના કારણે રોકાઈ ગઈ છે, જો લોકો તેનાથી બચવા ઈચ્છતા હોય તો દરેક વસ્તુઓમાં સદક઼ો આપે. (હસનુલ અઝીઝ, ભાગ : ૧, પેજ : ૨૯૩)*

અહીં તો પોતાના વર્તુળના મૌલાના યાકૂબ થકી સ્પષ્ટ ગયબની ખબર આપવા પર ઈમાન લાવવા છતાં દેવબંદી પેશવા થાનવી કે તેમના અનુયાયી મુશ્રિક ન થયા ! જ્યારે કે તેમના ત્યાં કુર્આની આયતોનાં ખોટાં અર્થઘટનો રજૂ કરી જણાવાય છે કે :–

*આ આયતથી સ્પષ્ટ થયું કે જો કોઈ માણસ એવો દાવો કરે છે કે હું એવું ઈલ્મ જાણું છું જેના વડે ગૈબની વાતો માલૂમ કરી કરી લઉં છું અને ભૂતકાળ તથા ભવિષ્યકાળની વાતો બતાવી શકું છું તો તે સાવ જૂઠો અને ખુદાઈનો દાવેદાર છે. જો કોઈ માણસ કોઈ નબી કે વલીને, જિન કે ફરિશ્તાને, ઈમામ કે ઈમામના પુત્રને, પીર કે શહીદને, જ્યોતિષી કે ફાલ જોનારને બ્રાહ્મણ કે ભૂતપ્રેતને, શુકન જોનાર કે પરીઓને આ પ્રકારનાં માને તો એવો માણસ મુશરિક અને આ આયતનો મુન્કિર બની જાય છે. –(તક઼વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ : ૬૭, ૬૮, પ્રકાશન નંબર : ૯૬, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

તે ઉપરાંત **કશ્ફ** તથા **ઈસ્તિખારા** વિશે લખ્યું છે :–

*ગૈબ જાણવાનો દાવો કરનાર બધાં જુઠ્ઠાં છે. કશ્ફ, ઈસ્તિખારહ, જ્યોતિષ, રમલ (પાસાં ફેંકીને શુભાશુભ ફળ જાણવું તે) બધું જ જૂઠું, છળકપટ અને શયતાનની જાળ છે. મુસલમાનોએ એમની જાળમાં કદી ફસાવું ન જોઈએ. –(તક્વિયતુલ ઈમાન–ગુજરાતી, પેજ : ૭૧, ૭૨ પ્રકાશન નંબર : ૯૬, અનુવાદક : હસન ભડકોદ્રવી, પ્રકાશક : દારુલ ઉલૂમ કંથારીયા, તા. જિ. ભરૂચ)*

**વિચારો** ! કાલે શું થશે ?! તેનો સંબંધ પણ ગયબના ઈલ્મ સાથે છે પરંતુ તમે જોઈ રહ્યા છો કે, વાત અહીં આવતી કાલથી પણ આગળ નીકળી ગઈ છે, અને ઈલ્મ પણ એટલો જ નથી કે, એક બલા આવનારી છે બલ્કે, એ પણ ખબર છે કે હમણાં જ આવી જાત, પરંતુ રમઝાનની બરકતને કારણે રોકાઈ ગઈ છે અને લોકો સદકો આપે તો એ બલા પાછી ફરી જશે ટળી જશે. જ્યારે બીજી બાજુ તેમના ધર્મની પાયાની કિતાબ ''તક્વિયતુલ ઈમાન''માં એ બધાને જૂઠુ તથા એવો અકીદો રાખનારા મુશ્રિક છે એવું દર્શાવે છે ! તો પોતાના કાયદાથી પોતે તેઓ મુશ્રિક ઠર્યા કે નહીં ?!

## થાનવીના ખલીફાની ગયબદાની !

એ તો પોતાના કુટુંબના શયખોની વાત હતી, હવે છોટેમિયાંનો કિસ્સો સાંભળો. અશ્રફુસ્સવાનેહના કર્તાએ મૌલ્વી થાન્વી સાહબના ખલીફા હાફિઝ ઉમર અલીગઢના ગયબી ઈન્કેશાફ (ગયબ જાણવું) સંબંધે હેરત અંગેઝ બનાવ લખ્યો છે, તેને વાંચી જુઓ :–

*એક સમયે હાફિઝ સાહબ રાત્રીના સમયે રેલથી થાણાભવન હાજર થયા, રેલ જ્યારે (થાન્વીની) ખાનકાહ પાસેથી પસાર થઈ ત્યારે તેમણે તદ્દન જાગૃત સ્થિતિમાં જોયું કે, મસ્જિદ ખાનકાહના ગુંબદથી લઈને આસ્માન સુધી નૂરનો એક તાર લાગેલો છે. (અશ્રફુસ્સવાનેહ, ભાગ : ૨, પેજ : ૬)*

એક તીરમાં બે નિશાન આને કહે છે ! એક તરફ પોતાની ગયબી શક્તિતનો દાવો પણ છે અને નૂરના આ સિલસિલાનો સંબંધ ગયબના ઈલ્મથી છે, બીજી તરફ એ પણ જાહેર કરવાનો હેતુ છે કે, દુનિયામાં તેમની ખાનકાહ અને ગુંબદ પણ અલ્લાહના નૂર અને તજલ્લીનાં કેન્દ્રો છે.

થાન્વીના એક અદના ખલીફાને ગયબના ઈલ્મની આ પ્રમાણેની સિદ્ધિ હાંસલ છે કે, તે પોતાના માથાની આંખોથી થાન્વીની ખાનકાહના ગુંબદથી આસ્માન સુધી અન્વારનો તાર લાગેલો જોઈ શકે છે, તો તેમના (પીર) થાન્વીના ઈલ્મનું તો પૂછવું જ શું ?!

અંબિયા અને અંબિયાઓના સરદાર, અવલિયા અને શહીદો સંબંધે એ શ્રીમાનોની માન્યતા શું છે એ આપણે જોતા આવ્યા છીએ કે કહે છે, તેમને ગયબનો ઈલ્મ નથી, કોઈની મદદ માટે પહોંચવાની તેમને શક્તિત નથી, ખુદાએ તેમને એવી શક્તિત અતા ફર્માવી છે એ માન્યતા પણ તેમની નજીક બાતિલ છે, પરંતુ એ શ્રીમાનોના ઘરના બુઝુર્ગોની વાત આવે છે ત્યાં એવી શક્તિતનો ધોધ છૂટવા લાગે છે ! ગયબના ઈલ્મનો દરિયો મોજાં મારતો થઈ જાય છે ! છતાં તેમના ઈમાન અને ઈસ્લામ બિલકુલ સલામત રહે છે ! કેટલી વિચિત્રતા છે આ દેવબંદી ધર્મની.......?! તેમની અક્કલ પર કેમ પથ્થર પડી ગયા છે ?!

સાચુ જ ફર્માવ્યું છે કોઈકે કે :–

***ખુદા જબ દીન લેતા હૈ–તો અકલેં છીન લેતા હૈ***

## હરેક મુસ્લિમે જાણવો જરૂરી હૈ
# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદીન જોનપૂરી** رحمۃ اللہ علیہ
**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

### કઝા નમાઝનું બયાન

શરીઅતે બતાવેલાં મજબૂરીના કારણ વિના નમાઝ કઝા કરવી સખત ગુનો છે. કઝા થયેલી નમાઝને કઝા પઢવી ફર્ઝ છે ઉપરાંત સાચા દિલથી તૌબા કરવી પણ જરૂરી છે. તૌબા અથવા હજ્જે મક઼બૂલથી આ ગુનો માફ થઈ જશે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : તૌબા ત્યારે જ ખરી ગણાશે કે તે નમાઝને કઝા પણ પઢી લે જે એણે પઢવાની બાકી છે. છૂટેલી નમાઝને કઝા ન પઢે અને ફકતત તૌબા કરે તો એનાથી એનો ફર્ઝ પણ ઉતરશે નહીં, ઉપરાંત એની તૌબા પણ ગણાશે નહીં. એટલા માટે કે જે એના માથે ફર્ઝ છે તે તો હજુ પણ પઢવાનું બાકી છે અને જ્યારે કે ગુનાહને છોડયો નથી તો પછી તૌબા કેવી રીતે થઈ ? *(રદ્દુલ મુહતાર)*

હદીષ શરીફમાં છે કે **ગુનાહની ઉપર કાયમ રહીને તૌબા કરવાવાળો એવો છે, જેવો કે તે પોતાના પાલનહારથી મશ્કરીઓ કરતો હોય.**

**મસ્અલો** : જે વાતનો બંદાને હુકમ હોય તેને તેના સમયમાં જ કરવાને અદા કહે છે અને સમય નીકળી ગયા પછી કરવાને કઝા કહે છે.

**મસ્અલો** : નમાઝના સમયમાં જ તે નમાઝની નિય્યત બાંધી લીધી તો તે નમાઝ કઝા ગણાશે નહીં. બલ્કે અદા ગણાશે, પરંતુ ફજર, જુમ્આ અને ઈદોની નમાઝમાં સલામ ફેરવ્યા પહેલાં જો સમય નીકળી ગયો તો તે નમાઝ તૂટી ગઈ. *(દુર્રે મુખ્તાર અને બહાર)*

**મસ્અલો** : ઊંઘવામાં અથવા ભૂલથી નમાઝ કઝા થઈ ગઈ તો તેની કઝા પઢવી ફર્ઝ છે, પરંતુ એને કઝા કરવાનો ગુનો લાગુ પડશે નહીં, પરંતુ જાગતાં જ અને યાદ આવતાં મકરૂહ સમય ન હોય તો તરત જ પઢી લે, મોડુ કરવું મકરૂહ છે. *(આલમગીરી)*

**મસ્અલો** : ફર્ઝ નમાઝની કઝા પણ ફર્ઝ અને વાજિબની કઝા વાજિબ છે અને સુન્નતની કઝા સુન્નત છે. એટલે કે સુન્નતો કે જેની કઝા હોય છે, જેમ કે ફજરની સુન્નતો, જ્યારે કે એના ફર્ઝો પણ કઝા થઈ ગયા હોય, અને જેમ કે ઝોહરની પહેલી સુન્નત પરંતુ તે ત્યારે કે ઝોહરનો સમય બાકી હોય. *(આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : કઝા પઢવા માટે કોઈ સમય નક્કી નથી. જિંદગીમાં જ્યારે પણ પઢશે, માથેથી જવાબદારી ઉતરી જશે. પરંતુ જો સૂર્યોદય, સૂર્યાસ્ત, અને મધ્યાન્હના સમયે પઢી તો નહીં, એટલા માટે કે એ વખતોમાં નમાઝ નથી. *(આલમગીરી)*

**મસ્અલો** : જે નમાઝ જેવી હાલતમાં છૂટી ગઈ હોય તેની કઝા પણ તેવી જ પઢવામાં આવશે. દા.ત. મુસાફરીની હાલતમાં કઝા થઈ તો ચાર રકાતવાળીને બે જ પઢવામાં આવશે, પછી ભલે તેને મુસાફરી પૂરી થયા પછીની હાલતમાં પઢવામાં આવે. એવી જ રીતે જો પોતાના રહેઠાણની કઝા થયેલી નમાઝોને ચાર રકાતવાળીની કઝા પણ ચાર રકાત પઢાશે પછી ભલે તેને મુસાફરીમાં પઢે. અલબત્ત કઝા પઢતી વખતે કોઈ મજબૂરીનું કારણ હશે તો તેની છૂટ રહેશે. દા.ત. જે વખતે નમાઝ કઝા થઈ તે વખતે ઉભો થઈને પઢી શકતો હતો અને હવે ઉભો થઈ શકતો નથી તો બેસીને પઢે અથવા ઈશારાથી પઢી શકતો હોય તો ઈશારાથી પઢે અને તંદુરસ્ત થયા પછી ફરીથી ઠીક રીતે પઢવાની નથી. *(આલમગીરી, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : એવો બીમાર કે ઈશારાથી તે પઢી શકતો નથી જો એવી હાલત પૂરા છ વખતની નમાઝ વીતી જાય ત્યાં સુધી રહી તો એ હાલતમાં જે નમાઝો જતી રહી એની કઝા જરૂરી નથી. *(આલમગીરી)*

**મસ્અલો** : ગાંડાની ગાંડપણની હાલતમાં જે નમાઝો જતી રહી એના સારા થયા પછી તે નમાઝોની કઝા જરૂરી નથી. પરંતુ એ ત્યારે છે જ્યારે ગાંડપણ દરમ્યાન પૂરા છ સમયની નમાઝોનો સમય એકી સાથે વીતી જાય ત્યાં સુધી રહ્યું હોય. *(આલમગીરી)*

**મસ્અલો** : જો એટલો સમય બાકી રહેતો હોય કે ટૂંકાણમાં નમાઝ પઢે તો બંને પઢી શકે છે, અને જો સારી રીતે પઢવામાં આવે તો બંને નમાઝો પઢી શકાય એટલો સમય નથી, એવી પરિસ્થિતિમાં પણ તરતીબ (અનુક્રમ) ફર્ઝ છે અને શરીઅત પ્રમાણે જેટલું પણ વધુમાં વધુ ટૂંકાણમાં પઢી શકાય એટલું પઢે. *(આલમગીરી)*

## કઝા નમાઝોમાં તરતીબ (અનુક્રમ) વાજિબ હોવાનું બયાન

**મસ્અલો** : સાહિબે તરતીબ અર્થાત જેને માથે છ નમાઝો કરતાં ઓછી છે. જો તે કઝા નમાઝ યાદ હોવા છતાં અને સમય હોવા છતાં વકતી નમાઝ (જે તે સમયની) પઢશે તો એની વકતી નમાઝ થશે નહીં. નમાઝ ન થવાનો મતલબ એ છે કે અદ્ધર રહેશે, મકબૂલ કે નામકબૂલ ગણાશે નહીં. જો વકતી નમાઝ પઢતો રહ્યો અને કઝા રહેવા દીધી તો જ્યારે બંનેવ મળી છ થઈ જશે અને છઠ્ઠીનો ટાઈમ પૂરો થઈ જશે તો (કઝા સિવાયની) બધી સહીહ થઈ જશે (જે મૌકૂફ રહેલી હતી) પરંતુ એ છ દરમ્યાનમાં એક પણ કઝા પઢી લીધી તો બધી તો ગઈ. (નફલ થઈ ગઈ) હવે ફરીથી બધી જ પઢે. *(બહારે શરીઅત)*

**મસ્અલો** : છૂટી ગયેલી નમાઝ અને વકતી નમાઝમાં તરતીબ જરૂરી છે. જ્યારે કે **છૂટી ગયેલી નમાઝો છ કરતાં ઓછી હોય** અર્થાત પહેલાં કઝા નમાઝો પઢી લેવી પછી વકતી નમાઝ પઢવી. દા.ત. આજે કોઈની ફજર, ઝોહર, અસર અને મગરિબ કે કઝા થઈ તો તે ઈશાની નમાઝ નથી પઢી શકાતો, જ્યાં સુધી કે તે અનુક્રમ પ્રમાણે ચાર નમાઝ કઝા ન પઢી લે.

**મસ્અલો** : જો એટલો સમય ન હોય કે વકતી નમાઝ અને બધી કઝા નમાઝો પઢી શકે તો વકતી નમાઝ અને કઝા નમાઝમાંથી જે નમાઝ પઢી શકાય તે પઢે. બાકીનામાં તરતીબ નથી. દા.ત. ઈશાની નમાઝમાં ફર્ઝ અને વિત્ર કઝા થઈ ગઈ અને ફજરના ટાઈમમાં પઢવી છે પરંતુ પાંચ જ રકાત પઢી અને છ રકાત પઢી શકાય એટલો સમય છે તો ઈશાના ફર્ઝ કઝા પઢીને ફજર પઢે. *(શર્હે વકાયા)*

**મસ્અલો** : **છ નમાઝો જેની કઝા થઈ ગઈ** એટલે કે જેની છઠ્ઠી નમાઝનો સમય પણ પૂરો થઈ ગયો **તેના પર તરતીબ ફર્ઝ નથી,** હવે પૂરતો સમય હોય વળી એની કઝા થયેલ નમાઝ યાદ હોય છતાં વકતી નમાઝ પઢશે તો તે વકતી નમાઝ થઈ જશે પછી ભલે કઝા નમાઝો એના પર છે તે બધી એકી સાથે કઝા થઈ હોય, દા.ત. એકી સાથે છ સમયની નમાઝ ન પઢી હોય અથવા બધી એકી સાથે છ ટાઈમની ન હોય પરંતુ જુદી જુદી જેવી કે છ દિવસ ફજર ન પઢી અને બાકીની બીજી નમાઝ પઢી તો રહ્યો પરંતુ એ નમાઝો પઢતી વેળા ફજરની કઝા નમાઝો ભૂલી ગયો. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : જ્યારે છ નમાઝો કઝા થઈ ગઈ એટલે કે છઠ્ઠી નમાઝનો સમય પણ પૂરો થઈ ગયો તો તરતીબ ફર્ઝ ન રહી, ચાહે તે બધી પૂરાની નમાઝો હોય, અથવા કેટલીક નવી, કેટલીક પૂરાની હોય, જેવી રીતે કે એક મહિનાની નમાઝ ન પઢી, ફરી પઢવાની શરૂ કરી ફરી એક ટાઈમની કઝા થઈ ગઈ તો એના પછીની નમાઝ થઈ જશે એટલા માટે કે એના માથે છ નમાઝોથી વધારે છે જેના કારણે તરતીબ જતી રહી. *(રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : જ્યારે છ નમાઝો કઝા થઈ જવાને કારણે તરતીબ (ક્રમ) ઉતરી ગઈ હવે એ કઝાઓમાંથી અમુક પઢી લીધી કે કઝા છ કરતાં ઓછી રહી ગઈ તો તરતીબથી પઢવું તેને માટે જરૂરી નથી, જ્યાં સુધી તે છ નમાઝોની કઝા ન પઢી લે. **જ્યારે બધાની કઝા પઢી લેશે ત્યારે જ તે "સાહિબે તરતીબ" થઈ જશે.** *(શરહે વકાયા, આલમગીરી, દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર)*

**મસ્અલો** : છ અથવા એના કરતાં વધારે કઝા નમાઝોમાં જેવી રીતે કઝા અને અદામાં તરતીબ (ક્રમ) રહેતી નથી, તેવી જ રીતે કઝા નમાઝોમાં પણ ક્રમ રહેતો નથી. અર્થાત કઝા નમાઝોમાં પણ અંદરો અંદર ક્રમ રહેતો નથી આગળ પાછળ પઢી શકાય છે. દા.ત. કોઈએ એક મહિના સુધી નમાઝ ન પઢી પછી તે મહિનાની નમાઝોની કઝા એવી રીતે પઢી કે પ્રથમ ૩૦ ફજરની કઝા પઢી એના પછી ૩૦ ઝોહરની કઝા પઢી. એવી રીતે પાંચે વકતતની કઝા પઢી તો એવી રીતે કઝા પઢવી પણ સહી છે. *(આલમગીરી)*

**મસ્અલો** : જેને માથે કઝા નમાઝો પઢવી બાકી હોય તેણે જેટલી પણ બની શકે તેટલી વહેલી તકે પઢી લેવી જરૂરી છે, પરંતુ પોતાની સ્ત્રી, બાળકોના હક્કો અદા કરવામાં અને પોતાની જરૂરિયાત પૂરી કરવાને ખાતર મોડું કરી શકે છે. જેથી કરીને પોતાનો ધંધો રોજગાર પણ કરે અને જે પણ નવરાશનો સમય મળે તેમાં કઝા નમાઝો પઢતો રહે, ત્યાં સુધી કે બધીય પઢી ચૂકે. *(દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : **કઝા નમાઝો નફલો કરતાં વધુ અગત્યતા ધરાવે છે.** એટલે કે જે સમયે નફલ પઢે તેના બદલે તેને છોડી કઝા નમાઝો પઢવી કે જેથી માથેથી જવાબદારી ઉતરી જાય, પરંતુ હા, તરાવીહ અને સુન્નતે મોઅક્કદાને ન છોડવી.

**મસ્અલો** : જેને માથે કેટલાય વર્ષોની કઝા નમાઝો પઢવી બાકી હોય અને ચોક્કસ યાદ જ ન હોય કે કેટલા દિવસથી કઈ કઈ નમાઝો કઝા થઈ, તો તે એવી નિય્યત કરીને પઢે કે સૌથી પહેલી જે ફજરની નમાઝ મારાથી કઝા થઈ તેને હું પઢું છું. એ જ રીતે સૌથી પહેલી ઝોહર કે અસર જેની કઝા પઢવા ચાહે તેની નિય્યત કરી પઢે, એ જ રીતે બાકી નમાઝો પૂરી કરે, ત્યાં સુધી કે પોતાના દિલથી યકીન થઈ જાય કે બધી નમાઝો પઢી ચૂકતયો.

**મસ્અલો** : માણસ પછી તે મર્દ હોય કે ઔરત જ્યારથી તે બાલિગ (પુખ્ત વય) થઈ જાય ત્યારથી તેના ઉપર નમાઝ, રોઝા ફર્ઝ થઈ જાય છે. **ઔરત ઓછામાં ઓછી નવ વર્ષની ઉંમરે અને વધુમાં વધુ ૧૫ વર્ષની ઉંમરે બાલિગ થઈ જાય છે. અને મર્દ ઓછામાં ઓછા બાર વર્ષે અને વધુમાં વધુ પંદર વરસની ઉંમરે બાલિગ થઈ જાય છે.** ૧૫ વરસની ઉંમરવાળાને પછી તે મર્દ હોય કે ઔરત તેને શરીઅતમાં બાલિગ ગણવામાં આવે છે પછી તેમાં બાલિગ હોવાની નિશાનીઓ હોય કે ન હોય.

**મસ્અલો** : અભણ હોવું કે ગામડીયો હોવું કે કોઈપણ બહાનું શરીઅતમાં ચાલશે નહીં. દરેકના ઉપર શરીઅતની જરૂરી બાબતો શીખવી ફર્ઝ છે. જો પોતાના ફર્ઝો, વાજિબો શીખશે નહીં તો તે ગુનેહગાર થશે ઉપરાંત અઝાબને પાત્ર ઠરશે.

પેજ નં.૪૦નું ચાલુ...

### ★ શાબ્દિક અર્થમાં કોઈને ઈમાનવાળા કહેવું ? ★

**સવાલ** : યહૂદી અને નસરાનીને પારિભાષિક અર્થમાં નહીં લુગવી (શાબ્દિક) અર્થમાં જો અહલે ઈમાન કહે તો શું હુકમ છે ?

**જવાબ** : આ દલીલ પણ બાતિલ છે, ઈમામ અહમદ રઝા ખાન رحمة الله عليه ફર્માવે છે કે સ્પષ્ટ શબ્દોમાં બોલાયેલ વાતમાં કોઈ તાવીલ (અર્થઘટન) નથી સાંભળવામાં આવતી. *(ફતાવા આલમગીરી, ભાગ : ૨, પેજ : ૩૬૩)*

જો કોઈ પોતાની જાતને "અલ્લાહનો રસૂલ" કહે અથવા ફારસી ઝબાનમાં કહે કે "હું પયગંબર છું", અને મતલબ એવો લે કે હું કોઈનો સંદેશો પહોંચાડવાવાળો ટપાલી છું, તો કાફિર થઈ જશે. અને હઝરત મૌલાના અલી કારી رحمة الله عليه શરહે શિફા, ભાગ : ૨, પેજ : ૩૯૬માં ફર્માવે છે : "જો તે મશ્દકે કહ્યું કે મેં (રસૂલથી) વિંછી મતલબ લીધો એવી રીતે પણ ઉર્ફી રિસાલતને લુગ્વી મઅના (શાબ્દિક અર્થ) તરફ ઢાળવું છે વિંછીને પણ ખુદા એ જ મોકલ્યો અને ખલ્ક પર મુસલ્લત કર્યો છે. અને આવું અર્થઘટન શરીઅતના કાયદાઓ નજીક મરદૂદ છે." *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૧૫, પેજ : ૫૭૮, ૫૭૯)*

# ગલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તહીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ–પોરબંદર
(B.Sc. M.Ed.)

### ★ મગરિબ અને ઈશાની નમાઝ કતયાં સુધી પઢી શકાય છે ? ★

ઘણા લોકો થોડુ થોડુ અંધારું થયા પછી એવું વિચારવા માંડે છે કે મગરિબની નમાઝનો સમય પૂરો થઈ ગયો, હવે નમાઝ કઝા થઈ ગઈ અને ખોટી રીતે નમાઝ છોડી દે છે અથવા કઝાની નિય્યતથી પઢે છે. મગરિબની નમાઝનો સમય ગુરૂબ આફતાબથી લઈને શફક સુધી છે. શફક એ સફેદીને કહેવાય છે જે પશ્ચિમની બાજુએ લાલાશ ડૂબ્યા પછી ઉત્તર–દક્ષિણમાં સુબ્હ સાદિક઼ની જેમ ફેલાઈ જાય છે.

હા, મગરિબની નમાઝ જલ્દી પઢવું મુસ્તહબ છે અને કારણ વગર બે રકાત જેટલુ મોડુ કરવું "મકરૂહે તન્ઝીહી" એટલે "ખિલાફે ઉલા" છે, કારણ વગર એટલું મોડું કરવું કે જેથી તારાઓ દેખાવવા લાગે તો "મકરૂહે તહરીમી" અને "ગુનાહ" છે. *(અહકામે શરીઅત, પેજ : ૧૩૭)*

હા, જો પઢી જ નથી તો પઢી લો અને જ્યાં સુધી ઈશાની નમાઝનો સમય શરૂ નથી થયો, મગરિબની નમાઝ અદા થશે, કઝા નહીં થાય. અને આ વખત (મગરિબની નમાઝનો) ઓછામાં ઓછો એક કલાક, અઢાર મિનિટ (૧ કલાક–૧૮ મિનિટ) અને વધુમાં વધુ એક કલાક પાંત્રીસ મિનિટ (૧ કલાક–૩૫ મિનિટ)ની વચ્ચે હોય છે જે ઋતુ મુજબ ઘટે વધે છે, એટલે કે ૧ કલાક અને ૧૮ મિનિટથી ૩૫ મિનિટની વચ્ચે બદલાતો રહે છે.

ઈશાની નમાઝ બાબત પણ અમુક લોકો એમ સમજે છે કે તેનો સમય રાતના ૧૨ વાગ્યા સુધી રહે છે આ પણ ખોટુ છે. ઈશાની નમાઝનો સમય સવારમાં સુબ્હ સાદિક઼ તુલૂઅ થતા સુધી એટલે કે સહેરીનો વખત ખલાસ થાય ત્યાં સુધી રહે છે. હા, રાતના ત્રીજા ભાગથી વધારે મોડુ કારણ વગર કરવું મકરૂહ છે.

### ★ મસ્જિદમાં પોતાના માટે માગવું ★

આજકાલ મસ્જિદોમાં સવાલ કરવાનો અને ભીખ માંગવાનો રિવાજ ઘણો જ વધી રહ્યો છે. ખાસ કરીને જોવા મળે છે કે જેવી ઈમામ સાહબે સલામ ફેરવી તેવો જ કોઈ ન કોઈએ અને ઘણી વખત કેટ કેટલા લોકોએ પોત પોતાની અંગત આપવીતીઓ (મુશ્કેલીઓ) સંભળાવવાની અને "મદદ કરો ભાઈઓ !"ના અવાજો આપવાનુ શરૂ કરી દીધું. જો કે આ ઘણો જ ખોટો રિવાજ છે. આવા લોકોને આવી હરકતોથી દૂર રાખવું જોઈએ અને મસ્જિદોમાં ભીખ માંગવાની પ્રથાને સખ્તાઈથી રોકવું જોઈએ.

સદરુશ્શરીઅહ્ હઝરત મૌલાના અમજદઅલી સાહબ رحمۃ اللہ علیہ ફર્માવે છે :–

**"મસ્જિદમાં સવાલ કરવું હરામ છે અને તે સવાલ કરનારને આપવું પણ મના છે."** *(બહારે શરીઅત, ભાગ : ૩, પેજ : ૧૮૪)*

એનો રિવાજ આ પ્રમાણે હોવો જોઈએ કે આવા લોકો મસ્જિદના બહારના દરવાજા પાસે ઊભા રહીને સવાલ કરે અથવા મસ્જિદના ઈમામ વગેરે કોઈ પણ જવાબદાર વ્યક્તિત તે વ્યક્તિતની જરૂરિયાત માટે લોકોને કહી આપે. (એલાન કરી આપે)

(કાર્યાલય)

# એક મહત્વનો જરૂરી ફત્વો

શું ફર્માવે છે દીનના ઉલમા આ મસ્અલામાં કે : "એક સોસાયટીમાં સુન્ની અધિક અને દેવબંદી કમ એવી ભેગી વસ્તી છે. કેટલાક લોકોએ મિટિંગ કરીને સોસાયટીમાં એવી "સાર્વજનિક મસ્જિદ" બનાવવાનું વિચાર્યું જેમાં સૌને આવવાની ઈજાઝત હોય, સુન્ની દેવબંદી સૌને ઈબાદતનો હક્ક આપવો તથા ઈમામ સુન્ની રાખવો પણ એવો કે સૌના નિકાહ પઢાવે, સૌની જનાઝાની નમાઝ પઢાવી આપે ચાહે સુન્ની હોય કે દેવબંદી, વહાબી, અને કોઈપણ ફિર્કાની રદ ન કરે. આપણે સૌ સુન્ની દેવબંદી હરીમળીને એકતાથી રહીએ કેમ કે સમયનો તકાઝો એ જ છે કે આપણે સૌ ફિર્કાવાળા એક થઈને રહીએ." તો સવાલ એ છે કે :–

**૧.** શું આવી એકતાવાળી મસ્જિદ બનાવવી શરીઅતમાં જાઈઝ છે ?

**૨.** શું વહાબી દેવબંદી ફિર્કાવાળા મુર્તદ નથી ? તેમના અક઼ીદા કુફ્રી નથી ? અને એમની સાથે મેલજોલનો શો હુકમ છે ?

**૩.** અને આવી ઈજ્જત એમને આપવી અને એલાનની સાથે મસ્જિદમાં તેમનો હક્ક રાખવો આ કોઈ કુર્આન હદીષથી સાબિત વાત છે ?

**૪.** તેમની નમાઝે જનાઝા તથા નિકાહ પઢાવવા કેવું છે ? અને બયાનમાં કોઈ ફિર્કાની રદ ન કરવી એવો કાનૂન બનાવવો કેવો ?

**૫.** એવી મીટિંગ કરવાવાળા તથા આવી મસ્જિદ બનાવવાનો પ્લાન કરનારા સુન્નીઓ પર શું હુકમ છે ?

**–પ્રશ્નકર્તા : પટેલ શબ્બીર અલી રઝવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ **અલ્જવાબ : ૧.** દર્શાવેલ સ્થિતિમાં એવી મસ્જિદ બનાવવી જેમાં સુન્ની સહીહુલ અક઼ીદા અને વહાબી દેવબંદી પણ આવીને નમાઝ પઢે એવી મિશ્ર (સાર્વજનિક) મસ્જિદ બનાવવી જાઈઝ નથી, કેમ કે દેવબંદી પોતાના કુફ્રી અક઼ીદાઓના કારણે કાફિર તથા મુર્તદ છે. હદીષ શરીફમાં આવ્યું છે કે, "એમનાથી દૂર રહો અને એમને તમારાથી દૂર રાખો કે તે કતયાંક તમને ગુમરાહ ન કરી આપે." વહુવ તઆલા અઅ્લમ.

**૨.** વહાબી દેવબંદીઓના અક઼ીદા કુફ્રી છે અને તેઓ કાફિર તથા મુર્તદ છે, તેમની સાથે મેલજોલ રાખવી હરામ છે, જેમ કે, "ફતાવા હુસ્સામુલ હરમૈન"માં વર્ણન થયેલ છે. વહુવ તઆલા અઅ્લમ.

**૩.** વહાબી દેવબંદીને સુન્ની મસ્જિદમાં આવવા દેવાનો હક્ક હોવાનું વર્ણન કુર્આન તથા હદીષમાં હોવું તો દૂર રહ્યું ! બલ્કે હદીષ તથા ફુક઼હાએ કિરામે વહાબી દેવબંદીને મસ્જિદમાં આવવા દેવાથી મના કર્યું કે તેઓ મૂઝી છે અને દરેક મૂઝીને મસ્જિદમાં આવવાથી રોકવું લાઝિમ છે. 'દુર્રે મુખ્તાર'માં છે : "ઈજા આપનારને મસ્જિદમાં આવવાથી રોકવામાં આવે, ભલે તે કેવળ જીભ વડે જ ઈજા આપતો હોય." તો અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહ ﷺને ગાળો આપનારાઓથી (જેમ કે તેમની કિતાબો જહદુલ મિકતલ, હિફઝુલ ઈમાન, બરાહીને કાતિઆ, તક઼વિયતુલ ઈમાન, તહઝીરુન્નાસ વગેરેમાં ખુદા વ રસૂલની શાન વિરુદ્ધ લખેલું છે) વધીને મૂઝી કોણ હશે ?! તેમજ તેમના સફમાં ઊભા રહેવાથી સફ કટ પણ થશે કે દેવબંદી જે સફમાં ઉભા હશે એટલી જગા ખાલી ગણાશે અને સફ કટ થશે અને સફ કટ થવી હરામ છે. રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે : "જે સફને મિલાવે તેને અલ્લાહ તઆલા પોતાની રહમતથી મિલાવશે અને જે સફ કટ કરે તેને અલ્લાહ પોતાની રહમતથી અલગ કરે." જેથી જેટલા લોકો એમને મસ્જિદમાં આવવા દેશે સૌ ગુનેહગાર તથા અઝાબની ધમકીના પાત્ર થશે. વહુવ તઆલા અઅ્લમ.

**૪.** વહાબી દેવબંદીની નમાઝે જનાઝા પઢાવવી તેને દેવબંદી સમજીને હરામ છે અને તેને મુસલમાન સમજીને પઢાવશે તો **કુફ્ર** છે. અને એ જ પ્રમાણે દેવબંદીનો નિકાહ પઢાવવો પણ હરામ છે અને બાતિલ ફિર્કાની રદ ન કરવાનો કાનૂન બનાવવો નાજાઈઝ છે. વહુવ તઆલા અઅ્લમ.

**૫.** આવી મીટિંગ કરનારા અને આવી મસ્જિદ બનાવવાનો પ્લાન કરનારા સૌ હરામકારીમાં સપડાયા અને અઝાબે નારના મુસ્તહિક઼ છે, એમના પર લાઝિમ છે કે પોતાની આવી હરકતોથી દૂર રહે અને કેવળ સુન્ની સહીહુલ અક઼ીદાના માટે મસ્જિદ બનાવે. વહુવ તઆલા અઅ્લમ.

**લખનાર** : (મુફતી) નઝરુલ હક્ક મિસ્બાહી, ખાદિમુલ ઈફતા દારુલ ઉલૂમ મોઈનુલ ઈસ્લામ, થામ, જિ. ભરૂચ–ગુજરાત, તા. ૧૪–૫–૨૦૧૨, ૨૨–જમાદિઉલ આખર, હિ.સ. ૧૪૩૩



## દીની કિતાબોના વાંચનનું મહત્વ અને આપણે !

રજૂકર્તા : **હાફિઝ મુહમ્મદ સજ્જાદ શબ્બીર પટેલ રઝવી-દયાદરવી**

દીની કિતાબોના અભ્યાસથી જે અણમોલ નેઅમત દીનનો ઈલ્મ પ્રાપ્ત થાય છે તેના સંબંધે યોગ્ય જણાય છે કે એના ફઝાઈલ વિશે કુર્આનની આયતો તથા મુબારક હદીષો પણ વર્ણન કરી આપું જેથી આપણા વાંચકોના દિલ તથા જિગરમાં દીની કિતાબોના અભ્યાસનું મહત્વ સંપૂર્ણપણે પ્રવેશત થઈ જાય અને વર્તમાન સમયે જે કિતાબોના વાંચન વિશે બેદરકારી તથા નિષ્કાળજી આપણી કૌમમાં કમનસીબીથી આવી ગઈ છે એ દૂર થઈ જાય. (ઈન્શાઅલ્લાહુલ અઝીઝ !)

ઈલ્મના મહત્વને સ્વીકારનાર આમ તો આખી દુનિયા તથા સર્વ ધર્મો છે, પરંતુ એમાં હક્ક઼ ધર્મ ઈસ્લામ સૌથી મોખરે છે, ત્યાં સુધી કે ઈસ્લામે પોતાના માનવાવાળાઓ માટે દીનના ઈલ્મની પ્રાપ્તિને ફરજ ઠરાવી દીધી. ઈલ્મના મહત્વને કુર્આન શરીફમાં કાંઈક આ પ્રમાણે બયાન કરવામાં આવેલ છે : "તમે ફર્માવો, શું બરાબર છે જાણવાવાળા અને અજાણ ?" *(પારા : ૨૩, સૂરએ ઝુમર)*

બીજી જગ્યાએ ઈર્શાદ ફર્માવે છે : "તો એમના દરેક ગિરોહમાંથી એક જુથ નીકળે કે દીનની સમજ મેળવે અને પાછા ફરીને પોતાની કૌમને ડર સંભળાવે એ ઉમ્મીદથી કે તેઓ બચે." *(પારા : ૧૧, સૂરએ તૌબા : ૧૨૨)*

એક જગ્યાએ ઈલ્મ પ્રાપ્તિ માટે દુઆ કરવાની તા'લીમ માટે ઈર્શાદ ફર્માવે છે : "અને અર્ઝ કરો કે હે મારા રબ ! મને વધારે ઈલ્મ આપ." *(પારા : ૧૬, સૂરએ તાહા : ૧૧૪)*

હવે કેટલાંક ફર્માને મુસ્તફા ﷺ પણ સાંભળો :

તાજદારે મદીના ﷺ ઈર્શાદ ફર્માવે છે : "અલ્લાહ તઆલા જેની સાથે ભલાઈનો ઈરાદો કરે છે એને દીનની સમજ આપે છે." *(સહીહ બુખારી, ભાગ : ૧, પેજ : ૪૩, હદીષ : ૭૧)*

ફર્માવે છે કે જે બંદો ઈલ્મની તલાશમાં જોડા, મોજાં કે કપડાં પહેરે છે તો પોતાના ઘરના ઉંબરાથી નીકળતાં જ એના ગુનાહ માફ કરી દેવામાં આવે છે." *(તિબ્રાની અવસત, હદીષ : ૫૭૨૨)*

એક જગ્યાએ ઈર્શાદ ફર્માવે છે કે જે ઈલ્મની તલાશમાં નીકળે છે એ પાછો ફરે ત્યાં સુધી અલ્લાહની રાહમાં છે." *(જામએ તિર્મિઝી, કિતાબુલ ઈલ્મ, હદીષ : ૨૬૫૬)*

ફર્માવે છે કે, "ઈલ્મનું એક પ્રકરણ જેને માણસ શીખે છે એ મારા નજીક હજાર રકાત નફ્લ પઢવાથી પણ વધારે પસંદીદા છે અને જે કોઈ તાલિબે ઈલ્મને ઈલ્મ પ્રાપ્ત કરતાં કરતાં મૌત આવી જાય તો એ શહીદ છે." *(અત્તરગીબ વત્તરહીબ, કિતાબુલ ઈલ્મ, હદીષ : ૧૬)*

એક જગ્યાએ ઈર્શાદ થાય છે કે જે મારી આ મસ્જિદમાં ફકતત ભલાઈની વાત શીખવા અથવા શીખવાડવા આવ્યો તો તે અલ્લાહની રાહમાં જેહાદ કરવાવાળા જેવો છે, અને જો કોઈ બીજી કોઈ નિય્યતથી આવ્યો તો એ પરાયા માલ પર નજર રાખનાર જેવો છે." *(સુનને ઈબ્ને માજહ, કિતાબુલ ઈલ્મ, હદીષ : ૨૨૭)*

ફર્માને મુસ્તફા ﷺ છે કે જે કોઈ અલ્લાહ ﷻ ના ફર્ઝોના વિશે એક અથવા બે અથવા ત્રણ અથવા ચાર અથવા પાંચ વાતો શીખે અને એને સારી રીતે યાદ રાખે અને પછી લોકોને શીખવાડે તો એ જન્નતમાં જરૂર દાખલ થશે. હઝરત સૈયદિના અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે કે હું હુઝૂરે પાક ﷺથી આ વાત સાંભળ્યા પછી કોઈ હદીષ ન ભૂલ્યો." *(અત્તરગીબ*

વત્તરહીબ, કિતાબુલ ઈલ્મ, હદીષ : ૨૦)

હઝરત સૈયદના અબૂ દર્દા رضی اللہ عنہ ફર્માવે છે કે ઈલ્મનો એક મસ્અલો શીખવો મારી નજીક આખી રાત ક઼યામ કરવાથી વધારે પસંદીદા છે. વધુમાં ફર્માવે છે કે જે એવું કહે કે ઈલ્મની તલાશમાં રહેવું જેહાદ નથી તેની રાય તથા બુદ્ધિ અપૂર્ણ છે.'' *(અલ્ મુતબહ્હરુ રાબિઅ ફી સવાબિલ અમલિસ્સાલિહ)*

જે ઈલ્મે દીનનું આટલુ બધુ મહત્વ અને ફઝીલત આપે જોઈ, તેની પ્રાપ્તિનો એક મહત્વનો ઝરિયો કિતાબોનું વાંચન છે. જ્યારે કિતાબોના વાંચનથી આટલી અમૂલ્ય ચીજ પ્રાપ્ત થાય છે તો પ્રાપ્ત થયેલ ચીજ પરથી જ કિતાબોના અભ્યાસનું મહત્વ જાહેર થઈ જાય છે. આવો ! હવે કેટલાક મશ્હૂર ઉલ્માએ કિરામના અભ્યાસનું નિરીક્ષણ કરીએ જે પોતાના વખતમાં આલમે ઈસ્લામમાં આફતાબ અને માહતાબ બનીને રોશન થયા અને સેંકડો વર્ષો થઈ ગયા બાદ પણ દુનિયા એમની કિતાબોના અભ્યાસથી ફાયદો ઉઠાવે છે અને પોતાની હૈસિયત પ્રમાણે ઈલ્મની પ્યાસને બુઝાવે છે.

મહમ્મદ બિન હાતિમ ઔરાક઼ કહે છે કે ઈમામ બુખારી જ્યારે સફરમાં હોય ત્યારે અમને બધા ખાદિમોને એક ઓરડામાં રાખતા અને પોતે એક અલગ ઓરડામાં રહેતા. એકવાર મેં જોયું કે એ રાતમાં પંદરથી વીસ વખત ઉઠયા અને ચકમક વડે ચિરાગ સળગાવતા અને હદીષોના દફતર પઢતા, કતયાંક કતયાંક નિશાની લગાડતા પછી તક઼િયા પર માથુ રાખી સૂઈ જતા.

મેં અર્ઝ કરી કે રાત્રે આપ વારંવાર જાતે તકલીફ ઉઠાવી ! મને ઉઠાડી દેત. તો આપે ફર્માવ્યું, તમે જુવાન છો અને ગાઢ ઊંઘમાં હોઉ છો તો તમારી ઊંઘ ખરાબ થાય. *(નુઝહતુલ ક઼ારી–મુક઼દ્દમા)*

ઈમામ મુસ્લિમ ઈબ્ને હજ્જાજ નીશાપુરીને એકવાર કોઈ હદીષ પૂછવામાં આવી તો આપે એ હદીષ તલાશ કરવા માટે આખી રાત કિતાબોનો અભ્યાસ શરૂ કર્યો અને અભ્યાસમાં મગ્ન થવાનો આલમ એ હતો કે કોઈકે ખજૂરની ટોપલી હાજર કરી એમાંથી એક એક ખજૂર ખાતા અને હદીષ શોધતા રહ્યા. સવારમાં હદીષ મળી ગઈ ત્યાં સુધીમાં ખજૂરોની ટોપલી ખાલી થઈ ગઈ હતી ! અને અભ્યાસમાં એટલા મગ્ન હતા કે ખબર પણ ન પડી, અને એ જ કારણે વફાત થઈ. *(મિર્અતુલ મનાજીહ, ભાગ : ૧)*

ઈમામ મુહમ્મદ બિન અહમદ હુરોઝી ફર્માવે છે કે હું બયતુલ્લાહ શરીફની પાસે સૂઈ રહ્યો હતો કે મને ખ્વાબમાં હુઝૂરે પાક ﷺનો દીદાર થયો. આપે ફર્માવ્યું કે તમે મારી કિતાબ કેમ નથી પઢતા ? મેં પૂછયું, હુઝૂર ! આપની કિતાબ કઈ છે ? આપે ફર્માવ્યું, મુહમ્મદ ઈસ્માઈલ બુખારીની કિતાબ સહીહ બુખારી. *(મિર્અતુલ મનાજીહ, ભાગ : ૧)*

સુબ્હાનલ્લાહ ! કિતાબોના અભ્યાસનું શું કહેવું કે ખૂદ દોનોં જહાનના આક઼ા ﷺ એના માટે પ્રોત્સાહિત કરે છે વળી અહીં''સહીહ બુખારી''ની પણ ફઝીલત જાહેર થાય છે કે આ કિતાબને હુઝૂર ﷺએ પોતાની કિતાબ કહી.

ઈમામ મુહમ્મદ શૈબાની رحمۃ اللہ علیہ રાત્રે જાગ્યા કરતા અને એમની પાસે જુદી જુદી કિતાબો પડેલી રહેતી હતી. જ્યારે એક વિષયથી તૃપ્ત થઈ જતા તો બીજા વિષયની કિતાબના અભ્યાસમાં લાગી જતા. અને એ પણ નકલ થયેલ છે કે આપ પોતાની પાસે પાણી રાખતા હતા અને જ્યારે ઊંઘ આવતી તો પાણીના છાંટા મારી ઊંઘને દૂર કરતા, અને કહેતા રહેતા કે ઊંઘ ગરમીથી છે માટે તેને ઠંડા પાણીથી દૂર કરો. *(તઅલીમુલ મુઅલ્લિમ, તરીક઼્ત્તા'લીમ)*

ઈમામ મુહમ્મદ શૈબાનીને અભ્યાસ (વાંચન)નો એટલો શોખ હતો કે રાતના ત્રણ ભાગ કરતા. એક ભાગમાં ઈબાદત કરતા, એક ભાગમાં વાંચન (અભ્યાસ) અને એક હિસ્સામાં આરામ કરતા. આપ ફર્માવે છે કે મને મારા વાલિદના વારસામાં ત્રણ હજાર દિરહમ મળ્યા હતા, એમાંથી પંદર હજાર ઈલ્મે નહ્વ, શેઅરો અદબ અને લુગત (શબ્દકોશ) વગેરેની

તા'લીમમાં ખર્ચ કર્યા, અને બીજા પંદર હજાર હદીષ અને ફિક્હની તા'લીમ અને પરિપૂર્ણતામાં. *(તારીખુલ બગદાદ)*

ઉલ્માએ કિરામને કિતાબોથી કેટલો લગાવ હતો તેનો આ રિવાયતથી અંદાજો લગાડો કે ઈમામ અબૂ દાઊદ પોતાની એક બાંય લાંબી અને એક ટૂંકી રાખતા હતા. જ્યારે તેમને આનુ કારણ પૂછયું તો આપે ફર્માવ્યું કે એક બાંય મોટી એટલા માટે રાખુ છું કે એમાં પોતાની કિતાબોનો કેટલોક ભાગ રાખી શકું અને બીજી બાંય જરૂરત વિના મોટી રાખવી ફુઝૂલખર્ચી સમજુ છું. *(તઝકિરતુલ હુફ્ફાઝ)*

હસન બિન મુહમ્મદ બિન ઈબ્રાહીમ કહે છે કે એક વખત એમને ખ્વાબમાં હુઝૂરે પાક ﷺની ઝિયારત થઈ. આપે ફર્માવ્યું, જે શખ્સ સુન્નતનો ઈલ્મ હાંસલ કરવા ચાહે તે ''સુનને અબૂ દાઊદ''નો ઈલ્મ હાંસલ કરે. *(બુસ્તાનુલ મુહદ્દિષીન)*

એકવાર હાફિઝ સઈદ બિન સકનની ખિદમતમાં હદીષના તલબાનું એક ગૃપ હાજર થયું અને અરજ કરી કે અમારી સામે હદીષની ઘણી બધી કિતાબો છે, બેહતર છે કે સહીહ બુખારીની રહનુમાઈ કાંઈક એવી કિતાબોની તરફ કરો જેના પર અમે સંતોષ કરી શકીએ. હાફિઝ ઈબ્ને સકને આ સાંભળી કાંઈ જવાબ ન આપ્યો, બલ્કે ઉઠીને સીધા ઘરે જતા રહ્યા અને કિતાબોનાં ચાર પોટલાં લાવી ઉપર સુધી મૂકી દીધાં. અને કહેવા લાગ્યા, هذا قواعد الاسلام ''આ ઈસ્લામના ક઼ાયદા છે.'' કિતાબે મુસ્લિમ, કિતાબે બુખારી, કિતાબે અબૂ દાઊદ અને કિતાબે નિસાઈ. *(શુરૂતુલ અઈમ્મએ સિત્તહ)*

હકીમ અબૂ નસીર ફારાબી જેમની દુનિયામાં ઘણી ખ્યાતિ છે. તાલિબે ઈલ્મના જમાનામાં આપ રાત્રે રસ્તામાં વોચમેનોની કંદીલોની નીચે કિતાબોનો અભ્યાસ કરતા હતા. *(તઝકિરતુલ હુફ્ફાઝ)*

હઝરત શૈખ શાહ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે હું શિયાળાના ઠંડી અને ઉનાળાની ગરમીમાં દરરોજ બે વાર દિલ્હીના મદ્રસામાં જતો હતો જે અમારા મકાનથી લગભગ બે માઈલની દૂરી પર હશે. બપોરે થોડીકવાર ઘરમાં રોકાઈ થોડાક લુકમા જરૂર ખાય લેતો હતો. મારા વાલિદે મોહતરમ કહેતા કે થોડીકવાર ક઼ૌમના છોકરાઓ સાથે રમો અને સમયસર સૂઈ જાવ. હું કહેતો કે ખેલકૂદથી છેવટે હેતુ જો દિલ ખુશ કરવાનો હોય તો મારી તબિયત એનાથી ખુશ થાય છે કે હું કંઈક પઢું અથવા લખું ! *(સવાનેહે અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી)*

મુહક્કિ઼કે અલલ ઈત્લાક઼ શૈખ અબ્દુલ હક્ક઼ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ પોતાની કિતાબ વાંચન (અભ્યાસ)નો હાલ બતાવતાં એક જગ્યાએ ઈર્શાદ ફર્માવે છે : અભ્યાસ કરવો મારી દરરોજની આદત હતી. બાળપણથી જ મારો હાલ એ હતો કે હું એ જાણતો ન હતો કે ખેલકૂદ શું છે ?! આરામ અને સુખ સગવડનો શું મતલબ છે ? હરવું ફરવું, સૈર કરવી શું હોય છે ? ઘણીવાર એવું થયું કે અભ્યાસ (વાંચન) કરતાં કરતાં અડધી રાત થઈ ગઈ તો વાલિદે મોહતરમ સમજાવતા, બેટા ! શું કરે છે ?! આ સાંભળતાં જ હું તરત જ સૂઈ જતો અને જવાબ આપતો સૂઈ રહ્યો છું ! અને પછી થોડીકવાર થતી તો ઉઠી જતો અને ફરીથી અભ્યાસમાં લાગી જતો. કેટલીકવાર એવું પણ થયું કે અભ્યાસ દરમિયાન માથાના વાળ અને અમામો વગેરે ચિરાગથી અથડાઈને સળગી જતો પરંતુ અભ્યાસમાં એટલે મશ્ગૂલ રહેતો હતો કે ખબર પડતી ન હતી. *(અશિઅતુલ લમ્આત, ભાગ : ૧)* આ બાબત મદ્રસાના તલબાએ ખાસ ધ્યાન કરવા જેવી છે કે લાયક તથા કામની વ્યક્તિત કતયારે બની શકાય. તો જો તમો દીનના ખાદિમ તથા અહલે સુન્નતના સિપાહી બનવા ચાહતા હોઉ તો આવી મહેનત કરો !

આ'લા હઝરત ઈમામે અહલે સુન્નત ઈમામ અહમદ રઝા ક઼ાદરી رحمۃ اللہ علیہના અભ્યાસનો અને બુદ્ધિ તીવ્રતાનો બાળપણમાં જ એ આલમ હતો કે ઉસ્તાદથી કદી ચોથાઈ (૧/૪) કિતાબથી વધારે નથી પઢયા, બલ્કે ચોથાઈ કિતાબ ઉસ્તાદથી પઢયા બાદ બાકીની તમામ કિતાબનો જાતે અભ્યાસ કરતા અને

યાદ કરી સંભળાવી દેતા. *(હયાતે આ'લા હઝરત, ભાગ : ૧)*

આ'લા હઝરત એકવાર પીલીભીત શરીફ તશરીફ લઈ ગયા અને હઝરત વસી અહમદ મુહદ્દિષે સૂરતી રحمة الله عليهના મહેમાન બન્યા. વાતચીત દરમિયાન કિતાબ "ઉકુદુદ્દિરયહ્"ની ચર્ચા નીકળી. હઝરત મુહદ્દિષ સૂરતી સાહબે ફર્માવ્યું, મારા કુતુબખાનામાં છે. આ'લા હઝરતના કુતુબખાનામાં ઘણો ખજાનો હતો અને દર વર્ષે ઘણી ખરી રકમની નવી નવી કિતાબો આવ્યા કરતી હતી, પણ એ સમય સુધી ઉકુદુદ્દિરયહ્ મંગાવવાનો સંજોગ બન્યો ન હતો. આ'લા હઝરત રحمة الله عليهએ ફર્માવ્યું, મેં નથી જોઈ, તો જતી વખતે મારી સાથે કરી દેજો. હઝરત મુહદ્દિષે સૂરતી સાહબે ખુશીપૂર્વક કબૂલ કર્યું અને કિતાબ સાથે કરી આપી અને સાથો સાથ ફર્માવ્યું કે જ્યારે અભ્યાસ કરી લો ત્યારે મોકલી આપજો, એટલા માટે કે તમારી પાસે ઘણી કિતાબો છે પણ મારી પાસે આ ગણતરીની કિતાબો છે જેનાથી ફત્વા આપ્યા કરું છું. આ'લા હઝરતે ફર્માવ્યું, સારું ! આ'લા હઝરતનો ઈરાદો એ જ દિવસે પાછો જવાનો હતો પણ આ'લા હઝરતના એક જાંનિષાર મુરીદે હઝરતની દા'વત કરી, એના કારણે રોકાઈ જવું પડયું. રાત્રે આ'લા હઝરત રحمة الله عليهએ ઉકુદુદ્દિરયહ્ કે જે એક મોટી કિતાબ બે ભાગમાં હતી તેનો અભ્યાસ કરી લીધો. બીજા દિવસે બપોર પછી ઝોહરની નમાઝ પઢી ગાડીનો સમય થતાં બરેલી શરીફ જવા માટે નીકળ્યા. જ્યારે સામાન બરાબર કરવામાં આવ્યો તો ઉકુદુદ્દિરયહ્ સામાનમાં રાખવાના બદલે ફર્માવ્યું કે મુહદ્દિષ સાહબને આપી દો. હઝરત મલિકુલ ઉલ્મા ઝફરુદ્દીન કાદરી બિહારી રحمة الله عليهફર્માવે છે કે મને આશ્ચય થયું કે ઈરાદો તો સાથે લઈ જવાનો હતો ને પાછી કેમ આપે છે ?! પણ કાંઈ બોલવાની હિમ્મત ન થઈ.

હઝરત મુહદ્દિષે સૂરતી સાહબની ખિદમતમાં કિતાબ હાજર કરી. એઓ આ'લા હઝરતને મળવા અને સ્ટેશન સુધી સાથે જવા માટે મકાનમાંથી બહાર જ નીકળી રહ્યા હતા એવામાં મેં આ'લા હઝરતનું ઈર્શાદ ફર્માવેલું વાકય રજૂ કર્યું. ફર્માવ્યું, તમે કિતાબ લઈને મારી સાથે પાછા ચાલો ! હું એ કિતાબ લઈને હઝરત મુહદ્દિષે સૂરતી સાહબ સાથે પાછો ફર્યો. હઝરત મુહદ્દિષ સૂરતી સાહબે આ'લા હઝરતને ફર્માવ્યું, મારા એવું કહેવાથી કે "જ્યારે અભ્યાસ કરી લો તો મોકલી આપજો !" દુઃખ થયું છે કે આ કિતાબને પાછી આપી દીધી ?! ફર્માવ્યું, ઈરાદો તો બરેલી સાથે લઈ જવાનો હતો પણ જો કાલે જ જાત તો આ કિતાબને સાથે લઈ જાત. પરંતુ જ્યારે કાલે જવાનું ન થયું તો રાતમાં અને સવારના સમયે આખી કિતાબ જોઈ લીધી જેથી હવે લઈ જવાની જરૂરત ન રહી. હઝરત મુહદ્દિષે સૂરતી સાહબે ફર્માવ્યું, બસ ! એકવાર જોઈ લેવું પૂરતુ થઈ ગયું ?! આ'લા હઝરતે ફર્માવ્યું, અલ્લાહ તઆલાના ફઝ્લો કરમથી ઉમ્મીદ છે કે બે ત્રણ મહિના સુધી તો જ્યાંના લખાણની જરૂરત હશે (હવાલા સાથે) ફતાવામાં લખી આપીશ અને વિષય અને લખાણ તો ઈન્શાઅલ્લાહ ! જીવનભરના માટે મહેફૂઝ થઈ ગયું. *(હયાતે આ'લા હઝરત, ભાગ : ૧)*

સુબ્હાનલ્લાહ ! આ બનાવમાં જેવી રીતે ઈમામે અહલે સુન્નતની અજોડ યાદ શક્તિતનું વર્ણન છે તેવી જ રીતે ઈમામે અહલે સુન્નતના વાંચનના શોખની પણ ભાળ મળી રહી છે.

મુહદ્દિષે આ'ઝમ પાકિસ્તાન હઝરત મૌલાના સૈયદ સરદાર અહમદ કાદરી રحمة الله عليهને વાંચનનો એટલો શોખ હતો કે મસ્જિદમાં નમાઝ બાજમાઅતમાં કાંઈક વાર હોતી તો કોઈ કિતાબનો અભ્યાસ કરવાનું શરૂ કરી દેતા. જ્યારે આપ મન્ઝરે ઈસ્લામ બરેલી શરીફમાં તા'લીમ હેઠળ હતા તો સાથી તલબાના સૂઈ ગયા પછી પણ મહોલ્લા સોદગ્રાનમાં લાગેલી સ્ટ્રીટ લાઈટની રોશનીમાં પોતાનો સબક યાદ કરતા હતા. આપના ઉસ્તાદોને એ વાતની જાણ થઈ તો તેમણે આપના કમરામાં લાલટેન (ફાનસ)નો બંદોબસ્ત કરી આપ્યો. *(સીરતે સદરુશ્શરીઅહ્)*

સુબ્હાનલ્લાહ ! આ તો આપણા પૂર્વજ બુઝુર્ગોના ચમનના ફૂલ હતાં જેમના વાંચનનો શોખ આપે જોયો.

બાકી આ ચમનમાં આ પ્રકારનાં અસંખ્ય ખૂશ્બૂદાર ફૂલો છે. આવો ! હવે વર્તમાનકાળ પર નજર કરીએ. આમ લોકોની તો શું વાત કરીએ ! વાત મદ્રસાના તલબાની કરીએ ! મસ્જિદના ઈમામો અને કેટલાક ઓલમાની વાત કરીએ ! હાલના સમયમાં આ તબકાની સરખામણી આગલા દૌરની સાથે કરવામાં આવે છે તો પરિસ્થિતિ જોઈને અત્યંત આશ્ચર્ય થાય છે અને દિલના ખૂણામાંથી અવાજ આવે છે કે કાશ ! પૂર્વજ બુઝુર્ગોના અભ્યાસના જઝબામાંથી થોડોક હિસ્સો નસીબ થઈ જાત તો આટલી બેઈલ્મી ના થાત.

વાત જો મદ્રસાના તલબાની કરીએ જેઓ ભાવિમાં આપણી કૌમના રહબરો છે અને ભવિષ્યમાં આપણા ઈસ્લામી સમાજની સુધારણા તથા ભલાઈના ઝંડાધારી પણ છે, પરંતુ આ તબકાની બહુમતિ જે રીતે વાંચનથી દૂર ભાગે છે એ ખૂબ જ અફસોસજનક પણ છે અને ચિંતાનો વિષય પણ છે.

મદ્રસાઓમાં એક મોટી સંખ્યા આવા તલબાની છે જે પોતાના ઉસ્તાદોથી સબક પઢયા પછી જ્યારે કિતાબોને અભરાઈ પર રાખે છે તો બીજા દિવસે દર્સના સમયે અભરાઈએથી ઉતારે છે, અને જો કદાચ રાત્રે ઉતારે તો અભ્યાસનો શોખ ઓછો પણ ઉસ્તાદોનો ખૌફ વધારે હોય છે ! (ઈલ્લા માશાઅલ્લાહ !)

આપણે આ'લા હઝરતની મહોબ્બતનો દમ ભરીએ છીએ, આપણા આ'લા હઝરત તો કિતાબનો ચોથો ભાગ તો ઉસ્તાદથી પઢતા અને બાકીનો હિસ્સો (ભાગ) જાતે અભ્યાસ (વાંચન) કરી યાદ કરી લેતા ! આ હતો આપણા આ'લા હઝરતના વિદ્યાર્થીકાળ દરમિયાનનો અભ્યાસ અને વાંચનનો શોખ, અને એમને જોતાં કોઈ તાલિબે ઈલ્મનો મસ્લકે આ'લા હઝરતનો નારો લગાડવો એ ફકતત અકીદતમંદી છે, હકીકતથી એને કોઈ સંબંધ નથી જણાતો.

અલ્લાહ તઆલા આપણા એકે એક તાલિબે ઈલ્મને સાચા અર્થમાં રાહે રાસ્ત પર ચાલવાની તૌફીક આપે. (આમીન)

વાત જો મસ્જિદોના ઈમામોની કરીએ તો એથી વધારે આશ્ચર્ય થશે, મસ્જિદના ઈમામો સમાજ સુધારણામાં કેટલો મહત્વનો ફાળો આપી શકે છે એ વાત કોઈ સમજદાર પર છુપી નથી, પરંતુ એ ત્યારે શકતય છે કે આપણી મસ્જિદના ઈમામો વિશાળ અભ્યાસ વડે વિશાળ દિમાગવાળા બને. પરંતુ અફસોસ ! મસ્જિદના ઈમામોના હુજરા મુબારકમાં જઈએ તો અમુક છપાયેલી તકરીરોની કિતાબો સિવાય કોઈ જરૂરી કિતાબો મળશે નહીં ! હું સૌની વાત નથી કરતો, પણ આવા ઈમામોની મોટી સંખ્યાની વાત કરી રહ્યો છું. મસ્જિદના ઈમામો પાસે કિતાબોની અછતમાં ઘણાખરા અંશે પબ્લિકનો પણ કુસૂર છે, કેમ કે મોંઘવારીના આ સમયમાં પણ પબ્લિકને સમજ નથી પડતી કે ઈમામતના માટે એક યોગ્ય રકમ પગારમાં મસ્જિદના ઈમામોને આપવામાં આવે, કેમ કે ટૂંકી રકમ વડે આપણી મસ્જિદના ઈમામો પોતાનું કે પોતાના પરિવારનું ભરણપોષણ કરે કે કિતાબો ખરીદે ? મસ્જિદના ઈમામોની કિતાબોની અછતને એ રીતે દૂર કરી શકાય કે માલદાર સખીદાતા મુસલમાન પોતપોતાની મસ્જિદના ઈમામોને ખૂબ જ ઈજ્જત સાથે અમુક સમયે ઉલ્માએ એહલે સુન્નતની કિતાબો ખરીદીને તોહફામાં આપ્યા કરે.

ઉપરોકતત વાતોથી આમ લોકો એવું ન સમજે કે અમને છૂટકારો મળી ગયો ! નહીં ! હરગિઝ એવું નથી, બલ્કે આપણા સમાજમાં સુધારણાની ક્રાંતિ ત્યારે આવશે જ્યારે આપણા એક એક સુન્ની ઘરમાં એહલે સુન્નતના ઉલમાની કિતાબોનો એક ખજાનો મૌજૂદ હશે, એટલે કે દરેક સુન્ની જન્નતીનું ઘર ભલે નાનુ હોય પણ તેમાં એક લાઈબ્રેરી હશે, એનાથી એક મહાન ફાયદો એ થશે કે આપણી આવનારી પેઢીઓને એ વાતનો ઈલ્મ થશે કે અમારા બાપ દાદા કયા મસ્લક તથા મઝહબના અનુયાયી હતા જેનાથી તેઓ ગુમરાહીથી મહેફૂઝ રહેશે.

બારગાહે ઈલાહી ﷻ માં દુઆ છે કે રબ ﷻ તમામ લોકોને કિતાબોનો અભ્યાસ કરવાની તથા તેના પર અમલની તૌફીક અતા ફર્માવે. (આમીન)

*—(કન્ઝુલ ઈમાન ઉર્દૂ મંથલી—દિલ્હી, મે—૨૦૧૨)*

# નિકાહમાં ઓછામાં ઓછી મહેર કેટલી રાખી શકાય ?

રજૂકર્તા : **અલી મુહમ્મદ બાબી–પોરબંદર**

શું ફર્માવે છે ઓલમાએ દીન અને મુફતીયાને શરએ મતીન કે આજકાલ નિકાહ વખતે મહેરની રકમ નક્કી કરવામાં અલગતા જોવામાં આવે છે. કેટલાક લોકો રૂા. ૭૮૬ મહેર નક્કી કરે છે. તો હાલના સમયમાં મહેરની ઓછામાં ઓછી કેટલી રકમ શરીઅત મુજબ હોઈ શકે તે જણાવવા મહેરબાની કરશો. બય્યનુ વ તુજરૂ. *–(અલ મુસ્તફતી : અલી મુહમ્મદ બાબી–પોરબંદર)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ **અલ જવાબ બિ ઔનિલ મલિકિલ વહાબ**

શરીઅતે મુતહ્હેરાના નિયમ મુજબ નિકાહની જે મહેર મુકર્રર કરવામાં આવી છે, તે મહેરની લઘુત્તમ રકમ એટલે કે દસ દિરહમ ચાંદીની કિંમત અથવા દસ દિરહમ ચાંદી છે. હુઝૂર આ'લા હઝરત, અઝીમુલ બરકત, મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہના ફતાવામાં છે કે :–

''મહરે શરઈ જો લોગ યે સમઝ કર બાંધતે હૈં કિ સબ સે કમ દરજે કા મહર જો શરીઅત મેં મુકર્રર હૈ, તો ઈસ સૂરત મેં દો તોલે, સાત માશે, ચાર રતી ચાંદી દેની આએગી.'' *(હવાલો : ફતાવા રઝવિય્યહ–અનુવાદિત, ભાગ : ૧૨, પેજ : ૧૬૫)*

ઉપરોકતત ફતાવા અનુસંધાને શાદીની મહેર બે તોલા, સાત માશા અને ચાર રતી ચાંદી થઈ. હવે એ જોવાનું છે કે બે તોલા, સાત માશા અને ચાર રતી ચાંદીના વજન પ્રમાણે વર્તમાન યુગમાં પ્રચલિત આધુનિક વજન એટલે કે ગ્રામ મુજબ કેટલું વજન થશે ?! પહેલાં જૂના વજનને નવા વજનમાં રૂપાંતર કરીએ :–

| | | |
|---|---|---|
| ૧ તોલા = ૧૨ માશા | જે હિસાબે ૨ તોલાના ૨૪ માશા | = ૧૯૨ રતી થઈ |
| ૧ માશા = ૮ રતી | જે હિસાબે ૭ માશા | = ૫૬ રતી થઈ |
| (૧ રતી = ૧૨૧.૫૩ મિલીગ્રામ) | | + ૪ રતી |
| | શરઈ મહેર માટેનું ટોટલ વજન | = ૨૫૨ રતી ચાંદી. |

હવે ૨૫૨ રતીનું ગ્રામમાં રૂપાંતર કરીએ :–

૧ રતી = ૧૨૧.૫૩ મિલી ગ્રામ × ૨૫૨ રતી = ૩૦,૬૨૫.૫૬ મિલી ગ્રામ = ૩૦. ૬૨૬ ગ્રામ ચાંદી

❒ આજની તારીખે ચાંદીનો ભાવ ૧ કિલો = ૧૦૦૦ ગ્રામના રૂા. ૬૦,૦૦૦/– કિલોના રૂપિયા સાઈઠ હજાર છે. જે હિસાબે ૧ ગ્રામનો ભાવ રૂા. ૬૦ થયો અને મહેરની રકમ ઓછામાં ઓછી ૩૦.૬૨૬ ગ્રામના રૂા. ૧૮૩૭.૫૬ થયા, એટલે કે **એહતિયાતન મહેરની રકમ (કમસે કમ) રૂા. ૨૦૦૦ (બે હજાર) રાખવી** કે જે રકમ ચાંદીની કિંમત એક કિલોના રૂપિયા પાંસઠ હજાર સુધી પહોંચે ત્યાં સુધી પણ ચાલે. ખુદા અને રસૂલ બેહતર જાણનાર છે. ***–અબ્દુસ્સતાર હમદાની ''મસ્રૂફ'' બરકાતી નૂરી*** ૧૫, શાબાનુલ મોઅઝ્ઝમ, હિ.સ. ૧૪૩૨ પ્રમાણે તા. ૧૮–૭–૨૦૧૧, સોમવાર, બમકામ : મર્કઝે અહલે સુન્નત બરકાતે રઝા–પોરબંદર

★ ★ ★ ★

***નોંધ*** *: મહેરની ઓછામાં ઓછી રકમ માટે ૩૦.૬૨૬ ગ્રામ ચાંદી × ચાંદીના એક ગ્રામની વર્તમાન કિંમત = જે આવે, તેટલી કમસે કમ મહેર રાખવી. જેમણે ઓછી આપી હોય તે અત્યારે પણ ચૂકવી આપે. વધુમાં વધુ ગમે તેટલી મહેર આપી શકાય.*

# ૧૯મા ફિક્હી સેમીનારના ફૈસલા

રજૂકર્તા : **હઝરત અલ્લામા મુફ્તી મુહમ્મદ નિઝામુદીન રઝવી** *(સદર મુફ્તી અશરફિયા–મુબારકપુર)*

અનુવાદક : **મૌલાના ગુલામયાસીન નૂરાની મિસ્બાહી** *(સદર મુદર્રિસીન : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

## ફલેટોની ઝકાત

મોટા મોટા શહેરોમાં સામાન્યતઃ સરળતાથી જમીન પ્રાપ્ત નથી થતી અને મકાનોના બાંધકામમાં કેટલીયે મુશ્કેલીઓ આડે આવે છે. બિલ્ડરો દ્વારા ફલેટોની લે વેચનો રિવાજ ઘણો પ્રસિદ્ધ થઈ ગયો છે. આ બિલ્ડરો કતયારેક તો એવી જમીનો ખરીદી લે છે જે પહેલાંથી ભાડૂઆતોના કબજામાં હોય છે. અને વરસો વરસ સુધી પણ તેઓ જમીનને તેમના કબજામાંથી નથી છોડાવી શકતતા. માંડ માંડ જમીન ખાલી થાય છે તો તેના ઉપર ફલેટોનું કામ શરૂ થઈ જાય છે અને લગભગ બે ત્રણ વરસમાં તે સંપૂર્ણ રીતે તૈયાર થાય છે :–

- ✪ સંપૂર્ણપણે તૈયાર થયેલા ફલેટોને વધુ પડતા બિલ્ડરો વેચી દે છે અને તેની રકમ (કિંમત) હફતારૂપે વસૂલ કરતા રહે છે.
- ✪ અમુક બિલ્ડરો એવું નક્કી કરે છે કે ફલેટોને વેચશે નહીં, ભાડેથી આપીને આવક પ્રાપ્ત કરશે.
- ✪ અમુક બિલ્ડરો આવો કોઈ ફૈસલો નથી કરતા બલ્કે પાછળથી તેમની ઈચ્છા એ થઈ જાય છે કે તેઓ ભાડેથી ફલેટ ઉઠાવી આપશે.

આવી જમીન તથા ફલેટોની ઝકાતનો મસ્અલો કેટલીયે પરિસ્થિતિઓમાં સફાઈ તથા સ્પષ્ટતા પાત્ર હતો, જેથી નીચે મુજબના સવાલો ચર્ચાનું કેન્દ્ર બન્યા :–

**સવાલ નં.૧** : વરસો વરસ સુધી જમીન ભાડુઆતોના કબ્જામાં રહી તો ખરીદનાર બિલ્ડરના માથે એટલા વરસો સુધીના ભાડાની ઝકાત વાજિબ થશે અથવા જમીનની અથવા બંનેની ?

**સવાલ નં.૨** : જે બિલ્ડર એ નક્કી કરી લે કે ફલેટોને વેચશે નહીં બલ્કે તે ફલેટોને ભાડેથી આપશે તો શું તે ઝકાત ભાડાની આપે કે ફલેટોની ?

**સવાલ નં.૩** : જે બિલ્ડરે પહેલાં કોઈ ફૈસલો ન કર્યો, પરંતુ તેનો ઈરાદો એ હોય કે ફલેટોને ભાડેથી આપી દેશે ત્યાર બાદ ઈરાદા મુજબ તેને ભાડેથી આપી દે તો તે ઝકાત કઈ ચીજની આપશે ? ફલેટોની કિંમતની કે ભાડાની ? જો ભાડાની ઝકાત આપે તો તે તાત્કાલિક અદા કરે અથવા ભાડાની રકમ હાથમાં આપ્યા પછીથી લઈને વરસ પસાર થાય ત્યારે આપે ?

વિષયના તમામ પાસાંઓને ધ્યાનમાં રાખી બહષો કરવામાં આવી. અને આમંત્રિત તમામ ઓલમાએ કિરામની સહમતિથી તમામ સ્થિતિઓના ફૈસલા થઈ ગયા, જે નીચે મુજબ છે :–

**જવાબ નં. ૧** : પહેલા સવાલના જવાબમાં એ ફૈસલો થયો કે ઝકાત ભાડા ઉપર લાગુ પડશે. (શરતો મુજબ) અને વરસ પસાર થવાની મુદતની શરૂઆત જમીનનો માલિક બનવાના સમયથી ગણવામાં આવશે. કેમ કે આ જમીન માલે તિજારત (વ્યાપારના હેતુનો માલ) છે જે ભાડેથી આપેલ છે જેમાં ભાડાનું સ્થાન વેપારના માલની મૂળ કિંમતનું (જેવું) હોય છે. તો જેવી રીતે ઝકાત મૂળ કિંમત ઉપર વાજિબ થાય છે અને વરસ પસાર થવાની શરતની મુદત વેપારના માલના માલિક બનવાના સમયથી ગણવામાં આવશે, તે જ પ્રમાણે આ સ્થિતિમાં ઝકાત ભાડા (કિરાયા)ની વાજિબ થશે અને વરસ પસાર થયાની મુદતનો

લેહાઝ તિજારતી જમીન (વ્યાપાર અર્થે લીધેલી જમીન)ના માલિક બનવાના સમયથી ગણવામાં આવશે.

ફતાવા ખાનિયામાં છે :–

જ્યારે કોઈ પોતાનું ઘર અથવા પોતાનો ગુલામ બસો દિરહમમાં ભાડેથી આપે તો રકમ હાથમાં આવ્યા બાદ વરસ વિત્યા પછી ઝકાત વાજિબ થશે. ઈમામ અબૂ હનીફા رحمۃ اللہ علیہના કૌલ મુજબ, અને જો ઘર અથવા ગુલામ વ્યાપાર માટે હોય અને ચાલીસ દિરહમ હાથમાં આવી જાય (ભાડા પેટે), વરસ વિત્યા પછી તેના પર એક દિરહમ ઝકાત વાજિબ થશે.

કેમ કે વેપારનું મકાન તથા ગુલામનું ભાડુ વ્યાપારના માલની મૂળ કિંમતની જેમ હોય છે સહીહ રિવાયતમાં. *(ફતાવા કાઝીખાં, પેજ : ૨૫૩/૧)*

અહીંયાં એક સવાલ એ ઊભો થયો કે જ્યાં સુધી જમીન, મકાન ભાડૂઆતના કબ્જામાં હોય છે, ત્યાં સુધી ભાડૂઆતની મરજી વિરુદ્ધ ખરીદાર તે જમીન અથવા મકાન ઉપર કબ્જો નથી પામી શકતો જેથી આ એક કબ્જો ન પામી શકાય તેવી વસ્તુની લે વેચ છે, જે જાઈઝ નથી. તો પછી જમીનની કિંમત અથવા તેના ભાડાની રકમ ઉપર ઝકાત કેમ કરીને લાગુ પડશે ?!

તેના જવાબમાં કહેવામાં આવ્યું કે ભારત ગવર્નમેન્ટના નિયમ મુજબ સ્વીકૃત (ભાડા સંબંધી) નિયમોના આધારે રજીસ્ટ્રેશન કર્યા બાદ કાનૂની રીતે ખરીદારને જમીન ખાલી કરાવવાનો અધિકાર પ્રાપ્ત છે, ભલે ભાડૂઆત તેને ખાલી કરવા પર રાજી ન થાય. જેવી રીતે કબ્જામાં લઈ શકાય તેવી વસ્તુની લે વેચ કહેવાશે જે જાઈઝ તથા દુરૂસ્ત છે.

ફતાવા રઝવિય્યહ્‌માં છે કે :–

"અમ્રએ જે સમયે ખાલિદના હાથે વેચાણ કર્યું જે અમ્ર તે સમયે શરઈ આદિલ ગવાહો ધરાવતો હોય એ વાત પર કે આ મકાન મારી માલિકીનું છે, બકર તથા બકરને વેચનાર વ્યક્તિત હડપ કરનાર (ધોકાથી પચાવી પાડનાર) છે, જ્યારે તે અમ્રનું ખાલિદના હાથે વેચાણ કરવું સહીહ તથા તે લે વેચ સંપૂર્ણ ગણવામાં આવશે. મકાન ખાલિદની માલિકીનું થઈ જશે. ખાલિદનો દાવો સાચો છે. આદિલ ગવાહોના કારણે અમ્રને કબ્જો કરવાની શક્તિત પ્રાપ્ત હતી અને બસ આટલું જ પૂરતું છે, લે વેચની સંપૂર્ણતા માટે. હકીકતમાં અત્યારે કબ્જો આપવા ઉપર શક્તિતમાન હોવું (કબ્જો આપવાની શક્તિત ધરાવવું) કોઈના નજીક પણ જરૂરી નથી.

એક ગુલામને કોઈ કામ માટે હજાર કિલોમીટર સુધી મોકલ્યો, અને અહીંયાં તેને વેચી આપ્યો તો આ લે વેચ સહીહ કહેવાશે, કેમ કે આદત (નિયમ) મુજબ ગુલામના પાછા આવવાની શકતયતા છે ભલે ને ભાગી જવાનો તથા દગો કરવાનો પણ ભય છે. પાછા ફરવાની ઉમ્મીદ છે તો એક જાણે કે કબ્જો આપવાની શક્તિત એક રીતે પ્રાપ્ત છે. *(ફતાવા રઝવિય્યહ્‌, ભાગ : ૭, પેજ : ૧, ૨)*

ચર્ચા દરમિયાન એ વાત પણ સામે આવી કે બિલ્ડરે વેપારની નિય્યતથી ઉશ્રી (ઉશ્રવાળી, ખેતીવાળી) અથવા ટેક્ષવાળી જમીનની ખરીદી કરી તો શું તેના ઉપર ક્રમ મુજબ ઉશ્ર તથા ટેક્ષ વાજિબ થશે અથવા વેપારની ઝકાત અથવા બંનેની ઝકાત ?

તેના જવાબમાં એ નક્કી થયું કે જ્યારે બિલ્ડરે તે જમીનને વેપારની નિય્યતથી ખરીદી છે તો તેના પર વેપારની ઝકાત વાજિબ થશે, કેમ કે તે માલે તિજારત (વેપારનો માલ) છે. હા ! જો ઉશ્રવાળી જમીન ખરીદી અને તેમાં ખેતી કરી તો તેના પર માત્ર ઉશ્ર વાજિબ થશે, ઝકાત વાજિબ નહીં થાય. કેમ કે એક માલથી સંબંધિત શરીઅતના બે હક્કો એક સાથે લાગુ નથી પડી શકતતા. અને જો ખેતી ન કરી તો જેમ કે ખરીદતી વખતે વેપારની નિય્યત હતી જેથી આ સ્થિતિમાં તેના પર વેપારની ઝકાત વાજિબ થશે.

એ જ પ્રમાણે ઈનાયા શરહે હિદાયા, દુર્રે મુખ્તાર તેમજ રદ્દુલ મુહતારમાં છે કે કોઈ ઉશ્રવાળી અથવા ટેક્ષવાળી જમીન વેપારના મકસદથી ખરીદે તો તેના

ઉપર ઉશ્ર અથવા ટેક્ષની સાથે વેપારની ઝકાત વાજિબ નહીં થાય આપણા મઝહબમાં. કેમ કે સ્થાન એક છે અને બંનેમાંથી દરેક જમીનના પ્રકારમાંથી છે. અને દરેકની સાથે અલ્લાહ તઆલાનો એક હક્ક઼ જોડાયેલ છે. તો એક માલની માલિકીના કારણે અલ્લાહ તબારક વ તઆલાના બે હક્ક઼ો તેની સાથે જોડાય શકતા નથી.

**જવાબ નં. ૨ :** બીજા સવાલના જવાબમાં એ નક્કી થયું કે બિલ્ડરે જ્યારે નક્કી કરી નાખ્યું કે તે ફલેટને વેચશે નહીં, ભાડેથી આપશે, તો તે બિલ્ડીંગ વેપારનો માલ ગણાશે નહીં, બલ્કે તેની નિય્યતના આધારે તે કમાણીનું સાધન બની ગઈ જેથી બિલ્ડીંગ પર ઝકાત વાજિબ થશે નહીં. હા ! જ્યારે તે ફલેટોને ભાડેથી આપી દેશે અને ભાડાની આવક (રકમ) સાડા બાવન તોલા (૨૬૩ ગ્રામ, ૧૮૪ મિલિ ગ્રામ) ચાંદીની કિંમતના બરાબર પ્રાપ્ત થઈ જાય. અથવા અન્ય માલો જેમ કે સોનું, ચાંદી, રૂપિયા વગેરેની સાથે મળીને (ઝકાતની માત્રા સુધી) પહોંચી જાય અને તે માલ હાજતે અસલીયાથી સિવાય હોય અને તેના પર વરસ પસાર થઈ જાય તો ભાડાની આવક પર ઝકાત આપવી વાજિબ થશે. અલ્લાહ તથા તેના રસૂલ વધારે જાણનાર છે. ફતાવા તાતાર ખાનિયામાં છે કે, ''કોઈ વ્યક્તિતએ બાંદી વેપાર માટે ખરીદી અને પછી ખિદમત લેવાની નિય્યત કરી તેના પરથી ઝકાત ઉઠી જશે.

એ જ પ્રમાણે ફતાવા હિંદિયા આલમગીરીમાં તેમજ ફતાવા રઝવિય્યહ્‌માં છે : તે માલનું હાજતે અસલિયાની સિવાય હોવું જરૂરી છે, જેથી રહેવા માટેના મકાનમાં ઝકાત નથી. એ જ પ્રમાણે કમાણીના આધાર બનતા સાધનોમાં પણ લાગુ નહીં પડે. મકાનો પર ઝકાત નથી ભલે ને તે પચાસ કરોડનાં હોય, વરસ વિત્યા પછી ભાડા પર ઝકાત લાગુ પડશે જો તે માલ પોતે નિસાબ સુધી પહોંચે અથવા બીજા માલની સાથે મળીને નિસાબ સુધી પહોંચી જાય. *(ભાગ : ૪, પેજ : ૪૨૮)*

**જવાબ નં. ૩ :** ત્રીજો સવાલ એ હતો કે બિલ્ડરે જમીન વેપારની નિય્યતથી ખરીદી અને પછી ભાડે આપી પરંતુ તેની ઈચ્છા ભાડા પેટે આપી રાખવાની નથી. તો તેનો હુકમ તે જ છે જે પહેલા સવાલનો છે. કેમ કે જમીન વેપારનો માલ છે અને ભાડેથી આપવાના કારણે તે કમાણીના સધાનની જેમ નહીં કહેવાય, બલ્કે તેનું ભાડુ તેની (જમીનની) મૂળ કિંમતના દરજા કહેવાશે, જેથી ઝકાત તે જ ભાડાની વાજિબ થશે અને ઝકાતના વરસની ગણતરી તે જમીનના માલિક બનવાના સમયથી ગણવામાં આવશે. તેની દલીલ ફતાવા ખાનિયાનું આ લખાણ છે : ''કેમ કે તિજારત (વેપાર)ના મકાનનું ભાડુ માલે તિજારત (વેપારના માલ)ની મૂળ કિંમતના દરજામાં છે.'' અલ્લાહ તથા તેના રસૂલ બેહતર જાણનાર છે. .....................(ક્રમશઃ)

## :: જશ્ને દસ્તારે ફઝીલત ::

**મુબારકપુર :** જિ. આઝમગઢ, યુ.પી. ખાતે જામિઆ અશરફિયા–મુબારકપુરનો જશ્ને દસ્તારે ફઝીલત ઉર્સે હાફિઝે મિલ્લત عَلَيْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُના મુબારક અવસરે યોજાયો. જેમાં ગુજરાતના : **(૧)** મૌલાના મુહમ્મદ આરિફ રઝા મિસ્બાહી **(૨)** મૌલાના અશ્ફાક઼ પટેલ મિસ્બાહી **(૩)** મૌલાના શાહબુદ્દીન મિસ્બાહી–દહેગામ **(૪)** મૌલાના મુહમ્મદ ફારૂક઼ મિસ્બાહી–વેરાવળ **(૫)** મૌલાના નિષાર મિસ્બાહી–સૂરત **(૬)** મૌલાના આદિલ મિસ્બાહી–સૂરતને ખિલ્અત તથા દસ્તારે ફઝીલતથી મહાન ઈલ્મી રૂહાની હસ્તીઓના મુબારક હાથો વડે નવાઝવામાં આવ્યા. શૈખુલ હદીષ હઝરત અલ્લામા અબ્દુશ્શકૂર સાહબ, સદર : હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી સાહબ, મુહક્કિ઼કે મસાઈલે જદીદા હઝરત મુફ્તી નિઝામુદ્દીન રઝવી સાહબ, સરબરાહે આ'લા અઝીઝે મિલ્લત તેમજ અન્ય સ્થાનિક તથા બહારના ઉલમાએ કિરામની હાજરીમાં દસ્તાર થઈ હતી. સૌને મુબારકબાદ ! રબ્બે કરીમ ઉલમાની મુબારક જમાઅતથી મઝહબે હક્ક઼ અહલે સુન્નતની ભરપુર ખિદમત લે એવી દુઆ. (આમીન) –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# શું યહૂદી તથા ઈસાઈ Believers ઈમાનવાળા છે ?!

રજૂકર્તા : **હાફેઝ મુહમ્મદ ઉષ્માન કોલવનવી** *(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

*પ્રો. તાહિરુલ કાદરી સાહબ પાકિસ્તાનીએ જે જાહેર કર્યું કે, **"યહૂદી તથા ઈસાઈ ઈમાનવાળા (Believers) છે અને તેઓની ગણના કાફિરોમાં નથી થતી."** તો એવી માન્યતા ધરાવનાર વિશે અહલે સુન્નતના મહાન ફકીહો, તફસીરવેત્તાઓ કુર્આન હદીષની રોશનીમાં શું ફર્માવે છે તેને અત્રે સવાલ જવાબરૂપે એ રીતે રજૂ કરેલ છે કે સર્વ પ્રકારની શંકાઓનો સફાયો થઈને વાત એકદમ સ્પષ્ટ થઈ જાય છે, જેથી આટલી સ્પષ્ટતા પછી પણ જો કોઈ તેમનો ચાહક બનીને રહે અને તેમને જ હક્ક પર માને તો તેના માટે અફસોસ છે ! દુઆ કરીએ કે અલ્લાહ તઆલા તેના પ્યારા હબીબ ﷺના સદકામાં એવાઓને નેક હિદાયત બખ્શે અને હઠધર્મી તથા વ્યક્તિત પૂજાની ચુંગાલમાંથી કાઢી તેમને રાહે રાસ્ત નસીબ ફર્માવે. (આમીન) –તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ ખ્રિસ્તીઓને અહલે ઈમાન કહેવું કેવું ? ★

**સવાલ** : ઝૈદે ખુલ્લે આમ કહ્યું, હાલના યુગના ખ્રિસ્તીઓ અને યહૂદી (Believers) ઈમાનવાળા છે તેના વિશે શો હુકમ છે ?

**જવાબ** : યહૂદીઓ અને ખ્રિસ્તીઓ એટલે ઈસાઈઓને "અહલે ઈમાન" (ઈમાનવાળા) કહેવું કુફ્ર છે, કેમ કે આ બંને કાફિર છે. અને કાફિરને કાફિર જાણવું જરૂરિયાતે દીનમાંથી છે. *(બહારે શરીઅત, ભાગ : ૧)*

સદરુશ્શરીઅહ હઝરત અલ્લામા મુફતી અમજદ અલી આ'ઝમી رحمۃ اللہ علیہ ફર્માવે છે કે મુસલમાનને મુસલમાન અને કાફિરને કાફિર જાણવું જરૂરિયાતે દીનમાંથી છે. *(બહારે શરીઅત, ભાગ : ૧)*

### ★ શું અહલે કિતાબ અહલે ઈમાન (Belivers) નથી ? ★

**સવાલ** : જો ઝૈદ આવું કહે કે મેં યહૂદીઓ અને ઈસાઈઓને એટલા માટે અહલે ઈમાન કહ્યા છે કે તેઓ આસ્માની કિતાબોને માનવાવાળા એટલે કે અહલે કિતાબ છે ?

**જવાબ** : યહૂદી અને નસરાની અહલે કિતાબ તો છે પણ તેના કારણે તેમને અહલે ઈમાન ન કહી શકાય, હાલ તેઓના મઝહબ બાતિલ છે અને ઈસ્લામ ધર્મ સિવાય બીજો કોઈ ધર્મ હવે કબૂલ કરવા પાત્ર નથી.

"અને જે કોઈ ઈસ્લામ સિવાય બીજો દીન ઈચ્છશે તે કદાપી તેનાથી કબૂલ રાખવામાં નહીં આવે અને તે આખેરતમાં નુકસાનવાળાઓમાંથી છે." *(સૂરએ આલે ઈમરાન, આયત : ૮૫)*

હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં رحمۃ اللہ علیہ આયતે કરીમાના સંબંધે તફસીરે નઈમી, ભાગ : ૩, પેજ : ૫૭૫માં ફર્માવે છે, "જો કોઈ ઈસ્લામના સિવાય બીજો કોઈ ધર્મ શોધે અથવા નબીએ કરીમ ﷺની તશરીફ આવરી પછી જો કોઈ તેમની શરીઅતના વિરુદ્ધ બીજો કોઈ ધર્મને શોધે મતલબ કે શિર્ક અને કુફ્રને અથવા યહૂદિયત અને નસરાનિયતને કે તે ધર્મો (એટલે યહૂદિયત અને નસરાનિયત) પોતાના સમયકાળમાં ઈસ્લામ હતા, હવે તે ધર્મોને સ્વીકારવા ગુમરાહી અને કુફ્ર છે." *(તફસીરે નઈમી, ભાગ : ૩, પેજ : ૫૭૫)*

## ★ ઈસાઈ ત્રણ ખુદાને માને છે ★

**સવાલ** : શું ઈસાઈ એક ખુદાને માનવાવાળા નથી ?!

**જવાબ** : હા ! નથી ! આ લોકો તષ્લીષને માનવાવાળા છે એટલે એમણે અલ્લાહના એક હોવાને (મઆઝલ્લાહ !) ત્રણ ભાગોમાં આ રીતે વહેંચી આપ્યું છે : (૧) પિતા (૨) પુત્ર (૩) રૂહુલ કુદસ. અને તે લોકોને ખુલ્લા શબ્દોમાં કુર્આને મુકદ્દસે કાફિર કહ્યા છે. હવે જો કોઈ તેમને ઈમાનવાળા (Believers) કહે છે તો તે સાફ સાફ કુર્આને મુકદ્દસને ખોટુ પુરવાર કરે છે. જેમ કે અલ્લાહ તબારક વ તઆલા કુર્આને પાકમાં ફર્માવે છે : ''બેશક ! કાફિર છે તે જેઓ કહે છે કે અલ્લાહ તે જ મસીહ, મરયમનો પુત્ર. અને મસીહે તો આ કહ્યું હતું, હે બની ઈસ્રાઈલ ! અલ્લાહની બંદગી કરો જે મારો રબ અને તમારો રબ. બેશક ! જે અલ્લાહનો ભાગીદાર ઠરાવે તો તેના પર અલ્લાહે જન્નત હરામ કરી દીધી અને તેનું ઠેકાણું દોઝખ છે, અને જાલિમોનો કોઈ મદદગાર નથી. બેશક ! તેઓ કાફિર છે જેઓ કહે છે કે અલ્લાહ ત્રણ ખુદાઓમાંનો ત્રીજો છે. અને ખુદા તો એક જ છે, અને જો પોતાની વાત ન છોડી તે જે એમનામાં કાફિર મળશે, તેમને અવશ્ય દુઃખદાયક અઝાબ મળશે.'' *(સૂરએ માએદહ્, આયત : ૭૨, ૭૩)*

## ★ શું તૌહીદના માનવાવાળા યહૂદીઓને પણ ઈમાનવાળા (Believers) ન કહેવાય ? ★

**સવાલ** : જો યહૂદી તૌહીદના માનવાવાળા છે તો શું તેઓને પણ અહલે ઈમાન ન કહી શકાય ?

**જવાબ** : યહૂદીઓમાંથી જે લોકો રબ્બુલ ઈઝ્ઝતને માનવાવાળા છે તેઓને પણ અહલે ઈમાન ન કહી શકાય, કેમ કે ઈમાનવાળાના માટે તૌહીદ પર ઈમાનની સાથે સાથે નબીએ આખિરુઝ્ઝમાં ﷺની રિસાલત પર ઈમાન લાવવું પણ જરૂરી છે. અને જો કોઈ અલ્લાહ પર ઈમાન લાવે પણ સુલ્તાને દો જહાં ﷺ પર ઈમાન ન લાવે તો એ ઈમાનવાળો એટલે મો'મિન નથી. જેવી રીતે કે યહૂદી અને નસરાની (ઈસાઈ) હુઝૂર ﷺ પર ઈમાન ન લાવ્યા તો એમને કુર્આને મુકદ્દસમાં મુન્કિર અને લા'નતી પૂરવાર કરવામાં આવ્યા. જેમ કે કુર્આને મુકદ્દસમાં અલ્લાહ તબારક વ તઆલા ફર્માવે છે : ''અને જ્યારે તેમની પાસે અલ્લાહની કિતાબ (કુર્આન) આવી જે એમના સાથવાળી કિતાબ (તૌરાત)ની સત્યતા જાહેર કરે છે અને અત્યાર પહેલાં તેઓ આ નબીના વસીલાથી જ કાફિરો પર વિજય માંગતા હતા તો જ્યારે પધાર્યો એમના પાસે તે ઓળ ખાયેલો તેનાથી મુન્કિર થઈ બેઠા તો અલ્લાહની લઅનત મુન્કિરો પર.'' *(સૂરએ બકરહ, આયત : ૮૯)*

અને ''બેશક ! જેઓ ઈમાન લાવીને કાફિર થયા, પછી કુફ્રમાં ઔર વધ્યા તેમની તૌબા કદાપી કબૂલ થશે નહીં અને તેઓ જ ભટકેલા છે.'' *(સૂરએ આલે ઈમરાન, આયત : ૯૦)*

સદરુલ અફાઝિલ હઝરત અલ્લામા મુહમ્મદ નઈમુદ્દીન મુરાદાબાદી رحمۃ اللہ علیہ આ આયતે કરીમાના હેઠળ તફસીરે ખઝાઈનુલ ઈર્ફાનમાં ફર્માવે છે : આ આયત યહૂદી અને નસરાનીના હક્કમાં નાઝિલ થઈ જે રહમતે આલમ ﷺની પયદાઈશ પહેલાં પોતાની કિતાબોમાં હુઝૂર ﷺની પ્રશંસા અને સિફત (ખૂબી)ને જોઈને હુઝૂર ﷺ પર ઈમાન રાખતા હતા, અને આપ ﷺના જાહેર થયા પછી કાફિર થઈ ગયા, અને પછી કુફ્રમાં ખૂબ કઠણ થઈ ગયા.

## ★ શું કિતાબીઓને ઈમાનવાળા (Believers) કહેવાની કોઈ ગુંજાઈશ નથી ? ★

**સવાલ** : તો શું વાસ્તવમાં અહલે કિતાબને ઈમાનવાળા (Believers) કહેવાની કોઈ ગુંજાઈશ જ નથી ?

**જવાબ** : હા ! કોઈ ગુંજાઈશ નથી ! કેમ કે કુર્આને પાકે યહૂદી અને નસરાનીને ખુલ્લા કાફિર કહી આપ્યા છે તો હવે તેમને અહલે ઈમાન કહેવાની ગુંજાઈશ પણ કતયાંથી રહી ? પરંતુ અહલે કિતાબનો પોતાની

કિતાબો પર અમલ કરવાનો દાવો પણ એમને અહલે ઈમાન નહીં કરી શકે, કેમ કે જ્યારે તેમની કિતાબોમાં સરકારે દો આલમ ﷺની તશરીફ આવરી અને એમના પર ઈમાન લાવવાનો ઉલ્લેખ થયો હતો, તે પછી પણ ખાતમુન્નબીય્યીન ﷺનો ઈન્કાર કરવો એટલે એ પોતાની કિતાબોને ન માનવું છે.

ઈમામ ફખ્રુદ્દીન રાઝી رحمۃ اللہ علیہ તફસીરે કબીરમાં સૂરએ બકરહની આયત નં : ૪૧ના આ ટુકડા :– **وَاٰمِنُوْا بِمَآ اَنْزَلْتُ مُصَدِّقًالِّمَا مَعَكُمْ وَلَا تَكُوْنُوْٓا اَوَّلَ كَافِرٍۢ بِهٖ**ના હેઠળ ફર્માવે છે કે તાજદારે નબુવ્વત મહબૂબે રબ્બુલ ઈઝ્ઝત ﷺની રિસાલતને સૌથી પહેલાં જૂઠુ પાડી પોતાની કિતાબોને જૂઠા પુરવાર કરવાવાળા ન બનો. એટલા માટે કે તમારું રસૂલ ﷺને જૂઠા પાડવું પોતાની કિતાબોને જૂઠી પાડવા બરાબર છે. *(તફસીરે કબીર, ભાગ : ૧, પેજ : ૪૮૩)*

### ★ શું શિર્કથી બચવાવાળા કિતાબી (યહૂદી, ઈસાઈ)ને પણ અહલે ઈમાન ન કહી શકાય ? ★

**સવાલ** : કોઈ યહૂદી અથવા ખ્રિસ્તી જો શિર્ક ન કરતો હોય અને એક ખુદાને માનવાવાળો હોય તો શું હવે પણ તેને ઈમાનવાળા ન કહી શકાય ?

**જવાબ** : ના ! જો કોઈ યહૂદી અથવા ખ્રિસ્તી શિર્ક છોડી પણ દે અને તૌહીદે હક઼ીક઼ીને કબૂલ પણ કરી લે, પણ જ્યાં સુધી તે સરકારે દો આલમ ﷺને આખરી નબી ન માને ત્યાં સુધી અહલે ઈમાન નથી થઈ શકતો. તે યક઼ીનન ! કાફિર ! કાફિર અને કાફિર જ છે ! અને કાફિર પણ એવો કે તેને ઈમાનવાળો એટલે મો'મિન કહેવાવાળો પણ જાતે કાફિર છે. (મજમઉલ અન્હર)માં છે યહૂદી અથવા ઈસાઈ જો માત્ર આટલુ કહે : **લા ઈલાહ ઈલ્લલ્લાહ** એટલે **અલ્લાહ સિવાય કોઈ ઈબાદતના લાયક નથી** તો તે મુસલમાન નથી જ્યાં સુધી કે મુહમ્મદુર્રસૂલુલ્લાહ (ﷺ) એટલે **''મુહમ્મદ અલ્લાહના રસૂલ છે''** ન કહી લે. (મજમઉલ અન્હર, ભાગ ૨, પેજ : ૫૦૩) પણ કોઈ એક નબીને નબી માનવાથી ઈન્કાર કરવો પણ કુફ્ર છે. ફુક઼હાએ કિરામ ફર્માવે છે : ''જે કોઈ અંબિયાએ કિરામમાંથી અમુક અંબિયાએ કિરામને ન માને અથવા જે અંબિયાએ કિરામની સુન્નત હોય તેના પર રાજી ન હોય તો યક઼ીનન ! એણે કુફ્ર કર્યું.'' *(આલમગીરી, ભાગ : ૨, પેજ : ૨૬૩)*

સારાંશ કે રહમતે દો આલમ ﷺ પર ઈમાન ન લાવવું, આપ ﷺને આખરી નબી ન માનવા અને પોતાના દીનને છોડીને રહમતે દો આલમ ﷺના લાવેલા દીને મુબીનને ન અપનાવવો યહૂદી અને નસરાનીનું સાફ કુફ્ર છે, કેમ કે હવે અહલે ઈમાન એટલે ઈમાનવાળા મો'મિન થવાનો મતલબ જ એ છે કે તે ખાતમુન્નબીય્યીન, સાહિબે કુર્આને મુબીન ﷺના લાવેલા દીને મતીનને માનવાવાળો અને તેના પર વિના સંકોચે ઈમાન લાવવાવાળો હોય. મજમઉલ્ અન્હરમાં છે : ''જે કોઈ નબીએ કરીમ ﷺને આખરી નબી ન માને તો તે મુસલમાન નથી.'' *(મજમઉલ અન્હર, ભાગ : ૨, પેજ : ૫૦૬)*

સારાંશ કે યહૂદી અને નસરાનીનું અહલે ઈમાન થવું ન તો કુર્આને પાકથી સાબિત છે ન તો મુબારક હદીષોથી છે. જેથી તેમને અહલે ઈમાન કહેવા બિલકુલ **કુફ્ર** છે, કેમ કે કાફિરને કાફિર જાણવું જરૂરિયાતે દીનમાંથી છે. જેમ કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા ફતાવા રઝવિય્યહ શરીફમાં હઝરત સૈયદના ઈમામ અબૂ ઝકરિયા رحمۃ اللہ علیہ અને સૈયદના ઈમામ ઈબ્ને હજર મક્કી رحمۃ اللہ علیہનો મુબારક ક઼ૌલ રજૂ કરીને ફર્માવે છે : ''જ્યારે કોઈએ તે વાતનો ઈન્કાર કર્યો જેનું જરૂરિયાતે દીનથી હોવું મુત્તફક અલયહ (એટલે જેના પર બધા જ અહલે ઈસ્લામ સહમત હોય તે) ખબર છે ભલે તેમાં કુર્આનની સ્પષ્ટ આયતો હોય અથવા ન હોય તો તેનો ઈન્કાર કુફ્ર છે.'' *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૧૪, પેજ : ૩૩૯)*

### ★ શું યહૂદી અને નસરાની હમેશાંના જહન્નમી છે ? ★

**સવાલ** : તો શું યહૂદી અને નસરાનીને અહલે

ઈમાન કહેવાની કોઈ સ્થિતિ જ નથી ?! શું તેઓ હમેશાં હમેશાંના માટે જહન્નમી છે ?

**જવાબ** : હા ! તેમને અહલે ઈમાન કહેવાની કોઈ સ્થિતિ જ નથી કેમ કે કુર્આને મુક઼દસમાં (સૂરએ બક઼રહ, આયત : ૪૧)માં સ્પષ્ટપણે આવ્યું છે : "અને ઈમાન લાવો તેના પર જે મેં ઉતાર્યું તેને સાચુ ઠેરવતું જે તમારી સાથે છે, અને સર્વ પ્રથમ એને નકારનાર ન બનો અને મારી આયતોને બદલે થોડુ વળતર ન લો, અને મારાથી જ ડરો." તો હવે સાફ જાહેર છે કે યહૂદી અને નસરાનીએ આક઼ા ﷺ પર ઈમાન ન લાવીને કુફ્ર કર્યું અને કુર્આને મુક઼દસે તેમને કાફિર કહ્યા. તો હવે તેમને અહલે ઈમાન (Believers) કહેવાની કોઈ સ્થિતિ બાકી ન રહી. યહૂદી અને નસરાની ઈન્કાર કરવાના કારણે કાફિર થઈને હમેશાં હમેશાંના માટે જહન્નમી થઈ ગયા અને જે તેમને જહન્નમી ન માને તે પણ કાફિર અને હમેશાંનો જહન્નમી છે. જેમ કે ફુક઼હાએ કિરામ ફર્માવે છે કે હઝરત સૈયદ ઈબ્ને સલામ رحمۃ اللہ علیہથી રિવાયત છે : "જે આવું કહે કે હું નથી જાણતો કે જ્યારે ક઼યામત ક઼ાયમ થશે તો યહૂદી અને નસરાનીને આગનો અઝાબ આપવામાં આવશે તેના પર મશાઈખે બલ્ખની સાથે સર્વ મશાઈખે કિરામે ફત્વો ઈર્શાદ ફર્માવ્યો કે આવા માણસની તકફીર કરવામાં (તેને કાફિર ઠરાવવામાં) આવશે." *(આલમગીરી, ભાગ : ૨, પેજ : ૨૭૪)*

## ★ કાફિરને ઈસ્લામથી નિકટ કરવા માટે કુફ્ર કહેવું કેવું ?! ★

**સવાલ** : જો કોઈ યહૂદી અને નસરાનીને ઈસ્લામથી નજીક કરવાના જઝબા હેઠળ, તેમને ખુશ કરવા માટે તેમને ઈમાનવાળા કહી દે તો શું હવે પણ કુફ્ર છે ?

**જવાબ** : હા ! હવે પણ કુફ્ર છે. કોઈ કાફિરને ઈસ્લામથી પ્રોત્સાહિત કરવા માટે જાતે કુફ્રિયાત બોલવાની ઈસ્લામ કોઈપણ સંજોગોમાં ઈજાઝત નથી આપતો. યાદ રાખો ! વગર શરઈ કારણે કલ્મએ કુફ્ર કહે તેની જાહેરી સારી નિય્યત કોઈ રીતે માન્ય નથી.

આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ આવા જ પ્રકારના એક મસ્અલામાં ફતાવા રઝવિય્યહ્‌માં ભાગ : ૧૪, પેજ નં. : ૬૦૦ પર ફર્માવે છે : "અને જો ધોકો આપવો જરૂરી પણ હોય તો દરેક જરૂરત કુફ્રથી નથી બચાવતી. આમ તો જે નાગા, ભૂખા પેટના માટે ઈસાઈ (એટલે ખ્રિસ્તી) થઈ જાય છે, તેમને પણ કહો કે કાફિર ન થયા કેમ કે જરૂરત માટે કુફ્ર અપનાવ્યું ! અહીં તે જરૂરત માન્ય છે કે ઈકરાહે શરઈની હદ સુધી પહોંચેલી હોય." *(ફતાવા રઝવિય્યહ્‌, ભાગ : ૧૪, પેજ : ૬૦૦)*

યક઼ીનન ! યહૂદી અને નસરાનીને પોતાની નજીક લાવવાનો દાવો કરવાવાળાએ વિના ઈકરાહે શરઈ (શરઈ મજબૂરી વિના) તે કલ્માતે કુફ્ર કહ્યા. ઈકરાહે શરઈ એટલે એવી રીતે ધમકી મળવી કે જાન જવાનો કે સખત માર પડવાનો કે ભારે નુકસાનનું યક઼ીન હોય. પણ અહીંયાં સખત માર તો દૂરની વાત, એક બાલને પણ થોડુંક નુકસાન ન પહોંચતું હતું કે એક અડધો પૈસો પણ ખિસ્સામાંથી જતો ન હતો. જેથી યહૂદી અથવા ઈસાઈ (ખ્રિસ્તી)ને ઈસ્લામથી નજીક કરવા માટે અહલે ઈમાન કહેવું કુફ્ર છે. જેવી રીતે કે ફુક઼હાએ કિરામે બિલ્કુલ સાફ ફર્માવી દીધું, એક માણસે ખુશીની હાલતમાં કુફ્રને જાહેર કર્યું જ્યારે કે તેનું દિલ ઈમાન પર હતું તો પણ તે કાફિર છે. અને તે અલ્લાહ તઆલાને ત્યાં મો'મિન નથી. *(આલમગીરી, ભાગ : ૨, પેજ : ૨૮૩)*

ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ તરીક઼હ્‌, મુહમ્મદીયહ્‌, વહદીય્યહ્‌, નદીય્યહ્‌ના હવાલાથી ઈર્શાદ ફર્માવે છે : "જો કલ્મએ કુફ્ર બોલવાવાળો ખુશીથી છે એટલે કોઈ ચીજનો ઈકરાહ અને જબ્ર (જોર જુલ્મ) નથી, પણ કહેવા કાંઈ ચાહતો હતો બીજુ અને ખ્યાલ વગર ઝબાનથી બીજુ કાંઈક નીકળી ગયું ન હોય તો તેનો હુકમ એ છે કે (ઈમાન બરબાદ) અમલ જતા રહે અને નિકાહ તૂટી જશે." *(ફતાવા રઝવિય્યહ્‌, ભાગ : ૧૪, પેજ : ૬૦૧)*

વધુ પેજ નં. ૨૫....પર

# હિંદમાં ઈસાઈઓની ધર્મ પ્રચારની પ્રવૃત્તિઓ અને આપણે...........

રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

આપણા દેશનો ઈતિહાસ બતાવે છે કે તેનો કોઈ પણ વિસ્તાર કોઈ દોરમાં તબ્લીગ અને દીનનું કામ કરવાવાળાઓથી ખાલી નથી રહ્યો. અહીંયાં પૌરાણિક યુગથી આઝાદી સુધી દીનના દાઈ પેદા થતા રહ્યા અને ઈસ્લામની તબ્લીગ માટે પોતાનું સર્વસ્વ કુર્બાન કરી અલ્લાહના બંદાઓ સુધી તૌહીદ, રિસાલત, આખેરત, ભાઈચારો તથા ઈસ્લામના ઉચ્ચ આદેશો પહોંચાડતા રહ્યા, આઝાદી પછી પણ અલ્લાહના ઘણા નેક બંદાઓ અને અમુક નાની મોટી સંસ્થાઓ આ ફર્ઝ બજાવી રહેલ છે. પરંતુ પ્રશ્ન આ ઉમ્મતની ઓળખનો છે જે અલ્લાહ તઆલા તરફથી આપવામાં આવી છે. અફસોસ ! આપણા દેશમાં હજુ સુધી મુસલમાનોની ઓળખ દાઈના રૂપે ન બની શકી. એનાં ઘણા બધાં કારણો હોઈ શકે છે.

### ★ દા'વત તથા તબ્લીગ જ સર્વ મસાઈલનો હલ છે ★

આઝાદી પછી અહીંયાં મુસલમાનો પોતાને લઘુમતી સમજવા લાગ્યા. અને એક લઘુમતીના જે હક્કો હોય છે તેને મેળવવા માટે પોતાનું ધ્યાન અને સર્વ શક્તિત લગાડી દીધી. મુસ્લિમ કૌમને આગળ લાવવા વિવિધ ક્ષેત્રોમાં પ્રયાસો થતા રહ્યા પરંતુ એમનામાંથી કોઈ પણ કોશિશ મુસલમાનોના મસાઈલનો હલ ન બની શકી, બલ્કે મુસલમાનોના મસાઈલને હલ કરવા જેટલા પણ મુદ્દા રજૂ કરવામાં આવ્યા એનાથી મુસલમાનોના મસાઈલ વધુ ગુંચવણમય બનતા ગયા. પરંતુ એ હકીકત કે હિંદુસ્તાની મુસલમાનોના સર્વ મસાઈલનો હલ દા'વત તથા તબ્લીગ છે એ તરફ ન ધ્યાન દોરવામાં આવ્યું ન તેના માટે કૌમી સ્તરે કોઈ કોશિશ કરવામાં આવી. હવે આ સંદર્ભમાં આપણે આપણા દેશના દા'વત તથા તબ્લીગના ઈતિહાસનો અભ્યાસ કરવો અને તેની રોશનીમાં ભવિષ્યમાં તબ્લીગના સંભવિત પાસાંઓ પર વિચારણા કરી એક સંપૂર્ણ મન્સૂબો તૈયાર કરી યોજનાબદ્ધ રીતે જિમ્મેદારીના એહસાસ અને દિલી લગન સાથે દા'વત તથા તબ્લીગનો ફર્ઝ અદા કરવો અનિવાર્ય છે.

### ★ હિંદુસ્તાનમાં ઈસ્લામી તબ્લીગ ★

આપણા દેશમાં મદઉવિય્યીન (જે લોકોને દીનની દા'વત આપવામાં આવે તે)ના જેટલા પ્રકારો જોવા મળે છે દુનિયાના અન્ય દેશોમાં નહીં મળે જેમની ધાર્મિક માન્યતાઓ, રીત રિવાજોમાં આટલી બધી ભિન્નતા હોય. અહીંયાની વસ્તીનો એક મોટો ભાગ ગરીબ અને પછાત જાતીઓ પર આધારિત છે અને એ લોકોમાં ઘણા ઈસ્લામની તરફ આવી રહ્યા છે. આ ગરીબ જાતીઓ દેશના લગભગ દરેક રાજયમાં આવી છે, જેમની વસ્તી દેશની સંપૂર્ણ વસ્તીમાંથી પચ્ચીસ ટકા જેટલી થઈ શકે છે અને બીજી જાતીઓમાં આવા લોકોની સંખ્યા ૩૫ થી ૪૦ ટકા છે. હકીકત એ છે કે આવા ગરીબ અને પછાત લોકો તરફ ઈસ્લામથી અધિક કોઈ ધર્મમાં ધ્યાન આપવામાં નથી આવ્યું. આવા લોકોને ઈસ્લામમાં જે હક્કો આપવામાં આવ્યા છે અન્ય ધર્મમાં નથી આપવામાં આવ્યા. ઈસ્લામ સિવાય અન્ય કોઈ ધર્મ એવો નથી જે આવા ગરીબ લોકો માટે રહમત, ઈન્સાફ તેમના હક્કોની હિફાઝત અને તેમને જુલ્મ તથા અન્યાયથી બચાવવા માટે પાયાની તા'લીમાત અને બંધારણ આપતો હોય. પરંતુ અફસોસ ! આપણે આવી ગરીબ જાતીઓ સુધી ઈસ્લામનો પયગામ પહોંચાડવામાં મુજરિમાના ગફલત વર્તી અને આપણી ગફલતના કારણે દુનિયાએ એવા સંજોગો પેદા કરી દીધા કે એ લોકો બુદ્ધઈઝમ અને ઈસાઈયત તો સ્વીકારી લે પણ ઈસ્લામ તરફ ન આવે !

બીજી બાજુ ૧૦% વસ્તી એવા લોકોની છે જેમને આદિવાસી કહેવામાં આવે છે, જેમની સંખ્યા સમગ્ર દેશમાં આશરે ૧૦ કરોડની છે. પરંતુ ગફલતના

કુપરિણામે દેશની એટલી મોટી સંખ્યા ઈસ્લામની રોશનીથી મેહરૂમ છે અને ઈસાઈ મિશનરીઓ તથા સંસ્થાઓ આવી જાતીઓમાં ઘણી જ તેજીની સાથે ઈસાઈયતની તબ્લીગમાં કાર્યરત છે. પહાડો અને ગીચ જંગલોમાં આદીવાસીઓની નાની વસ્તીઓ હોય છે લગભગ દરેક વસ્તીમાં ઈસાઈઓની સ્કૂલો અને ચર્ચો છે.

હિંદુસ્તાનના નોર્થ ઈસ્ટના જંગલો અને પહાડો જોઈને આશ્ચર્ય થાય છે કે આજથી દોઢસો બસો વરસ પહેલાં ઈસાઈ મુબલ્લિગો (પ્રચારકો) ત્યાં કઈ રીતે પહોંચી ગયા જ્યાં ચારે બાજુ એવાં ભયાનક ગાઢ જંગલો છે જેમાં સૂર્યનાં કિરણો સુદ્ધાં નથી પહોંચતાં, જ્યાં ચાલવા માટે રસ્તા પણ નથી અને ત્યાં વસતા લોકો આદમખોર છે. વધુ આશ્ચર્યની વાત એ છે કે ત્યાં માત્ર દેશના જ નહીં બલ્કે યૂરોપિયન દેશોના ઉચ્ચ શિક્ષિત ઈસાઈ મુબલ્લિગો પણ ત્યાં પહોંચ્યા હતા. શરૂઆતમાં એમનામાંથી ઘણાને તો ત્યાંના લોકોએ મારી નાખ્યા. પરંતુ ઈસાઈ મુબલ્લિગો જાન હથેળી પર રાખીને પણ ઈસાઈયતની તબ્લીગ માટે ત્યાં પહોંચી ઈસાઈયતને ફેલાવવાની કોશિશ કરતા અને એના માટે પોતાની જાન પણ આપી દેતા. છેવટે અથાગ કોશિશોના પરિણામે ઈસાઈઓ આવા આદમખોર લોકો દરમિયાન જઈ વસી ગયા અને તેમની તબ્લીગના પરિણામે ત્યાંના પૂરે પૂરા પરિવારો ઈસાઈ બની ગયા. આજે ત્યાંની ૮૦% વસ્તી ઈસાઈ છે ! મધ્યપ્રદેશમાં તેમનું કાર્ય વર્તુળ ઘણુ જ વિસ્તૃત છે. જાબવા જિલ્લાની ૯૦% વસ્તી ઈસાઈ છે. અહીંયાં એક નાનુ ગામડુ છે જેનું નામ આમકોટ છે, સાતસો ઘરો પર આધારિત અહીંયાની આખી વસ્તી ઈસાઈ થઈ ચૂકી છે ! દાયકાઓ પહેલાં જોન બિકાનન અને તેમની પત્ની મેરી બિકાનન અમેરિકાથી અહીંયા આવ્યાં હતાં જે ડોકટર હતાં. અમેરિકાની એશો આરામની જિંદગી છોડી ઈસાઈયતની તબ્લીગ માટે એક એવા વિસ્તારમાં આવી વસ્યાં જ્યાં કોઈ સુવિધા કે આરામ ન હતો. ત્યાં એમણે ઈસાઈયતની તબ્લીગ કરી અને આખા ગામે ઈસાઈ ધર્મ સ્વીકારી લીધો.

વિચારો ! એ કયો જઝબો હશે જેના કારણે તેઓ અમેરિકા જેવો દેશ છોડી આવા ભયાનક આદમખોર જંગલમાં આવી પહોંચ્યા જ્યાં ન એમનો કોઈ સંબંધી હતો ન પરિચિત, જ્યાં ન ખાવા પીવાનું તેમના અનુકૂળ ન વાતાવરણ તેમના અનુસાર, તેમની ભાષા સમજવાવાળુ પણ ત્યાં કોઈ ન હતું, પરંતુ ઈસાઈયતની તબ્લીગ એમનું મિશન હતું જેના માટે એમણે પોતાનું સર્વસ્વ કુર્બાન કરી દીધું.

બહારથી આવી વસેલા થોડા મુસલમાનોની વસ્તી પણ અહીંયાં છે. જેમાં સારા લોકો પણ છે, પરંતુ તેમનામાંથી અધિકની પરિસ્થિતિ ઘણી જ અફસોસનાક છે. ઈસ્લામની દા'વત તથા તબ્લીગ તો દૂરની વાત છે તેમના જીવનના કોઈ પાસામાં ઈસ્લામી રંગ જોવા નથી મળતો. તેનાથી વિપરિત વિદેશથી આવતા ઈસાઈઓની વર્તણૂંક આદિવાસી વસ્તીઓમાં ઘણી સારી છે. જેનું અનુમાન આ ઘટનાથી કરી શકાય છે કે એક ઈસાઈ ડોકટર ગ્રાહમ સ્ટીન પોતાની પત્ની સાથે ઓરીસ્સાના એક ગામ મનોહરપુરમાં આવી વસી ગયો. આ વિસ્તારમાં રકતતપિત કોઢની બીમારી સામાન્યતઃ છે. આ દંપત્તિએ કોઢીઓની સેવાનું બીડુ ઝડપ્યુ. બંનેવ કોઢીવાળાઓની દેખભાળ કરતાં, સ્નાન કરાવતાં, ખવડાવતાં, ઘાને સાફ કરી મલમ પટ્ટી કરતાં. કહેવામાં આવે છે કે તેમણે કદી જબાનથી ઈસાઈયતની તબ્લીગ નથી કરી પરંતુ તેમનો વર્તાવ અને લોકોની સેવા ઈસાઈયતની તબ્લીગનું એક પ્રબળ અને પ્રભાવશાળી માધ્યમ બની ગયું. દિન પ્રતિ દિન વધતી જતી તેમની લોકપ્રિયતા અમુક ક્રૂર પ્રકૃતિવાળો માણસો જોઈ ન શકતયા અને તેમની જાનના દુશ્મન થઈ ગયા, એક દિવસ ગ્રાહમ સ્ટીન પોતાનાં બે નાનાં બાળકોની સાથે જીપમાં સૂતા હતા એવામાં દુશ્મનોએ એમની જીપને આગ લગાડી દીધી જેમાં ગ્રાહમ પોતાનાં બે બાળકો સાથે સળગી મૃત્યુ પામ્યો. આ ઘટના પર આદિવાસીઓએ સખત વિરોધ પ્રદર્શનો કર્યા તો ત્યાંની સરકારે તપાસ હાથ ધરી અને કાતિલની ધરપકડ થઈ. આ ઘટનાની વિગતો પ્રેસમાં આવી ચૂકી છે. આ દુઃખદ ઘટના બાદ ગ્રાહમ સ્ટીનનાં પત્નીએ બે અગત્યની વાતો કહી : એક તો કે, "હું એલાન કરું છું કે મેં મારા પતિના કાતિલને દિલથી માફ કરી દીધું." અને બીજી વાત એ કે, "મારા પતિ અને જિગરના ટુકડાઓના મૃત્યુના કારણે હું ઓસ્ટ્રેલિયા પરત જઈશ નહીં, હવે મારું જીવવું મરવું આ જ વિસ્તાર છે. હું પોતાના પતિના મિશનને આગળ વધારીશ અને તેને પૂર્ણ કરવા પોતાનું બાકી જીવન પણ

ખર્ચી નાખીશ.''

## ★ ઈસાઈયત ફેલાવવા માટે ઈસાઈઓની અસામાન્ય કોશિશ ★

આદિવાસીઓમાં ઈસાઈયત આમ જ નથી ફેલાઈ બલ્કે તે માટે અથાગ મહેનત અને અસામાન્ય કોશિશો કરવામાં આવી છે. આદિવાસીઓની બોલીને એક લિપિનું રૂપ આપી તેને એક ભાષા બનાવી દેવામાં આવી છે, સાથે જ તેનો શબ્દકોશ પણ તૈયાર કરવામાં આવ્યો છે. અને એ ભાષામાં બાઈબલનું ભાષાંતર અને ઈસાઈ લિટ્રેચર પ્રકાશિત કર્યું છે. તદ્ઉપરાંત ત્યાં ઘણી બધી તા'લીમી સંસ્થાઓ અને સ્કૂલોની પણ વ્યવસ્થા કરવામાં આવી છે. એ સિવાય આદિવાસીઓમાં ઈસાઈયતને ફેલાવવા માટે તેમણે ઘણી કોશિશો કરી છે, જેમ કે એક ઈસાઈ વિદ્વાન યૂરોપથી અહીંયાં આવ્યો અને આદિવાસીઓની એક જાતીના ઈલ્મી અને સંશોધનાત્મક અભ્યાસમાં સંપૂર્ણ ચાલીસ વરસ લગાડી દીધાં અને તે ચાલીસ વરસનો અભ્યાસ પુસ્તક રૂપે પ્રકાશિત પણ થઈ ચૂકતયો છે.

પરંતુ અફસોસ કે મુસલમાનો તરફથી આદિવાસીઓ પ્રતિ કોઈપણ રીતે ધ્યાન આપવામાં ન આવ્યું. આદિવાસીઓ ઘણા જ સાફ દિલ અને સાદા હોય છે. એમની સમક્ષ જ્યારે ઈસ્લામનો પરિચય આપવામાં આવે છે તો તેઓ ઘણા દુઃખ સાથે કહે છે કે તમે અમારા સુધી પહોંચવામાં ઘણો વિલંબ કર્યો છે !

આદિવાસીઓ વિશે આ બધી વિગતો રજૂ કરવાનો હેતુ એ છે કે આપણા દેશમાં ઈસ્લામની દા'વત તથા તબ્લીગની કેટલી જરૂરત છે અને કેટલા એવા ક્ષેત્રો છે જેમના તરફ હજુ સુધી મુસલમાનોએ ધ્યાન પણ નથી આપ્યું. આપણો ફર્ઝ બને છે કે દા'વત તથા તબ્લીગની જરૂરતને સમજી આપણો દીની ફર્ઝ અદા કરીએ અને અલ્લાહ તઆલાની પકડથી બચવાની ફિક્ર કરીએ.

## ★ આપણો એ ખ્યાલ ખોટો છે ! ★

એક ખાસ વાત એ છે કે આપણા દેશના ઉચ્ચ જાતીઓથી સંબંધ એક ખાસ વાત એ છે કે સામાન્યતઃ આપણો ખ્યાલ એ છે કે તેઓ ઈસ્લામના વિરોધી અને મુસલમાનોના દુશ્મન છે, જ્યારે કે હક઼ીક઼ત એ છે કે આપણો એ ખ્યાલ ખોટો છે, ઉચ્ચ જાતીઓના લોકો જેમ કે રાજપૂત, બ્રાહ્મણ વગેરેમાં ઈસ્લામ સ્વીકારવાની વિગતો પ્રકાશમાં આવી રહી છે અને શિક્ષત યુવાનો તથા યુવતીઓ ઈસ્લામ સ્વીકારી રહ્યા છે અને તે પણ એ વાતની ચિંતા કર્યા વિના કે ઈસ્લામ સ્વીકારવાના પરિણામે ઘર અને સમાજ તેમની સાથે કેવું વર્તન કરશે.

બીજી મહત્વની વાત એ છે કે અહીંયાં જે લોકોને ઈસ્લામની દા'વત આપવામાં આવે છે તેમના તરફથી વિરોધ કરવામાં નથી આવતો, બલ્કે ઈસ્લામની દા'વત આપનારનું સન્માન કરવામાં આવે છે. કેટલાક લોકો તો એવા હોય છે જે ઈસ્લામની દા'વત આપનારને કહે છે કે આપનો આભાર કે અમને ઈસ્લામનો પરિચય આપ્યો. એ પણ સાંભળવામાં આવે છે કે તમે આજે ઈસ્લામની દા'વત આપો છો ! પહેલાંથી જ ઈસ્લામની દા'વત કેમ ન આપી ? અમારા બાપદાદાઓ સુધી ઈસ્લામની દા'વત ન પહોંચવાના કારણે તેઓ કુફ્ર અને શિર્કની હાલતમાં મૃત્યુ પામ્યા, જેના કારણે તેઓ જહન્નમના હક્કદાર છે. હવે તમે જ કહો કે એમના જહન્નમમાં જવાના જવાબદાર કોણ છે ?! આમ કહી તેઓ રડવા લાગે છે.

આ પરિસ્થિતિ એ લોકોની છે જેમને આપણે ઈસ્લામની દા'વત આપવાની છે, અહીંયાં દીનની તબ્લીગની જે સંભાવનાઓ અને અનુકૂળતાઓ છે તે કદાચ જ અન્ય કોઈ દેશમાં હોય. બસ, જરૂરત છે થોડુ ધ્યાન આપવાની, એ લોકો સમક્ષ ઈસ્લામની થોડી વાત કરવામાં આવે, એમના સુધી કોઈ ઈસ્લામી કિતાબ અથવા લિટ્રેચર પહોંચાડવામાં આવે, એમની સાથે ઈસ્લામી અખ્લાક઼નું પ્રદર્શન કરવામાં આવે તો નિઃસંકોચ તેઓ પ્રભાવિત થયા વિના નહીં રહી શકે, બલ્કે ઈસ્લામથી નિકટ પણ થશે.

આજે મુસલમાનો કેવળ મુસલમાન થઈને એવું સમજી બેઠા છે કે આપણે હવે કંઈ કરવાની જરૂરત નથી ! અને એ ભૂલી બેઠા છે કે **એક મુસલમાન હોવાના નાતે ઈસ્લામને બીજાઓ સુધી પહોંચાડવું પણ આપણા પર ફર્ઝ છે, જે માત્ર ઉલ્માની જવાબદારી નથી બલ્કે દરેક મુસલમાનની છે. શું આપ તેના માટે તૈયાર છો ?!**

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી–મુંબઈ, મે–૨૦૧૨)*

કાર્યાલય

# ૨૭ રજબે શબે મેઅરાજ વિશે
# મશ્હૂર મુહદ્દિષોનાં કથનો

સામાન્યતઃ ૨૭ રજબ શબે મેઅરાજનો દિવસ આવતાં અગાઉ જ વહાબી દેવબંદીઓ શબે મેઅરાજનો ઈન્કાર તો ઉઘાડે છોગે નથી કરી શકતા જેથી તેની તારીખ ૨૭ રજબ વિશે વિવાદ કરે છે અને તે દિવસે રોઝો રાખવો તથા ઈબાદત કરવાને નાજાઈઝ, બિદઅત બલ્કે હરામ સુદ્ધાં તેમનાં ગુમરાહકુન છાપામાં છાપતા રહે છે. જેથી અત્રે અમુક સવાલો અને તેના જવાબો રજૂ કરીએ છીએ જેને વાંચો અને ગુમરાહોથી બચો.

**(૧)** રજબ મહિનામાં મેઅરાજની કોઈ સાબિતી છે કે નથી ? **(૨)** ૨૭ રજબે શબે મેઅરાજ મનાવવી એ ખરેખર બિદઅત તથા ઈસ્લામ વિરુદ્ધનું કૃત્ય છે ? **(૩)** ૨૭ રજબના રોઝો રાખવો બિદઅત છે ? સચોટ શરઈ પુરાવાઓ સાથે આ સવાલોના જવાબો વાંચો અને ઈમાનને તાજુ કરો.

**★ ઈમાન અફરોઝ જવાબો ★**

મેઅરાજુન્નબીનો દિવસ એક પવિત્ર તથા ઐતિહાસિક દિવસ છે જેની રાતમાં અલ્લાહ તઆલાએ પોતાના પ્યારા નબીને તે કુર્બ (નિકટતા) અર્પણ કર્યો કે અન્ય અંબિયાને એ કુર્બ અતા ન થયો. અને શબે મેઅરાજના રોજ નબી ﷺએ માથાની આંખો વડે જાગૃતાવસ્થામાં પોતાના રબનો દીદાર કર્યો અને એ રાતમાં નમાઝનો તોહફો આપવામાં આવ્યો. આવા મુકદ્દસ તથા ઐતિહાસિક દિવસોને **ઐયામિલ્લાહ** (અલ્લાહના દિવસો) કહેવામાં આવે છે, જેને યાદ કરવાનો અલ્લાહ તઆલાએ હુકમ આપ્યો. ઈર્શાદે ખુદાવંદી છે : وَذَكِّرْهُمْ بِاَيّٰمِ اللّٰهِ "અલ્લાહના દિવસોની ચર્ચા કરો." *(પારા–૧૩, રુકૂઅ–૧૩)*

અને યાદ કરવાની વિવિધ સ્થિતિઓ છે : તે દિવસે રોઝો રાખીને, ખાસ ઈબાદતોની વ્યવસ્થા કરીને અથવા તો જલસો કે ઝિક્રની મેહફિલ ગોઠવીને. અને એ સમયોમાં વર્ણવેલ કાર્યો કરવાની **મનાઈની કોઈ દલીલ જ્યાં સુધી ન મળી જાય ત્યાં સુધી** એ કાર્યો પોતાની અસલના એ'તબારથી **જાઈઝ** થશે.

એ સહીહ છે કે મેઅરાજની તારીખ, મહિના તથા સાલમાં ઉલમાએ સિયર તથા મુહદ્દિષો વચ્ચે જબદસ્ત મતભેદ છે. મેઅરાજ બઅષત (નબુવ્વતના એલાન) પછી હિજરત પહેલાં કે હિજરત પછી થઈ ? વળી બઅષત પછી હિજરત પહેલાં કેટલા વરસો પહેલાં થઈ ? એમાં પણ વિવિધ કથનો છે, વળી મહિનામાં પણ મતભેદ છે. કોઈકે રબીઉલ અવ્વલ, કોઈકે રબીઉલ આખર, કોઈએ રજબ, કોઈએ રમઝાન, કોઈએ શવ્વાલ કહ્યું.

પણ અધિક મજબૂત તથા મશ્હૂર એ છે કે બઅષત પછી હિજરત પહેલાં ૨૭ રજબની રાતમાં થઈ. મહાન મુહદ્દિષ હાફિઝ અબ્દુલગની મુકદ્દસી એ એને જ અપનાવેલ છે. **મવાહિબે લદુન્નિયા**માં છે : "મેઅરાજ ૨૭ રજબની રાતમાં થઈ. હાફિઝ અબ્દુલગની મુકદ્દસીએ એને અપનાવેલ છે."

આ કૌલ હેઠળ **ઝુર્કાની અલલ્ મવાહિબ**માં છે : **(અર્થ)** : "૨૭ રજબવાળા કૌલ (કથન) પર લોકોનો અમલ છે. અમુક ઉલમાએ ફર્માવ્યું, આ જ કથન અધિક મજબૂત છે, કેમ કે જે મસ્અલામાં સલફ (પૂર્વજ બુઝુર્ગો)નો મતભેદ હોય અને અગ્રતા માટે કોઈ દલીલ કાયમ ન થાય અને કોઈ એક કૌલની સાથે અમલ લાગુ થઈ જાય અને તેને કબૂલિયત હાંસલ થાય તો અધિકતતર ગુમાન એ છે કે એ જ રાજેહ (પસંદીદા) છે." *(ઝુર્કાની અલલ મવાહિબ, ૨/૭૧)*

એટલે કે ૨૭ રજબવાળા કથન પર લોકોનો અમલ છે. અમુક ઉલમાએ ફર્માવ્યું, એ જ કૌલ અધિક મજબૂત છે. કેમ કે જે મસ્અલામાં સલફ (પૂર્વજ બુઝુર્ગો)નો મતભેદ હોય અને અગ્રતા આપવા માટે કોઈ દલીલ સ્થાપિત ન થાય અને કોઈ એક કૌલ સાથે અમલ લાગુ થઈ જાય અને તેને કબૂલિયત હાંસલ હોય તો અધિકતતર ગુમાન એ છે કે એ જ રાજેહ (પસંદીદા) છે.

અને વહાબીઓ દેવબંદીઓનું એ કહેવું કે, "હુઝૂરની જિંદગીમાં મેઅરાજની રાત વિવિધ વાર આવી, સહાબીઓની જિંદગીમાં કેટલીયેવાર આવી, પણ તે હઝરાતે કદી શબે મેઅરાજ ન મનાવી અને ન કદી મનાવવાનો હુકમ આપ્યો, એટલા માટે એ બેઅસ્લ છે."....**પ્રથમ** તો તેને બેઅસ્લ કહેવું વહાબીઓની જેહાલત છે. નીચે અમે અમુક રિવાયતો નકલ કરીએ છીએ જેનાથી સ્પષ્ટ થઈ જશે કે એના માટે અસ્લ (મૌજૂદ) છે.

**બીજુ** કે એ હઝરાતે જશ્ને મેઅરાજુન્નબી મનાવવાથી મના કતયારે કર્યુ ? વહાબી એને સાબિત કરી આપે ! અને **જ્યારે વસ્તુમાં અસલ અબાહત (મુબાહ હોવું) છે તો અસલના એ'તબારથી જાઈઝ હોવાનો હુકમ થશે.**

**ત્રીજુ** એ કે જો વહાબીઓને દરેક કામ માટે અસલની જરૂરત હોય તો પછી બતાવે કે દારુલ ઉલૂમ દેવબંદનો "સદ સાલા જશ્ન" (શતાબ્દીનો જશ્ન) મનાવવામાં આવ્યો તેની શું અસ્લ છે ? શું કુરૂને ષલાષા (રસૂલ, સહાબા, તાબઈના જમાના)માં આ પ્રકારનો કોઈ "સદ સાલા જશ્ન" થયો હતો ? હવે અમે એ રિવાયતોને વર્ણવીએ છીએ જેનાથી શબે મેઅરાજના રોજ ખાસ ઈબાદતોની વ્યવસ્થા કરવાની તથા ૨૭ રજબે નફલી રોઝો રાખવાની સાબિતી પૂરી પડે છે.

**★ ૨૭ રજબે ઈબાદત તથા રોઝાની સાબિતી ★**

બયહકી તથા શોઅબુલ ઈમાન તથા દયલમીએ મુસ્નદુલ ફિરદોસમાં સલ્માન ફારસી رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત કરી કે : **"રજબમાં એક દિવસ અને એક રાત છે, જે એ દિવસનો રોઝો રાખે અને તે રાત નવાફિલ (નફલો પઢવામાં) પસાર કરે તે સો (૧૦૦) વરસના રોઝાઓ તથા સો (૧૦૦) વરસની શબ બેદારીના સમાન થશે અને તે ૨૭ રજબ છે.** એ જ તારીખે અલ્લાહ ﷻએ મુહમ્મદ ﷺને મબ્ઊષ કર્યા.

તેમજ એમાં જ અબાન ઈબ્ને અયાશના તરીકાથી હઝરત અનસ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત પામેલ છે : **"રજબમાં એક રાત છે કે એમાં નેક અમલ કરવાવાળાને સો (૧૦૦) વરસની નેકીઓનો સવાબ છે અને તે રજબની ૨૭મી રાત છે. જે એમાં બાર રકાતો પઢે, દરેક રકાતમાં સૂરએ ફાતિહા અને એક સૂરત અને દરેક બે રકાત પર અત્તહિય્યાત અને છેવટમાં સલામ બાદ**

سُبْحَانَ اللّٰهِ وَالْحَمْدُ لِلّٰهِ وَلَا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاللّٰهُ اَكْبَرُ

**સુબ્હાનલ્લાહિ વલ્ હમ્દુલિલ્લાહિ વલા ઈલાહ ઈલ્લલ્લાહુ વલ્લાહુ અકબર સો વાર, ઈસ્તિગફાર સો વાર, દુરૂદ સો વાર. અને પોતાની દુનિયા તથા આખેરતથી જે ચીજની ચાહે દુઆ માંગે અને સવારે રોઝો રાખે તો અલ્લાહ તઆલા તેની સર્વ દુઆઓ કબૂલ ફર્માવે.**

'ફવાઈદુન્નિહાદ'માં અનસ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત થયેલ છે : **"સત્તાવીસ (૨૭) રજબે મારી બઅષત થઈ, જે એ દિવસનો રોઝો રાખે અને ઈફતારના વખતે દુઆ કરે તે દસ વરસના ગુનાહોનો કફ્ફારો બનશે."**

જુઝએ અબૂ મઆઝ મરૂઝીમાં શહર ઈબ્ને હવશબના તરીકાથી અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરફૂઅન્ રિવાયત થયેલ છે : **"જે રજબની ૨૭નો રોઝો રાખે તો અલ્લાહ તઆલા તેના માટે ૬૦ મહિનાના રોઝાઓનો સવાબ લખે,** અને તે એ દિવસ છે જેમાં જિબ્રઈલ علیہ السلام મુહમ્મદ ﷺના માટે પયગંબરી લઈને નાઝિલ થયા. તન્ઝીહુશ્શરીઅહ્થી 'મા ષબત બિસ્સુન્નહ્'માં છે : وَهٰذَا اَمْثَلُ مَا وَرَدَ فِيْ هٰذَ الْمَعْنٰى "આ તે સર્વ હદીષોથી બેહતર છે જે આ પ્રકરણમાં આવી."

આ સર્વ એના માટે (શબે મેઅરાજ ૨૭ રજબ તથા તેની ઈબાદતો રોઝા માટે) અસ્લ છે. અને અમલોની ફઝીલતોમાં ઝઈફ હદીષ ઉમ્મતના ઈજમાઅ સાથે મકબૂલ (સ્વીકાર્ય) છે. *(માખૂઝ અઝ ફતાવા રઝવિય્યહ્, ભાગ–૪, પેજ–૬૫૭, નોંધ : વધુ માટે અહલે સુન્નતના હક્કનો ચમકાર ! કિતાબ વાંચો)*

## બરકાતે ખ્વાજાની ટપાલ... કાર્યાલય

### ★ શાદીમાં મહેફિલે નઅત ★

**નબીપુર** : મુકામે જનાબ ગુલામઅલી આદમ મૂસા કડુજી (તંત્રીના મામા)ના નેક ફરઝંદો જહાંગીરના નિકાહ જનાબ ઐયૂબ આદમ કડુજી (તંત્રીના મામા)ની નેક દુખ્તર અઝીઝા સાથે તા. ૧૩–૫–૨૦૧૨ (૨૧ જમાદીઉલ આખર હિ.સ. ૧૪૩૩)ના રોજ રવિવારે રાખવામાં આવ્યા. નઅતે પાક તથા સલાતો સલામ સાથે સરઘસ મંડપમાં પહોંચ્યું જ્યાં એક બે નઅતે પાક પછી નિકાહની રસ્મ અદા થઈ છેવટમાં બારગાહે રિસાલતમાં સલામ બાદ દુઆ થઈ હતી. એ જ પ્રમાણે ગુલામ અલી કડુજીના બીજા નેક ફરઝંદ ઈલ્યાસના નિકાહ તા ૧૪–૫–૨૦૧૨ના રોજ સોમવારે સાંસરોદ મુકામે હાફેજી હાજી અબ્દુલ્લાહ અહમદ લાખાની નેક દુખ્તર તસ્લીમા સાથે થયા. આ મુબારક અવસર નિમિત્તે નબીપુરના પાદરમાં મેહફિલે નઅત શરીફનો શાનદાર જશ્ન રાખવામાં આવ્યો જેમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબ (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ મુંબઈથી તશરીફ લાવી નઅતે પાકની સાથે સાથે નિકાહના હેતુ વિશે, પતિ પત્નીના હક્કો, મા બાપના હક્કો વગેરે વિશે તથા શાદીમાં ડી.જે., ડાન્સ, બેહયાઈભર્યા નગ્નતાવાળા ડ્રેસો વગેરે ગૈર શરઈ રસ્મોની ખરાબીઓ વિશે અસરકર્તા બયાન કર્યું હતું. કન્ઝુલ ઈમાનમાંથી કુર્આની આયતો તથા તર્જુમા પેશ કરીને શરીઅતના હુકમોની સમજૂતી આપી હતી. અંતમાં શાનદાર સેહરો પઢયા હતા. દુલ્હાઓ, દુલ્હનો તથા તેમનાં વાલિદૈન, કુટુંબીઓ સૌને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના મહબૂબ ﷺના સદકામાં સૌને બંને જહાનમાં આબાદ રહે એવી પાકીઝા જિંદગી અતા ફર્માવે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**સૂરત** : મુકામે જનાબ ઐયૂબ મૂસા પટેલના નેક ફરઝંદ હાફેઝ શોએબના નિકાહ જનાબ મૂસા મુહમ્મદ પટેલ આછોદવાળાની નેક દુખ્તર આરિસ્તાબાનુ સાથે તા. ૪–૫–૨૦૧૨, ૧૩–જમાદિઉલ આખર હિ.સ. ૧૪૩૩ના રોજ રૂબી કોમ્પલેક્ષ, વરીયાળી બજાર ખાતે રાખવામાં આવ્યા જેમાં પ્રથમ મેહફિલે નઅત સજાવવામાં આવી. મશહૂર નઅતખાં મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ સૈયદ અહમદ રઝા સાહબે સરકારે દો જહાં ﷺની નઅતોના ગુલદસ્તા પેશ કરી મેહફિલમાં રોનક ભરી આપી હતી. છેવટમાં નિકાહખ્વાની થઈ હતી. આ નૂરાની મહેફિલમાં દુલ્હામિયાંના મામા જનાબ હાફેઝ આદમ ઈસા કંબોલ્વી ખાસ યુ.કે. લેસ્ટરથી પધાર્યા હતા. તેમજ પ્રિટોરીયા સાઉથ આફ્રિકાથી દુલ્હાના ઉસ્તાદ મૌલાના હાફિઝ કારી ઈસ્માઈલ હઝરાવીએ ખાસ હાજરી આપી નિકાહ પઢાવ્યા હતા. ઉપરાંત હઝરત સૈયદ શૌકતઅલી બાવા જંબુસર, હઝરત મૌલાના ઉષ્માનગની–ધ્રોલ, જનાબ હાફેઝ અસ્લમ સાહબ, હાફેઝ આદમ સાહબના ભાઈઓ જનાબ સુલેમાન ઈસા, મુબારક ઈસા તથા ભરૂચથી જનાબ હાફેઝ અબ્દુર્રહીમ બરકાતી (નાઝિમે આ'લા : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ), પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક) તથા દુલ્હન પક્ષમાંથી તેમના ભાઈ જનાબ અ. સમદભાઈ તથા અન્ય ભાઈઓ, સગાંઓ, મિત્રોની હાજરી થઈ હતી. મુબારકબાદ ! રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને બંને જહાનની ખુશીઓથી નવાઝે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**વડોદરા** : નિવાસી જનાબ સલીમભાઈ મન્સૂરી (ટેકનો પ્રિન્ટવાળા)ના નેક ફરઝંદ મુહમ્મદ સાબિરના નિકાહ ભરૂચ–કસકના અબ્દુલભાઈ કાલુભાઈ મન્સૂરીની નેક દુખ્તર આસિફાબાનુ સાથે તા. ૧૨–૫–૨૦૧૨ રવિવારે ભરૂચ રેલ્વે ઈન્સ્ટીટયૂટ હોલમાં થયા. મુબારકબાદ દુલ્હા–દુલ્હન,

કુટુંબીજનોને રબ તઆલા આબાદ રાખે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ** : રોશન પાર્ક જનાબ હાજી ઉસ્માન હાજી ઈબ્રાહીમની નેક દુખ્તર સમીરાના નિકાહ ભરૂચ બાવા રયહાન સોસાયટી નિવાસી યાસ્મીન ઈકબાલ યૂસુફ વોરા સમનીવાળાના નેક ફરઝંદ એજાઝ સાથે તા. ૨૮–૪–૨૦૧૨ના રોજ રાખવામાં આવ્યા. (મુબારકબાદ !) રબ્બે કરીમ તેના હબીબે પાક ﷺના સદકામાં દુલ્હા દુલ્હન તથા કુટુંબીજનોને બંને જહાનની ખુશીઓથી માલામાલ રાખે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**ભરૂચ** : ખ્વાજા ટાઉનશીપ ખાતે હાજી યૂસુફ હાજી અહમદજી ખત્રી વાગરાવાળાના નેક ફરઝંદ મહેબૂબના નિકાહ તા ૨૯–૪–૨૦૧૨ રવિવારે બોડેલી નિવાસી ખત્રી ઈમ્તિયાઝ હાજી કરીમજી બાદશાહની નેક દુખ્તર નઝહત સાથે રાખવામાં આવ્યા. (મુબારકબાદ !) રબ તઆલા તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સૌને આબાદ રાખે અને બંને જહાનની નેઅમતોથી નવાઝે. (આમીન) *–તંત્રી*

## ★ ઈન્તેકાલે પુરમલાલ ! ★

**નાપા–વાંટા** : ખાતે મુજાહિદે અહલે સુન્નત ખલીફએ શયખુલ ઈસ્લામ હઝરત સૈયદ સાબિરબાપુ عَلَیْهِ الرَّحْمَةُ وَ الرِّضْوَانُના વાલિદે બુઝુર્ગવાર મર્હૂમો મગફૂર હઝરત સૈયદ અલ્હાજ અહમદહુસૈન હૈદરઅલી સાહબ તા. ૧૯–૪–૨૦૧૨ મુતાબિક ૨૬ જમાદિઉલ આખર હિ.સ. ૧૪૩૩ જુમેરાતે માલિકે હકીકીથી જઈ મળ્યા. આપની નમાઝે જનાઝા હઝરત શૈખુલ ઈસ્લામ સૈયદ મુહમ્મદ મદનીમિયાં અશરફી જીલાની કિછૌછવી *(જાનશીને મખ્દૂમુલ મિલ્લત હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہ)*એ પઢાવી. જેમાં હજારો સંખ્યામાં સાદાતે કિરામ, ખુલ્ફા તથા સુન્ની સમુદાય ઉમટી પડયો હતો. સાદાત કબ્રસ્તાન નાપાવાંટા ખાતે મદફૂન ફર્માવવામાં આવ્યા હતાં. તા. ૨૩–૪–૨૦૧૨નાં રોજ મદની મેદાન નાપાવાંટામાં ઝિયારતનો પ્રોગ્રામ રાખવામાં આવ્યો હતો જેમાં શહેઝાદાએ ગાઝીએ મિલ્લત સૈયદ નૂરાનીમિયાં ફાઝિલે બગદાદે તકરીર કરી હતી. આપના ત્રણ સાહબઝાદાઓ (મર્હૂમ) સાબિરબાપુ, અબ્દુલ કાદિરબાપુ તેમજ ઝાકીરહુસૈન તથા એક નવાસા, ત્રણ પોત્ર હઝરતનાં ખુલ્ફા છે.

*–(રજૂકર્તા : સેક્રેટરી દારુલ ઉલૂમ અહલે બયત–નાપાવાંટા, તા. બોરસદ)*

**દયાદરા** : મુકામે તા. ૧૬–૪–૨૦૧૨ના સોમવારના રોજ મૂસાભાઈ અહમદ મનુબરીયાનો ઈન્તેકાલ થઈ ગયો છે. તા.૨૫–૪–૨૦૧૨, ૩ જમાદિઉલ આખર હિ.સ. ૧૪૩૩ના રોજ અલીભાઈ ઈસ્માઈલ બોરડીવાલાનો ઈન્તેકાલ થઈ ગયો છે. તથા તા. ૨૮–૪–૨૦૧૨ના રોજ મરયમ બહેન અલીભાઈ બરેડીયાનો શનિવારના રોજ ઈન્તેકાલ થઈ ગયો છે. રબ તઆલા તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમોની મગફેરત ફર્માવી જન્નતુલ મકામ કરે. (આમીન) *–તંત્રી*

**ટંકારીઆ** : મુકામે હજીયાણી બીબીબેન મૂસાભાઈ બશેરીનો ઈન્તેકાલ તા. ૧૩–૫–૧૨નો રોજ થયો છે. રબ તઆલા તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવી જન્નતુલ મકામ કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**નબીપુર** : મુકામે બીબીબેન ઉમરજી કડુજીનો ઈન્તેકાલ તા. ૨–૫–૨૦૧૨ના રોજ બુધવારે થઈ ગયો છે. રબ તઆલા તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમાની મગફેરત ફર્માવી જન્નતુલ મકામ કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**જંબુસર** : સુન્ની કાર્યકર્તા તથા દીનો સુન્નિયતના કામોમાં અગ્રગણ્ય હિસ્સો લેનાર જનાબ દાઊદભાઈ અશરફીનો તા. ૨૧–૨–૨૦૧૨નો રોજ ઈન્તેકાલ થયો છે. રબ તઆલા તેના હબીબ ﷺના સદકામાં મર્હૂમની મગફેરત ફર્માવી આ'લા જન્નતુલ મકામ કરે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ ભાવનગરમાં ખાતે શાદીમાં અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા ★

**ભાવનગર** : મુકામે મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી જનાબ અબ્દુર્રઝ્ઝાક આદમ પાંચાની નેક દુખ્તર નૌશિનબાનુના નિકાહ મુહમ્મદફારૂક (S/o. અબ્દુર્રઝ્ઝાક઼ભાઈ અહમદ પાંચા) સાથે તથા નેક ફરઝંદ મુહમ્મદ ઉવૈસના નિકાહ નેક દુખ્તર રેશ્માબાનુ (D/o. મર્હૂમ રાજેભાઈ જીવાભાઈ કુરૈશી) સાથે તથા મન્સૂરભાઈ સૈયદના નેક ફરઝંદ મુહમ્મદઝાહિદના નિકાહ નેક દુખ્તર આસિયા સાથે (ત્રણેવ દુલ્હા બાશરઅ તથા મુબલ્લિગ છે. અલ્હમ્દુલિલ્લાહ !) તા. ૧૫–૫–૨૦૧૨ (૨૩ જમાદિઉલ આખર, હિ.સ. ૧૪૩૩)ના રોજ અતાએ મુફતીએ આ'ઝમ હઝરત મૌલાના હાફિઝો કારી મુહમ્મદ શાકિર અલી નૂરી રઝવી (અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)ના મુબારક હસ્તે પઢાવવામાં આવ્યા જે નિમિત્તે સૌ પ્રથમ મગરિબ બાદ બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિઝવાન સાહબે નઅતોના ગુલદસ્તા પેશ કરી માહોલને ઈમાની રૂહાની નૂરથી ખીલવી આપ્યો હતો. ત્યારબાદ ''શાદીમાં જશ્ને સિદ્દીકે અકબર رضی اللہ عنہ'' મનાવાતો હોવાથી મુકર્રિરે ઝીશાન આલે રસૂલ હઝરત મૌલાના અમીનઅલી માલેગાંવી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ સિદ્દીકે અકબર رضی اللہ عنہની શાન પોતાની આગવી છટામાં વર્ણવી ''શીઆ''ના બદ્અકીદાની જોરદાર અંદાઝમાં મુદલ્લલ રદ કરી ઈમાન તાજાં કરી આપ્યાં. છેવટમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી સાહબે શાને સિદ્દીકે અકબર પેશ કરીને અવામને યૌમે સિદ્દીકે અકબર رضی اللہ عنہમનાવવા તાકીદ કરી કે દર મહિનાની ૨૨મીએ મનાવો ! રસૂલે પાક ﷺના સૌથી ચહીતા સહાબી જેમના મર્તબા સુધી કોઈની પહોંચ નથી તેમના દિવસને ભૂલાવી ન દો ! પોતાના પીર તથા અન્ય બુઝુર્ગોનો દિવસ જરૂર મનાવો પણ યારે ગાર હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہને ન ભૂલાવો ! તેમના સદકામાં દુઆઓ કરો જરૂર મુસીબતો દૂર થશે અને કામો બનશે. તથા સિદ્દીકે અકબર رضی اللہ عنہની સુન્નત પર અમલ કરો કે સમાજના તથા પબ્લિકના માલદાર તથા પ્રભાવશાળી તબકામાં દીનની તબ્લીગ કરો, તેમને રાહે રાસ્ત પર લાવવા પ્રયત્ન કરો તો અન્ય લોકો પણ આપોઆપ ખેંચાય આવશે. અને માલદાર તબકાને પણ દીન માટે ભાગદોડ કરવા તાકીદ કરી કે કેવળ ચંદો આપી છૂટી ન જાવ પણ તમો પણ તબ્લીગે દીનો સુન્નિયત માટે પસીનો પાડો તો દીનો સુન્નિયતને પુષ્કળ ફાયદો થશે. અંતમાં કારી રિઝવાન સાહબે મન્કબતે ગૌષો ખ્વાજા પઢયા પછી શાનદાર સેહરો પઢીને ખુશનૂમા માહોલ ખડો કરી આપ્યો હતો. પછી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ દરેકના નિકાહ પઢાવ્યા, છેવટમાં સલાતો સલામ બાદ દુઆ થઈ પછી સર્વ હાજરજનોના હજારોના મજમાને એ જ સ્થળ પર જમાડવામાં આવ્યો. દુલ્હાઓ દુલ્હનો તથા તેમનાં વાલિદૈન, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! અલ્લાહ તબારક વ તઆલા હઝરતે અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہના સદકામાં સૌને તથા આવનારી કયામત સુધીની ઔલાદને બંને જહાનમાં આબાદ રાખે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## ★ દયાદરામાં યાદે સિદ્દીકે અકબર رضی اللہ عنہના ઈજતેમા ★

**દયાદરા** : મુખ્તારુલ મસાજિદ ઉર્ફ નૂરાની મસ્જિદમાં દર રવિવારે અસરની નમાઝ બાદ ''સુન્ની દા'વતે ઈસ્લામી''નો તર્બિયતી ઈજતેમા થાય છે જેમાં ૨૨–જમાદિઉલ આખર આપનો વિસાલ મુબારક થયો હતો એ નિમિત્તે અંબિયા બાદ ઉમ્મતીઓમાં સૌથી અફઝલ, ખલીફાએ અવ્વલ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની યાદમાં ચાર રવિવાર સુધી ''શાને સિદ્દીકે અકબર رضی اللہ عنہ'' વિશે હઝરત મૌલાના મુહમ્મદઝહીર મિસ્બાહી (મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામી)એ ખૂબ જ ઈમાન અફરોઝ ઈલ્મી રૂહાની બયાન કર્યું હતું. ૨૨–જ. આખરના રોજ અસર બાદ યાસીન શરીફનો ખતમ રાખી બારગાહે સિદ્દીકમાં ખિરાજે અકીદત પેશ કરવામાં આવેલ. *–(નૂરી જલસા કમિટી વ સુન્ની દા'વતે ઈસ્લામી–દયાદરા)*

સંસ્થા પરીચય

# અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા

પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો ! **''અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા''**એ ઈ.સ. ૧૯૮૮ માં **સૌ પ્રથમ કિતાબ** શયખુલ ઈસ્લામ હઝરત અલ્લામા **સૈયદ મુહમ્મદ મદનીમિયાં અશરફી જીલાની** સાહબનું દયાદરા ખાતે થયેલ બયાન બનામે **''બેદીનસે ઈલ્મે દીન સીખના કૈસા ?''** પ્રસિદ્ધ કરીને પ્રકાશન ક્ષેત્રે ક઼દમ મૂકતયો, ત્યારથી લઈને આજ સુધીમાં નાની મોટી ૨૫–૫૦ પેજીસથી ૫૫૦ ઉપરાંત પેજીસની મહાન મહાન ઉલમાની કિતાબો તથા લખાણોને પ્રસિધ્ધ કરીને દીને ઈસ્લામની સુન્નિયતની અજોડ ખિદમત કરી છે જે કોઈ અતિશયોકિતતની વાત નથી. અલ્હમ્દુલિલ્લાહ ! અત્યાર સુધીમાં લગભગ **૧૯૨ પ્રકાશનો** બહાર પડી ચૂકયાં છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہથી લઈને મુફતી અહમદયારખાં નઈમી, મુફતીએ આઝમ, મુહદ્દિષે આઝમ, સદરુલ અફાઝિલ, મુફતી જલાલુદ્દીન અમજદી, અર્શદુલ ક઼ાદરી સાહબ رحمۃ اللہ علیہم اجمعین વગેરે ટોચના ઉલમાની કિતાબો તેમજ હુઝૂર તાજુશ્શરીઅહ લિખિત તથા અલ્લામા યાસીન અખ્તર મિસ્બાહીની કિતાબો પ્રકાશિત થઈ ચૂકી છે. મૌલાના યૂનુસ મિસ્બાહીનો તોહફાએ નજાતનો સેટ ૧૫ ભાગમાં તથા મુફતી નિઝામુદ્દીન સાહબ મુબારકપુરીની કિતાબો તેમજ શારેહે બુખારી મુફતી શરીફુલ હક્ક઼ رحمۃ اللہ علیہની કિતાબ સહીહ બુખારી શરીફની શરહ જે નવ ભાગમાં ''નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી'' નામથી મશહૂર છે તેના ત્રણ ભાગો પ્રસિદ્ધ થઈ ચૂકતયા અને ચોથા–પાંચમાનુ કામ ચાલી રહ્યું છે. આપ સખીદાતાઓની દુઆઓનો તથા આર્થિક સહાયનો તથા કમસે કમ શાબ્દિક પ્રોત્સાહનનો પણ સાથ રહેશે, તો ઈન્શાઅલ્લાહ ! નવે નવ ભાગો જલ્દી પૂર્ણપણે ગુજરાતીમાં બહાર પડી વિશ્વના ખૂણે ખૂણે ગુજરાતી દીની શોખ ધરાવનારના ઘરે પહોંચી સુન્નિયતને મજબૂત કરવા ઈલ્મની રોશની હજી વધુ ફેલાવશે.

બસ ! વધુ શબ્દોની માયાજાળમાં પડયા વિના દિલની ગહરાઈથી કેવળ અને કેવળ સુન્નિયતની મહોબ્બતને ખાતર અરજ તથા આજીજી કરું છું કે તમો પણ ફકતત અને ફકતત કોઈની શરમમાં નહીં ! કે દેખાડવા નહીં, પણ ખુદા વ રસૂલને રાજી કરવાની નિય્યતે દર વર્ષે લાખોના ખર્ચમાં છપાતી આ દીની સ્ટાન્ડર્ડ કિતાબોના પ્રકાશન કાર્યમાં જરૂરથી શકિતત અનુસાર સહકાર કરશો, એનો બદલો મૌલા તઆલા જ તમને અનેક ગણો બંને જહાનમાં આપશે. તમારી **લિલ્લાહ, ઝકાત, ઉશ્ર, સદક઼ા ફિત્રા, કુર્બાનીની ખાલ** વગેરે જે રીતની પણ મદદ કરવા ચાહો તે આ સરનામે કરશો : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા, C/o.** ફય્ઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

(**નોંધ** : બેંકમાં ડાયરેકતટ રકમ જમા કરાવવા **BOB 34620100000107** પટેલ શબ્બીર અલી અથવા **SBI 10328886242**માં રકમ જમા કર્યા પછી મોબાઈલ **94274 64411** પર સંપર્ક કરવા વિનંતિ.)

**વેરાવળમાં સુન્ની ઈજતેમા**

**વેરાવળ** : તા. ૩૦–૪–૨૦૧૨ સોમવારે ઈશાબાદ ગરીબ નવાઝ કમિટી, KGN ગ્રૂપ, દાદાપીર કમિટી, મસ્તાના ગ્રૃપના સૌજન્યથી વાદીએ રઝા, બહાર કોટ ખાતે **''જશ્ને ગ઼ૌષે આ'ઝમ''** رحمۃ اللہ علیہ નિમિત્તે સુન્ની દા'વતે ઈસ્લામીનો અઝીમુશ્શાન સુન્ની ઈજતેમા હઝરત અલ્લામા અ. કૈયૂમ સાહબ મિસ્બાહીની સરપરસ્તીમાં યોજાયો જેમાં અતાએ મુફતીએ આ'ઝમ હઝરત મૌલાના મુહમ્મદ શાકિર નૂરી રઝવી અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ હુઝૂર ગ઼ૌષે આ'ઝમ رحمۃ اللہ علیہની શાને પાકમાં બયાન કરવાની સાથોસાથ સમાજની ખરાબીઓના નિવારણ સંબંધે અસરકારક બયાન કર્યું હતું. (રિપોર્ટ ટૂંકાવીની લીધો)

*–રજૂકર્તા : અબ્દુસ્સત્તાર રઝવી (વેરાવળ)*

એક નઝર ઈધર ભી !

## ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા

*C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧*

**પ્યારા સુન્ની ભાઈઓ ! બહેનો !** આપણી આ સંસ્થા થકી ગરીબ આબાદીઓમાં એક સમયે ૨૪૦ મસ્જિદ–મદ્રસાનું સંચાલન થતુ હતું, હાલ અનિવાર્ય સંજોગોને લઈને ફકતત ૧૧૦ મસ્જિદ–મદ્રસા મહા મુસીબતે સંચાલન હેઠળ છે. ભરૂચમાં એક રાહતદરે દવાખાનુ ચાલે છે તેમજ ગરીબોને બીમારીમાં, શાદીમાં તથા અન્ય જરૂરતના પ્રસંગે વરસોથી અનુકૂળતા પ્રમાણે સહાય કરવામાં તથા કુદરતી આપત્તિ જેમ કે ધરતીકંપ, રેલ વગેરેના પ્રસંગે પણ અનુકૂળતા મુજબ સહાય કરવામાં આવે છે. ઉપરાંત અન્ય દીનો સુન્નિયતની તબ્લીગનાં કામો થાય છે. તો આપ હઝરાતને નમ્ર વિનંતિ કે મુસલમાનોની મદદ કરીને કેવળ અલ્લાહ વ રસૂલને રાજી કરવાની નિય્યતે નીચેના સરનામે આપની **લિલ્લાહ, ઝકાત, સદક઼ા, ફિત્રા, ન્યાઝ** વગેરેની રકમો મોકલી સહકાર કરશો.

સરનામુ : **ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા**, તા. જિ. ભરૂચ, ગુજરાત (ઈન્ડિયા),

U.K માં સંપર્ક કરશો :–

**૧. શફીકભાઈ અસુરીયાવાળા (બોલ્ટન)** (M.) 7711533601

**૨. મૌલાના મુફ્તી મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી (લેસ્ટર)** (M.) 7891942818

(સંપર્ક માટે અન્ય સ્થળોનાં નામોની યાદી આગળ જતાં જાહેર થશે.)

*લિ. **(નાચીઝ) પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** (પ્રમુખ : ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા)*

## CD/DVD મંગાવો ! ડો. તાહિરુલ ક઼ાદરી હક઼ીક઼ત કે આઈનેમેં

**કિંમત : રૂા. ૨૦/–**
*(ટપાલ ખર્ચ અલગ)*

પ્રસ્તુત CDમાં પ્રો. તાહિરુલ ક઼ાદરી વિશેની અસલ હક઼ીક઼ત તેમનાં જ બયાનો તથા કિતાબો થકી રજૂ કરવામાં આવેલ છે જેના અભ્યાસ પછી તેમનાં જોશીલાં બયાનો તથા વાકચાતુર્ય તથા છટાથી અંજાય જનારા નાદાન ભાઈઓ તેમની અસલ હક઼ીક઼ત જાણી જશે તો એક મહાન ગુમરાહી તરફ જવાથી બચી જશે. સખીદાતાઓ આજે જ એને મંગાવી ફ્રીમાં વહેંચે જેથી સુન્ની અવામ ગલત રાહે, સુલેહકુલ્લિયતના માર્ગે તથા બેદીનીના માર્ગે જવાથી બચે. સંપર્ક કરો :–

- ✪ હાફેઝ મહેબૂબ ઝંઘારવી, જલારામ નગર, કરજણ (આર.એસ.) જિ. વડોદરા, મો. ૯૪૨૭૩૫૬૦૯૧
- ✪ મકતતબએ રઝા, શોપ નં. ૨, સ્મિતા એપાર્ટમેન્ટ, ખ્વાજા દાના દરગાહ પાસે, ગોપીપુરા, મેઈન રોડ, સૂરત, ફોન : ૦૨૬૧–૬૫૯૨૦૩૫, મો. ૯૩૭૬૬૭૦૩૧૦
- ✪ બરકાતે ખ્વાજા (માસિક) મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

### ★ જંબુસરમાં હુઝૂર મુહદ્દિષે કબીરનું આગમન ★

**જંબુસર** : તા. ૬–૫–૨૦૧૨ રવિવારે ઈશાની નમાઝ બાદ મુહદ્દિષે કબીર હઝરત અલ્લામા ઝિયાઉલ મુસ્તફા ક઼ાદરી مدظلہ العالی તશરીફ લાવ્યા હતા અને વહાબી ગૈર મુક઼લ્લિદ કહેવાતા અહલે હદીષની રદમાં લાજવાબ અને મુદલ્લલ બયાન કરીને આ બાતિલ ફિર્ક઼ા એટલે કહેવાતા અહલે હદીષની ભરપુર રદ કરી ઈમાનમાં તાજગી બખ્શી હતી. દૂર દૂરથી મોટા પ્રમાણમાં સુન્ની અવામ તથા સાદાતે કિરામ, ઉલમા હઝરાતે હાજરી આપી હતી.